પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ફેબ્રુઆરી ૨૦૦૩
અંક : ૨

કુમાર

વર્ષ : ૭૬
સળંગ અંક ૯૦૨

સંસ્થાપક : રવિશંકર રાવળ
તંત્રી : ધીરુ પરીખ



કેનેડાની પ્રજાનાં કુળપ્રતીકો તરીકે જાણીતાં કેનેડાના ટોટમ પોલ્સ
(સૌજન્ય : 'ગુર્જરી ડાયજેસ્ટ')



રાસમંડલ, બસોલી શૈલી, ૧૮મી સદીનો મધ્યભાગ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૯મું   અંક ૨

સ્થાપના : ૧૯૨૪

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

ફેબ્રુઆરી ○ ૭૯મું વર્ષ ○ ૨૦૦૩

'કુમાર' સળંગ અંક ૯૦૨

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

——'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ——

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૨,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક-ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનો ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

——આપના——

રઘુવીર ચૌધરી	કુમારપાળ દેસાઈ	રાધેશ્યામ શર્મા	નરોત્તમ વાળંદ (ભરૂચ)
જે. એસ. સેવક	લાભશંકર ઠાકર	જોરાવરસિંહ જાદવ	મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
જયન્ત પંડ્યા	ચિનુ મોદી	હસમુખ બારાડી	ખોડીદાસ પરમાર (ભાવનગર)
ભોળાભાઈ પટેલ	ચંદ્રકાન્ત શેઠ	ક્ષેમુ દિવેટિયા	બલવન્ત કે. પારેખ (મુંબઈ)
પ્રકાશ ન. શાહ	મનહર મોદી	રાસબિહારી દેસાઈ	સુરેશ દલાલ (મુંબઈ)
બકુલ ત્રિપાઠી	મધુસૂદન પારેખ	અશોક હર્ષ	રમણલાલ ચી. શાહ (મુંબઈ)
રાજેન્દ્ર શાહ	મધુસૂદન ઢાંકી	હસુ યાજ્ઞિક	યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
નિરંજન ભગત	કનુભાઈ જાની	મહેશ દવે (ઈમેજ પબ્લિકેશન)	મનોજ ખંડેરિયા (જૂનાગઢ)
વિનોદ ભટ્ટ	ચિમનલાલ ત્રિવેદી	મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)	દુષ્યન્ત પંડ્યા (જામનગર)
ધીરુભાઈ ઠાકર	ચંદ્રકાન્ત ટોપીવાળા	ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)	પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
અનિલા દલાલ	નૌતમભાઈ વખારિયા	મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)	બલવન્ત જાની (પાટણ)
વસુબહેન	કૃષ્ણકાન્ત વખારિયા	હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)	રમેશ પારેખ (રાજકોટ)
ગીતા પરીખ	જગન મહેતા	દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)	ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
હરિકૃષ્ણ પાઠક	પ્રાણલાલ પટેલ	ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)	જ્યોતિ ભટ્ટ (વડોદરા)
કુલીનચંદ્ર યાજ્ઞિક	બંસીલાલ વર્મા 'ચકોર'	ઉશનસ્ (વલસાડ)	કાન્તિ કાપડિયા (વડોદરા)
જિતેન્દ્ર દેસાઈ	ગજેન્દ્ર શાહ	જયન્ત પાઠક (સુરત)	ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
રજનીકુમાર પંડ્યા	નટુ પરીખ	ભગવતીકુમાર શર્મા (સુરત)	ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
પી.સી.વૈદ્ય	અનિલ રેલિયા	રમેશ બી. શાહ (સુરત)	

વાચકો લખે છે

જે પૂરા પરિવારની સુરુચિનું, આ સર્વલક્ષી સદા,
એવું રમ્ય 'કુમાર' સામયિક આ, પોણી સદીથી મહા,
ભાવે આ ગુજરાતનાં ધન સમું, પ્રાગટ્ય જે ધન્ય આ,
સર્વેની રસ-દૃષ્ટિને સમજતાં, સંતોષવા કાજ હ્યાં.
સ્થાપ્યું 'શ્રી ર.મ.રા.-કલાગુરુજી'એ, જે આદ્યતંત્રી મહા,
સંવર્ધ્યું 'બચુભાઈ રાવત' સમા, તંત્રીશ્રીએ ભવ્ય આ.
ચિત્રો, કાવ્ય, લઘુકથા, નવલિકા, લેખો કલાક્ષેત્રના,
સાહિત્યિક સ્વરૂપના રસભર્યા, આ થાળ સૌને ધર્યા.
પામીને સહકાર સૌ વિવિધ આ, 'ભાવી' કલાકારથી,
અર્પ્યું આ ગુજરાતને સુભગ, સાહિત્ય પોણી સદી.
અર્પી આ 'કુસુમાયુધે' હૃદયથી, કાવ્યાંજલિ ભાવથી,
પોણો સો વયનું 'કુમાર' વિલસે, નિત્યે સદીઓ સુધી.
સંગે ભાવુક ગુર્જરી તનયને, એવી વિનંતી કરી,
અર્પો 'અમૃતપર્વ'માં નિધિ મહા, આ દાન ને ભેટથી.

-જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' (જૂનાગઢ)

•

જાન્યુઆરી ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં શ્રી વાય.એમ.ચીતલવાલા-લિખિત લેખ 'સર ટૉમસ રો' નોંધપાત્ર છે. લેખના બીજા ફકરાની શરૂઆતમાં કહેવામાં આવ્યું છે કે સર ટૉમસ રો મુઘલ ભારતમાં ઈંગ્લન્ડથી આવનાર પ્રથમ વ્યક્તિ ન હતા તે બરાબર છે. હકીકતમાં ઈંગ્લન્ડથી સૌપ્રથમ મુઘલ ભારતમાં આવનાર વ્યક્તિ શ્રી હૉકિન્સ હતા. શ્રી હૉકિન્સ એટલા બધા જાણીતા ન થયા કેમ કે તેઓ થોડા સમય માટે જ ભારતમાં આવીને પાછા ઈંગ્લન્ડ ચાલ્યા ગયા, પરંતુ સર ટૉમસ રો ભારતમાં લગભગ ચાર વર્ષ રહ્યા અને ઘણા ક્રિયાશીલ રહ્યા. સાચા અર્થમાં જોવા જઈએ તો ભારતમાં અંગ્રેજોનો પગપેસારો કરવા માટે તેઓ સર્વપ્રથમ હતા. 'કુમાર'માં જે અમુક પચરંગી માહિતીઓ આપવામાં આવે છે. દા.ત. જાણવા જેવું, એકાદ જોક, વૈદકીય ઉપચારની માહિતી તે કાબીલેદાદ છે. આ વિભાગમાં ખૂબ જ સુંદર વિગતો આપવામાં આવે છે. હલકું અને છીછરું વાંચનારાઓને કદાચ 'કુમાર' પસંદ ન પડે પણ જે ત્રણ-ચાર અંકો વાંચે તો પછી એને 'કુમાર' વાંચવાનો નશો થઈ જાય છે! *- ફિરોઝ ડી. ગૉડ (અમદાવાદ)*

•

'કુમાર'નું વાચન અમારા કુટુંબમાં ત્રણ પેઢીથી ચાલ્યું આવે છે. 'કુમાર' માસિક પરથી અમારા કુટુંબના એક સભ્યનું નામાંકન પણ કરાયું છે, જેણે આજે તબીબીક્ષેત્રમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. 'કુમાર' બંધ થયાનું ઘણું જ દુઃખ થયેલું. ફરી ચાલું થયું એ આનંદ અને ગુજરાત માટે ગર્વની વાત છે. છેલ્લા ત્રણ અંકો (૮૯૮, ૮૯૯, ૯૦૦) વાંચ્યા, મને લાગે છે કે તંત્રીએ મૅગેઝીનની મૂળ છબી સાચવવામાં ઘણી જ જહેમત ઉઠાવી છે. બલકે છબી વધુ સુધરેલી લાગી. નવા સાહિત્યના લેખો જોઈ આનંદ થયો. હું તથા મારા કુટુંબીજનો 'કુમાર'ને અભિનંદન અને દીર્ઘાયુ પાઠવીએ છીએ.

- જિતેન્દ્ર એમ. નાયક (સૂરત)

•

ઑક્ટોબર ૨૦૦૨ના 'કુમાર'ના ફિલ્માકાશના હપ્તામાં લખાણને અંતે વાચકોને જે જણાવ્યું છે કે 'એન. આર. આચાર્યે ફિલ્મ 'કંગન'નું દિગ્દર્શન કરેલું તેમ અગાઉ લખેલું તે બરાબર ન હતું અને 'કંગન'નું દિગ્દર્શન ઑસ્ટીને કર્યું હતું.' તો અહીં ધ્યાન ખેંચું કે 'કંગન' શરૂ સને ૧૯૩૯માં થઈ. વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં અંગ્રેજ સરકારે જર્મન દેશના હોવાથી ઑસ્ટીનની ધરપકડ કરતાં 'કંગન'નું દિગ્દર્શન શ્રી એન. આર. આચાર્યે કરી ફિલ્મ ખોરંભે પડતાં ઉગારી લીધી. 'કંગન' બાબત આટલી વિગત તમારા ધ્યાન પર મૂકી છે. તમે સાચે જ કેવું યોગ્ય વિધાન કર્યું કે 'અછૂત-કન્યા' ફિલ્મમાં બિનતાલીમી અવાજમાં પણ અશોકકુમારે ગાયેલ 'મેં બનકી ચીડિયા' ગીત ખૂબ ઊંચકાયું હતું! પણ એ જમાનાના ઈશ્વરલાલ, કાંતિલાલ, અરુણ, કરણ દીવાન, શ્યામા ઈત્યાદિ બિનતાલીમી અવાજોએ જ ગીતો ગાયાં હતાં જે હજુ ચગળવાં, મમળાવવાં ગમે છે. *- અમૂલખ હસ્નાણી (અમરેલી)*

•

'કુમાર'ના ઑક્ટોબર ૨૦૦૨ના અંકમાં દિનકર ભોજકના લેખ 'ભવાઈના બે વેશોની ફેરવિચારણા'માં જૂઠણના વેશોનું આવણું આ રીતે છે : એઈ... સાંઈયુકા પંથ દોહ્યલા બાબા / મેરે સાંઈકા પંથ દોહ્યલા બાબા. / અલ્લા અલ્લા વલ્લા વલ્લા.' ભાવનગર જિલ્લાના ગામોમાં જૂઠણનું આવણું આ રીતનું છે : 'સાંયા રે પત હેલા બાવા / હે લકડીકા હેલા બાવા.' મૂળ આ રીતનું આવણું હશેઃ 'સત્યકા પંથ નહીં સહેલા બાવા / અલ્લા અલ્લા વલ્લા વલ્લા.'

ચાલીશ વર્ષ પહેલાં ભાવનગરમાં ઝંડા-ઝૂલણના વેશમાં ઝંડા દ્વારા સાંઈ દિનદર-વેશનાં કવિત ગવાતાં. એમાંથી એક અહીં ઉતારું છું જે આજના સમયમાં ઉચિત બની રહેશે.

'હિંદુ કહે સો હમ બડે, મુસલમીન કહે સો હમ,
એક મુંગકી દો ફાડ હૈ કુણ જ્યાદા કુણ કમ.
કુણ જ્યાદા કુણ કમ કભી કરના નહીં કજિયા,
એક ભજત હૈ રામ એક રહિમન સે રજિયા.
કહત દિન દરવેશ દોઈ સરિતામિલ સિંધુ,
સબકા સાહિબ એક એક હૈ મુસ્લિમ-હિંદુ.

- મુનિકુમાર પંડ્યા (જૂનાગઢ)

•

'કુમાર'માં આપે શરૂ કરેલી વિશ્વના મહાન ચિત્રકારોની શ્રેણી અમે બધા મિત્રો અભ્યાસપૂર્વક વાંચીએ છીએ. પોલગોગાંનું એક ચિત્ર આપણે કોણ છીએ અને ક્યાં જઈએ છીએ તે વિશેનું આપનું કલામીમાંસા સાથેનું ખૂબ ગમેલું. તેમાં જાણે કે અધ્યાત્મ-શાસ્ત્રના અંતિમ પ્રશ્નોના પડઘા સાંભળવા મળેલા.

પ્રતાપસિંહ અને મારે વાતો થઈ ત્યારે અમોને લાગ્યું કે ગુજરાતના કલા-જગતમાં રવિભાઈ, રસિકભાઈ અને સોમાભાઈએ પ્રસ્થાપિત કરેલ કલાનાં ઉચ્ચ મૂલ્યોને આપ વધુ ને વધુ દૃઢીભૂત કરવા પ્રયત્નો કરી રહ્યા છો. ઈરવિંગ સ્ટોને પિસારોના જીવન વિશે નવલકથા **'Depths of Glory'** લખી છે. તેમાં સ્ટોને પિસારો વિશે કહ્યું છે એ યાદ આવ્યું : **'Not only does Pissaro paint but he knows why he paints and what he paints, he reasons like a philosopher.'** આ શબ્દોમાં કલાસર્જન કઈ રીતે અને શા માટે તેનું આપના લેખન અને સર્જન-કાર્યમાં પ્રતિબિંબ જોવા મળે છે.

- ભૂપતભાઈ લાડવા (રાજકોટ)

જાદુગર ફકીર પાસે 'જિજ્ઞાસુ'?!

રાધેશ્યામ શર્મા

લોકો જિન્દગીને જંજાળ કહે છે, કેમ કે હકીકતમાં સૌ જનને જાળમાં ફસાવતી માયાજાળ લાગતી હશે. દરેક વ્યક્તિ આ મસમોટી જાળમાં સપડાઈ ગયેલું માછલું કે પંખી લાગે છે.

આ જાળ કે ઇન્દ્રજાળમાંથી બહાર નીકળવાની ઘટના અશક્ય કેમ લાગી છે? કોઈ એની પકડમાંથી છૂટી ના શકે? છટકી ના શકે? આપણું મનોવલણ જ જવાબદાર છે. જિન્દગીને જાળ કે જંજાળ માની લીધી, જાહેર કરી દીધી એટલે માન્યું કે વાત પતી ગઈ. આપણી જાતે કશું કરવાનું રહેતું નથી.

અહર્નિશ એક સવાલ પુછાય છે કે આપણે કરીએ પણ શું? કોઈ ઉપાય રહ્યો નથી. આપણી લાચારીને આવકારી ભાગ્યાધીન થઈ જવામાં 'એસ્કેપ' શોધીએ છીએ, પલાયન કરી જઈએ છીએ.

જાળ માનીને, જીવન જીવવાથી આપણા ચિત્તની ગહનતામાં બન્ધનનો દુ:ખકારક ખયાલ જ જડ ઘાલી બેસે છે. આપણે જાળમાં જકડાયેલાં છીએ - જનમ ધર્યો ત્યારનાં અને છૂટી ના શકીએ એટલે જીવાતા જીવનનો એકએક શ્વાસ અસ્તિત્વ ઉપર બોજો બનતો જાય છે. સંયોગોનો, ગ્રહોનો કે પરિસ્થિતિનો દોષ ગમે તેટલો હોય તો યે અગતિક જડ બનનાર આપણે જાતે જ હતા એ હકીકત વીસરાઈ જાય છે.

ક્રોધ કરનારું, રાતુંપીળું થઈ જનારું, હાથપગ પછાડનારું, પદાર્થોની તોડફોડ કરનારું કોણ હતું? કોણ છે?

પ્રેમમાં પડનારું, પ્રેમ નિષ્ફળ જવાથી હતાશ થનારું, નશાસેવનમાં આશ્વાસન શોધનારું, 'દ્રાક્ષને ખાટી' કહેનારું અદેખું પાત્ર કોણ છે?

પૈસાની પાછળ પડી જનારું, લૉટરી ન લાગતાં પૈસો પોતાને મૂકી આગળ દોડી ગયો માટે સાધુ થઈ નાસી નીકળનારું કોણ હોઈ શકે?

એક જિજ્ઞાસુ સભાન વ્યક્તિ એક જાદુગર ફકીરની પાસે પહોંચી ગયો. ફકીરની ચમત્કારિક શક્તિઓ વિશે તેણે ઘણું સાંભળ્યું હતું એટલે નિર્ણય કરીને જ ગયો હતો. મારી સંપૂર્ણ સમસ્યાનું સમાધાન મેળવીને જ જંપીશ.

ફકીર : તારો પ્રશ્ન શું છે?

જિજ્ઞાસુ : હું સજ્જન છું, પણ મારાથી એવી એવી ભૂલો થઈ જાય છે કે મને પસ્તાવાનો પાર નથી રહેતો. રસ્તે ચાલતો જતો હોઉં ને ખાડામાં પડી જાઉં એમાં મારો વાંક કે ખાડાનો વાંક? અંધારું હોય, માર્ગ અજાણ્યો હોય ને અણધાર્યો ખાડો આવે ત્યારે પડવા સિવાય કોઈ ઉપાય ખરો? આમાંય પાછા એવા સંજોગો પણ આવે જેમાં અજ્ઞાત પથ પર અંધકારમાં કોઈક મને ધક્કો મારી ગબડાવી દે તો શું થાય?

ફકીર : ઠીક છે, પણ તારી ઇચ્છા શી છે?

જિજ્ઞાસુ : મને ફરી એક તક આપવામાં આવે તો એ જ રસ્તા પર ફરી ચાલીને હું આવા ખાડાઓમાં ગબડી નહિ પડું.

ફકીર : ખરેખર આમ જ હોય તો મારા જાદુના પ્રતાપે તારી ઉંમર બાર વરસ નાની કરી દઉં છું. હવે તારા જીવનનો અહેવાલ આપવા તું બાર વરસ પછી આવજે. એક જ શરત કે તું તારી જાતને વફાદાર રહેજે ને ઇમાનદારીપૂર્વક મને શુદ્ધ વૃત્તાંત વર્ણવી જજે.

પાંપણના પલકારામાં, દિવાસ્વપ્ન જેવાં જિન્દગીનાં બાર વર્ષ પૂરાં થઈ ગયાં. પેલો માણસ પાછો આવી પહોંચ્યો. એનો ચહેરો જોતાં જ ફકીર સમજી ગયો કે 'રોતો જાય તે મુઆની ખબર લઈને આવે' – એવો સોગિયો થઈને તે પાછો ફર્યો છે.

ફકીર : 'કેમ, હજુયે તું એવો ને એવો - ધોયેલા મૂળા જેવો, હીરો ઘોઘે જઈ આવ્યો હોય તેમ રોતો આવે છે'

જિજ્ઞાસુ : 'હજૂર, આ બાર વરસના તપે કરીને મને જ્ઞાન થઈ ગયું કે રસ્તાનો વાંક નહોતો, વાંક મારી જાતનો જ છે. જે ભૂલો, જે દોષો પહેલાં કરતો હતો એવી જ ભૂલચૂકો મેં ફરી કરી છે.'

ફકીર : 'બચ્ચા, આની મને ખબર હતી જ. સંયોગ કે સ્થિતિની ભૂલ કરતાં જીવન જીવવાની તક આપી છતાંયે તેં તે જ કર્યું જે પહેલાં પણ કરતો આવ્યો હતો! ચીલાને ચાતરીને નવી કેડી ના પાડનાર પણ તું જ છે.'

ઉપર્યુક્ત 'જિજ્ઞાસુ' અન્ય કોઈ નહીં પણ પી.ડી. ઑસ્પેન્સ્કીના પુસ્તક 'ધ સ્ટેન્જ લાઈફ ઑવ્ ઈવાન ઓસોકિન'નો ઓસોકિન સ્વયં છે. ❑

સ્વપ્નોત્સવ / *જયન્ત પાઠક*

(શિખરિણી • સૉનેટ)

અહો, શા વાસંતી અનિલ ફરી વાયા, અડી રહ્યા
બધે અંગે અંગે, ફરી તીરછી કોઈ નજરનાં
વીંધાયો છું બાણે, અણુ અણુ ગયું ઝેર પ્રસરી,
લટો લ્હેરાતીની ઉપર રમતું હૈયું લટકી,
બધી ઈન્દ્રિયોની ગતિ રતિ વિશે આવી અટકી;
મુખોચ્છ્વાસે પેલો સુખમય ફરી ગંધ પ્રગટ્યો,
રસોન્માદે કાયા વિકલ રહી પાછી રણઝણી!

કશી આ સ્વપ્નોની ગતિ, અજબની જાદુગરી કે
વીતેલાં વર્ષોનાં જીરણ સહસા વસ્ત્ર ઊતરી
ગયાં, તાજુંમાજું બધું, લકડી કેવી ગઈ ફરી,
યુવાનીની પાછી દ્રુત રગરગે રક્તની ગતિ!

રણદ્વીપે જાણે ખજૂરીની તળે હોઉં ન ઢળ્યો!
રહું જોઈ ઝૂક્યો મુખશશી, છલ્યાં આસવ દગો
ખુશીની ખૈયામી મહફિલ, દિલેરી દબદબો!

કેવી રમત રમાવી? / *ઊજમશી પરમાર*

(ગાન)

સોઈ-ઝાટકી ફિકર બધીયે અધ્ધર આભ ફગાવી,
રમરમાટ પથ કાપ્યે જાવા, લ્હે લખલૂટ લગાવી.
ઉકેલવાને અગમ-પલાખાં,
આંજી આંખે જ્યોત શલાકા;
ભેદ પરખવા ભીતર કેરા ધૂણી અલખ ધખાવી,
નાદ બ્રહ્મની અકળ પિપાસા,
ભણાવતી રે કૈં કૈં ભાષા,
રમત-રમતમાં રટણાએ આ કેવી રમત રમાવી?
અનંત સચરાચરની આરત ઉરમાં અસલ જગાવી.

સત્ય સમજાય છે / *વિશાલ જોષી 'સ્નેહ'*

(ગઝલ)

જે નથી, તે નથી, જે હતું, તે હતુંઃ સત્ય સમજાય છે.
ના કશું આવતું, ના કશુંયે જતુંઃ સત્ય સમજાય છે.
જે ક્ષણે જે થવાનું, થશે તે ક્ષણે તે જ, બેમત નથી;
આપણું લેશ પણ ના અહીં ચાલતું, સત્ય સમજાય છે.
હોય ના હોય તારી હયાતી છતાં વિશ્વ તો વિશ્વ છે;
એ કમલદલ સરીખું સદા ખીલતું, સત્ય સમજાય છે.
હા, અહીં ફક્ત બંધાય છે રક્તનાં બંધનોથી બધાં;
કોણ ત્યાં આપણું કે પરાયું થતું! સત્ય સમજાય છે.
'સ્નેહ' થાકી જવાયું ગઝલમાં જ મક્તા સુધી પ્હોંચતાં;
મન ફરી કેમ મત્લા કને દોડતું! સત્ય સમજાય છે.

સાબરમતી નથી / *જલન માતરી*

(ગઝલ)

ઇચ્છાઓ તો ઘણી કરી, એકે ફળી નથી.
જીવે છે તે છતાં બધી, એકે મરી નથી.

આશાને તો નિરાશા કદી ભાવતી નથી,
કડવી છે તેથી એને કદી ચાખતી નથી.

એમાંથી કઈ રીતે તમે જાણી ગયા પ્રસંગ,
મેં તો કોઈને પણ કથા મારી કહી નથી.

રાહ જોઈ જોઈને ઘણાં સ્વર્ગસ્થ થઈ ગયાં,
સદીઓ વહે છે કિન્તુ કયામત થતી નથી.

ઉદ્ભવ તમારો મારી સમજ બહાર છે ખુદા,
અસ્તિત્વ પર મેં તે છતાં શંકા કરી નથી.

એ ના અસલ સ્વરૂપે એ આ રીતે ના વહે,
આ તો ઉછીનું રૂપ છે, સાબરમતી નથી.

લાગે છે સ્હેજ એ જ પણ ચોક્કસ ના કહી શકાય,
પહેલા હતા હવે એ 'જલન માતરી' નથી.

તાપણાં છે / *શોભિત દેસાઈ*

(ગઝલ)

ભ્રમમાં હતો હું એવો કે સાથમાં ઘણાં છે,
પાછળ નજર કરું તો એકાદ બે જણાં છે!

સામે જ છે પહાડો, દેખાય છે મને ક્યાં?
કરતા નયનને કેવાં નિસ્તેજ આ કણા છે!

મુખરિત નથી કશું, તો ઉષ્મા આ ક્યાંથી આવી?
કહી દઉં? મેં જાત બાળી એનાં આ તાપણાં છે!

અદ્ભુત જીવન ને એ પણ માગ્યા વગર મળ્યું છે;
આંસુ, ઉદાસી, દુઃખ તો એનાં વધામણાં છે!

ક્યાં છે કશું ય દુષ્કર! ક્યાં છે અશક્ય કાંઈ!
મારી છે એ જ સીમા, મારી જે ધારણા છે!

બાંધો ભેઠ / *સાહિલ*

(ગઝલ)

નભ મળવા આવ્યું છે હેઠ,
પગ વાળીને ઘરમાં બેઠ.

પગ જો છુટ્ટો કરવો હોય,
તો ભીંતોની ભીતર પેઠ.

ના વીંધાયું ઝાકળ-પોત,
આમ પહોંચ્યાં ઠેઠોઠેઠ.

હોય નહીં જો ચપટી હેત,
વૈકુંઠ જાવું લાગે વેઠ.

તાસકમાં મુકાયું પાન,
બાંધો 'સાહિલ' પાછી ભેઠ.

મુક્તોચ્ચાર / *ધીરુ પરીખ*

(વનવેલી)

રામ-લક્ષ્મણ-જાનકી
જે બોલો હનુમાનકી;
શ્રી કૃષ્ણ શરણં મમ,
બુદ્ધં શરણં ગચ્છામિ,
ૐ નમો અરિહંતાણં,
અલ્લાહુ અકબર ને
હર હર મહાદેવ હરઃ
કેટલાંય સૂત્રો આમ
મોહેં-જો-દડોમાં પલટાવે
દિમાગનો સ્તર.

જમાને જમાને સૂત્રો બદલે છે શબ્દ;
ચાલ્યો એવો વ્યવહાર અબ્દ પછી અબ્દઃ
જનની જન્મભૂમિશ્ચ
સ્વર્ગાદપિ ગરીયસી,
વન્દે માતરમ્ ને જય હિન્દ,
જય જવાન, જય કિસાન,
ગરીબી હટાવો;
જેટલી બને ને વળી
જ્યારે જ્યારે બને ત્યારે
માનવોની ઊર્મિઓને સિફતે વટાવો.

સૂત્રો નથી છીપમાંનાં મોતી,
સૂત્રોમાં તો સરસ્વતી રોતી;
સૂત્રો તો છે મહંમદ છેલ
મૂઢ ચેતનાને એ તો કરાવે છે ગેલ.
સૂત્રો વાળે ટોળાં
વ્યક્તિને વ્યક્તિ ન રહેવા દે
એટલાં એ વ્યાપે પ્હોળાં પ્હોળાં.
એકને સ્થાપે છે સૂત્રો
અન્યને ઉથાપે સૂત્રો.
સાલે નહીં કોઈનેય
ક્યાંય અને ક્યારેય તે...
કરવો ન મુક્તોચ્ચાર,
થાકે નહીં કરતાં સૌ
સૂત્રોચ્ચાર, સૂત્રોચ્ચાર, સૂત્રોચ્ચાર!



હરિવંશરાય પ્રતાપનારાયણ 'બચ્ચન'

પ્રફુલ્લ રાવલ

વીસમી સદીનું પ્રથમ ચરણ ભારતીય જનજીવનમાં પરિવર્તનનું પહેલું પગથિયું હતું. ૧૮૫૭ના બળવાના પડઘા હજુ શમ્યા નહોતા. શિક્ષણ ધીમે ધીમે વ્યાપ્ત થતું જતું હતું. વિજ્ઞાન પ્રગતિનો પથ શોધતું હતું. નવી પેઢીમાં જાગૃતિનું સવાર ઊગ્યું હતું. વૈચારિક ક્રાન્તિનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. નવાં આંદોલનનો કાળ ભાખોડિયાં ભરતો હતો. સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં નવી લહર ઊઠી હતી અને સમગ્ર ભારત પોતાની આગવી ઓળખ માટે મથતું હતું. સામાજિક-આર્થિક વિષમતાને લીધે યૌવન અકળાતું હતું. આવા સંક્રમણકાળમાં ભારતના પવિત્ર ધાર્મિક-ક્ષેત્ર પ્રયાગમાં ઈ.સ. ૧૯૦૭ની ૨૭મી નવેમ્બરના રોજ મહોલ્લા ચકમાં પ્રસિદ્ધ હિન્દી કવિ હરિવંશરાય બચ્ચનનો જન્મ થયો હતો. એમના પિતાનું નામ પ્રતાપનારાયણ હતું. માતાનું નામ સરસ્વતી હતું. કુટુંબમાં એક ભાઈ અને બે બહેનો હતી. જ્ઞાતિએ કાયસ્થ હતા. પિતા પ્રતાપનારાયણ 'પાયોનિયર' પ્રેસમાં નોકરી કરતા હતા. સ્વભાવે સરળ અને રામાયણપ્રેમી હતા. જે ઘરમાં રામાયણ ન હોય તે ઘરનું પાણી પણ ન પીતા. વાંચવું-ફરવું એમને પ્રિય હતું. સ્વામી રામતીર્થના પરમ ભક્ત હતા. એમના સર્વ ગ્રંથ ઘરમાં વસાવ્યા હતા. ઉર્દૂ-ફારસી ભાષાના જાણકાર હતા. વળી, એ ભાષાના કવિઓની કવિતાના સંગ્રહો એમની પાસે હતા. હરિવંશરાયે લખ્યું છે કે, 'મેં ઉર્દૂની ઘણીબધી કવિતાઓ સ્વયં એમના મુખેથી સાંભળી હતી. ઉર્દૂમાં જે કહેવાની સફાઈ હતી તે એ દિવસોમાં મને ખૂબ સારી લાગતી હતી. નજીર અકબરાબાદીના દીવાનમાંથી પિતાજીએ મને એમની કેટલીક કવિતાઓ યાદ કરાવી હતી.' સત્તાવનની ક્રાંતિનું સાહિત્ય એમણે સંગ્રહ્યું હતું જેમાં તસવીરો હતી જેનું સ્મરણ હરિવંશરાયને આજીવન રહ્યું હતું. રાજા રામમોહનરાયનો પ્રત્યેક ખંડ, ગોખલે અને ફિરોજશાહ મહેતાનાં ભાષણો તથા 'યંગ ઇન્ડિયા' તેમજ 'નવજીવન'ની ફાઈલો પણ ઘરમાં હતી. ઓંકાર પ્રેસની ચારુ ચરિતાવલિ અને ઈ.સ. ૧૯૧૨માં પ્રસિદ્ધ થયેલી 'ભારતભારતી' એમની પાસે હતી, જેના એક પૃષ્ઠ પર નવ વર્ષના હરિવંશરાયે એક પંક્તિ લખી હતી - 'ભારત હમારા દેશ હૈ, હમ કુછ-ન-કુછ કર જાયેંગે.' આ હતો એમનો દેશપ્રેમ.

માતા સરસ્વતીની વાચનરુચિ પણ સારી હતી, પરંતુ ઘરેલુ કામમાંથી સમય ઓછો મળતો હતો. રામાયણ, સૂરસાગર, સુખસાગર, પ્રેમસાગર અને રાધેશ્યામ કથાવાચકની રામાયણના થોડા ખંડોનું વાચન અવારનવાર કરતા હતા. કોઈની પાસેથી સાંભળેલાં ભજન-ગીતોને એક નોટમાં લખી લેવાનો એમને ભારે શૉખ હતો. એક નોટ સ્મરણરૂપે હરિવંશરાયે સાચવી રાખી હતી.

આમ, વિવિધ સાહિત્યનાં વાચન-મનનથી પરિષ્કૃત માતાપિતાનો મહામૂલો વારસો હરિવંશરાયને મળ્યો હતો. એમાં રામચરિત માનસનો પ્રભાવ અદ્ભુત હતો. 'અવાજની પહેલી સ્મૃતિ મને એમના માનસપાઠના સ્વરની છે.' એવું હરિવંશરાયે નોંધ્યું છે. પરિવારનો ધાર્મિક વિચાર-સંસ્કારનો પ્રભાવ હોવા છતાં ધાર્મિક કર્મકાંડોમાં એમને જરાય રુચિ નહોતી. 'મધુશાલા'માં ક્યાંક ધાર્મિક આસ્થા પર જ પ્રહાર છે. એમના જીવનનું એક પ્રકરણ તે લછમિવિઘ્ના ચમારિનનું સ્તનપાન. આથી જ છૂતાછૂત પ્રતિ એમને કટુતા જન્મી હતી. દર વર્ષે પાંચ-છ ટોપલીઓમાં અનાજ મૂકી બાળક હરિવંશ પાસે પગથી લાત મરાવીને ટોપલીની બહાર પડેલું અનાજ ચમ્માને આપી દેવાનું હતું. આ ઘટનાએ કવિ બચ્ચનના મનમાં વિતૃષ્ણા ઉત્પન્ન કરી હતી.

૧૯૧૫માં આઠ વર્ષની વયે હરિવંશરાય મોહન શિમગંજ શાળામાં પ્રાથમિક શિક્ષણ માટે દાખલ થયા હતા.



૧૯૮૫માં 'મધુશાલા'ની સુવર્ણ-જયંતી સમયે મૂળરૂપમાં છપાયેલું તેનું મુખપૃષ્ઠ

ત્યાર બાદ ત્રીજું-ચોથું ધોરણ ઊંચી મંડી સ્કૂલમાં ભણવાનું થયું. ત્યાંના શિક્ષક વિશ્રામ તિવારીએ એમનામાં પુસ્તકો પ્રત્યેની રુચિ જગાડી. એમનો આદર્શ બન્યો - 'એક સાધૈ, સબ સધૈ'. ૧૯૧૯માં કાયસ્થ પાઠશાળામાં અભ્યાસ માટે જોડાયા, જ્યાં હિન્દી સમિતિ તથા 'આદર્શ' પત્રિકાના લીધે લેખનમાં રસ જાગ્યો અને સત્યદેવ પરિવ્રાજકનું ભાષણ 'હિન્દી હમારી રાષ્ટ્રભાષા' સાંભળીને એમણે ઉર્દૂ છોડીને હિન્દી લેવાનું નક્કી કર્યું. વળી, ત્યારે જ એક અધ્યાપકની વિદાય પર 'દીન જનોંકે પાસ નહીં હૈ, મણિમુક્તાકે સુંદર હાર' એ પહેલી કવિતા લખી.

કાયસ્થ પાઠશાળામાં અભ્યાસ દરમિયાન એમના પરિવારમાં મોટું પરિવર્તન આવ્યું તે પાંચ વ્યક્તિઓનાં મૃત્યુ. એમાં એમની બહેનનો સમાવેશ પણ થતો હતો. કિશોરાવસ્થાનો અંત અને યૌવનનો આરંભ થતો હતો ત્યારે 'પરિવારસે છૂટા હુઆ, કિતના અકેલા આજ મૈં'ની અનુભૂતિ વચ્ચે તેઓ ઘેરાઈ ગયા હતા. અગણિત અવસાદની ક્ષણ વચ્ચે જીવવાનું બન્યું અને જીવનમાં શેષ રહ્યો માત્ર વિષાદ. આ અનુભૂતિનું ગાન પાછળથી એમણે 'એકાંત સંગીત'માં પૂર્ણ ભાવથી ગાયું છે. આ મનોમંથનકાળમાં એમના પિતાજીની ધર્મની બહેન સુંદરના પુત્ર કર્કલનો સહવાસ મળતાં સંયમની પાળ તૂટી અને સ્વચ્છંદ વિહાર થતાં રામાનંદી સંપ્રદાયની દીક્ષા લેવાનો ઇન્કાર કર્યો. દરમિયાન કર્કલના જીવનમાં ચંપાનું આગમન થયું. એ બન્નેના પ્રણય સાથે હરિવંશની અભિન્નતા સંકળાઈ ગઈ હતી. ચંપાનું આકર્ષણ ઉભયને રહ્યું હતું. મૅટ્રિકની પરીક્ષા આવતી હતી, પરંતુ મન ભણવામાં રહ્યું નહોતું. વળી, એવામાં કર્કલનું અણધાર્યું અવસાન થયું. હવે ચંપાના મન પર હરિવંશની છાયા પથરાઈ ગઈ અને હરિવંશ ચંપામય બની ગયા હતા. પરંતુ સામાજિક રૂઢિઓને કારણે બન્નેને એક થવાનું શક્ય ન બન્યું. સુંદર ફોઈ ચંપાને લઈને બદ્રીનાથ જતાં રહ્યાં. પાછાં ફર્યા પછી ચંપાનું ઓચિંતું નિધન થયું, આથી વ્યાપી ગઈ નિરાશા અને એકલતા. એમની પ્રારંભિક કવિતામાં આનો પડઘો પડ્યો. આ સમય એમના જીવનનો નિર્માણકાળ બની રહ્યો. આ પૂર્વે એમને જે કટુ અનુભવ થયા હતા તેની છાયા પણ માનસપટ પર હતી. નાનપણમાં ગોસાઈજીના મંદિરે પ્રસાદ લેવા ગયા ત્યારે એમનું કાયસ્થપણું અપમાનનું કારણ બન્યું હતું. 'કાયસ્થ છો, કાયસ્થ? આ અગ્રવાલોની પંગત છે. તું અલગ બેસી જા.' એ વાક્ય સાંભળીને એ પ્રસાદ લીધા વિના જ પાછા ફર્યા હતા. ત્યારે ભગવાનનું મંદિર એમને માત્ર 'ગોસાઈઆનું' લાગ્યું હતું. 'ઠુકરાતે હરિ મંદિર વાલે, પલક બિછાની મધુશાલા' એ પંક્તિમાં આનો પડઘો સંભળાય છે અને 'મધુશાલા' એમને સામ્યવાદની પ્રથમ પ્રચારક લાગી છે. વળી, પોતાની જ્ઞાતિ સિવાયની વ્યક્તિ સાથે જમવા બેસવાથી જ્ઞાતિબહાર થવું પડ્યું. પછી એમણે માનવ પરિવારના સભ્ય થવાનું મુનાસિબ માન્યું. 'મને હિન્દુસમાજનો ઢાંચો આટલો રુગ્ણ, સડેલો, દુર્ગંધિત આનાથી પૂર્વે ક્યારેય લાગ્યો નહોતો.' એ એમની પ્રતિક્રિયા હતી.

૧૯૨૫માં ક્રિશ્ચયન કૉલેજના અધ્યાપક ઍડમ્સની પ્રેરણાથી ફરી હાઈ સ્કૂલની પરીક્ષા આપી અને બીજી શ્રેણીમાં પાસ થયા. ૧૯૨૬માં ઇન્ટરના બીજા વર્ષમાં એમનો પરિવાર ચક મહોલ્લાને છોડીને મુઠ્ઠીગંજમાં રહેવા ગયો. નવા પરિવેશમાં વિશેષ ખુલ્લાપણું અનુભવ્યું. ૧૯૨૭માં બી.એ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધો ત્યારે પરિવારમાં આર્થિક સંકડામણ હોવાથી ટ્યુશન કરીને અભ્યાસનો ખર્ચ પૂરો કર્યો. એ જ વર્ષે એમનાં લગ્ન શ્યામા સાથે થયાં. નવાં જીવનની સુખદ કલ્પના વચ્ચે દામ્પત્યજીવન શરૂ થયું. હરિવંશે શ્યામાને 'જૉય' એવું નામ આપ્યું અને શ્યામાએ આપેલું નામ હતું 'સફરિંગ'. પહેલી વાર પિયર ગયેલી શ્યામા પાછી ફરી ત્યારે સાથે લાવી હતી રોગ. સ્નાતક થઈને અનુસ્નાતક થવા કૉલેજમાં પ્રવેશ લીધો ત્યારે ૧૯૩૦નું અસહકારનું આંદોલન શરૂ થઈ ચૂક્યું હતું. અભ્યાસને અધવચ્ચે મૂકીને સત્યાગ્રહમાં ભાગ લીધો. પરંતુ આંદોલન સફળ ન થતાં એમણે પોતાને એકલા હોવાની પ્રતીતિ થઈ. લગ્ન થઈ ગયાં હતાં. કુટુંબની આર્થિક સ્થિતિ કથળેલી હતી. નાના ભાઈ શાલિગ્રામની આવક ઓછી હતી. આથી સંઘર્ષ જ જીવન બન્યું હતું. પરંતુ આ સંઘર્ષ સામે યોદ્ધા બનવાનું જ એમણે મુનાસિબ માન્યું છે. 'પાયોનિયર'માં જોડાયા ત્યારે એમની રુચિ તો નહોતી છતાં વિવશ, પરાજિત ભાવનાથી એ બલિના બકરારૂપે ન જતાં 'સમરોન્મુખ યોદ્ધાના વેશ'માં ગયા છે. ત્રણ મહિના પછી એ નોકરી પૂરી થઈ ગઈ. ૧૯૩૩માં 'અભ્યુદય'ના સંપાદકીય વિભાગમાં જોડાયા. ૧૯૩૪માં પત્રકારત્વ છોડીને અલ્હાબાદના 'અગ્રવાલ વિદ્યાલય'માં અધ્યાપક બન્યા. ત્યાં ત્રણ વર્ષ કામ કર્યું.

એમની પત્ની શ્યામા મોટે ભાગે માંદી રહેતી હતી. 'પાયોનિયર'માં કામ કરતી વખતે વચ્ચે સમય કાઢીને મિત્ર

શ્રીકૃષ્ણ સુરીને મળી આવતા. શ્રીકૃષ્ણ સુરી સાથે એમનો પરિચય કોઈ લગ્ન-સમારંભમાં થયો હતો. એ ૧૯૨૯ની સાલ હતી. હરિવંશરાય શ્રીકૃષ્ણ સુરીમાં કર્કલને જોતા હોઈ આકર્ષણ વધ્યું હતું. શ્રીકૃષ્ણનો સંપર્ક ક્રાન્તિકારીઓ સાથે રહેલો હતો. કોઈકને તો એ કવિને ત્યાં પણ મોકલતા. એક વાર દિલ્હીમાં શ્રીકૃષ્ણે ક્રાંતિદળની પ્રકાશો સાથે મુલાકાત કરાવી. એ પ્રકાશો સાથે માત્ર કર્તવ્યવશ નહોતા, પરંતુ ભાવનાના દોરે બંધાયેલા હોય એવો અનુભવ થયો અને કર્કલ-ચંપાની સ્મૃતિ સતેજ થઈ. પોતાના કોઈ વિગત રૂપને પ્રતિબિંબિત થતું અનુભવ્યું. પરિણામે ભીતરની ભાવના ઊછળીને બહાર આવી તે 'મધુશાલા'ની રચનાઓમાં. 'મધુશાલા' પૂર્વે એમણે ઉમર ખૈયામની રુબાઈઓનો અંગ્રેજીમાંથી અનુવાદ કર્યો હતો અને હાલાવાદનો મહિમા કર્યો હતો. હાલાવાદનું મૂળ ઉદ્‌ગમસ્થળ ઈરાન. સૂફી કવિઓ ઇસ્લામની ધાર્મિક સંકીર્ણતા અને કરુણતાના વિરોધી હતા. એનો પડઘો એમની રુબાઈઓમાં પાડ્યો હતો. આ રુબાઈઓએ એમના માનસને ઝંકૃત કર્યું હતું. પરંતુ અનુવાદથી એમને સંતોષ ન થતાં પોતાની 'મધુશાલા'નું નિર્માણ કર્યું. એમણે પોતાના કવિજીવનની વિવશતાને આમ દર્શાવી છે—'જો કવિની કોઈ નિયતિ હોય છે - એટલે કે તેને કવિ બનાવવાની - તો તેણે શ્રીકૃષ્ણ અને રાનીએ એટલા માટે મારા પથમાં મોકલી દીધાં હતાં કે તેઓ મારા અતીતની ક્ષણોનો વિસ્ફોટ કરીને તેને વર્તમાન કરે - હવે એમાં જીવવા માટે નહીં, પરંતુ એમાં સર્જન કરવા માટે.' એવામાં એક વાર પ્રકાશો - જેનું બીજું નામ રાની હતું - એમના ઘરે આવીને રોકાઈ. બન્નેનું આકર્ષણ વધ્યું. એમના રાગાત્મક સંબંધની ચર્ચા સમાજમાં થવા માંડી. 'મધુશાલા'ની કેટલીક રચનાઓમાં એની પ્રતિક્રિયા જોવા મળે છે. વળી, શ્રીકૃષ્ણ-રાનીનો કટુ અનુભવ થયો. પત્ની શ્યામા પિયરથી પાછી ફરી. એની માંદગીને કારણે રાત્રે જાગવું પડતું હતું. દિવસે નોકરી અને રાત્રે પત્નીની સેવા. ખૂબ મુશ્કેલીઓ વચ્ચે સમય પસાર થતો હતો. એમનું મન સ્નેહની શોધમાં હતું. પત્ની શ્યામા પ્રત્યે અપાર પ્રેમ હતો જ. વળી, શ્યામા પૂર્ણ સમર્પિત સ્ત્રી હતી. પટણામાં શ્યામાનું ઑપરેશન થયું અને ૧૭ નવેમ્બર, ૧૯૩૬ના રોજ શ્યામા મૃત્યુ પામી. જાણે પહાડ તૂટી પડ્યો! એની 'જોય' કરુણકથા હોવાનું સમજાયું અને 'આ જ કારણોથી શ્યામાના મૃત્યુ બાદ મેં એવો અનુભવ કર્યો કે મારું અડધું અંગ કપાઈને પડી ગયું છે.' શબ્દમાં જ એકલતાની શોધ કરતાં હરિવંશરાયે શબ્દને પણ વિસારે પાડી દીધો. એકલતા એમના મનઆંગણે બેસી ગઈ. ૩૭ દિવસ એમના શબ્દે મૌન સેવ્યું. એમના કવિશિશુનું શ્યામાએ બરાબર જતન કર્યું હતું. વેદનાએ એમને નિતાંત અંતર્મુખી બનાવી દીધા હતા.



બચ્ચન - યુવાન વયે



બચ્ચન - પ્રૌઢવયે

૧૯૩૭માં એમ.એ. થવા પ્રવેશ લીધો. એ જ વર્ષમાં એમના મિત્ર આદિત્ય પ્રકાશ જૌહરીનાં માતાના મૃત્યુ નિમિત્તે સાંત્વના દેવા બનારસ ગયા ત્યાં એમના પિતાની શોકમૂર્તિ જોઈને પાછા ફરતા ટ્રેનમાં ૨૨ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ ચૌદ પંક્તિઓની કવિતા લખી. એ 'નિશાનિમંત્રણ'ની શરૂઆત હતી. પછી બનારસની ટ્રેનિંગ કૉલેજમાં બી.ટી. કરવા ગયા, જ્યાં પહેલા દિવસે જ કવિતા લખી - 'અબ મત મેરા નિર્માણ કરો'. કેવી હશે એમની મનઃસ્થિતિ! એમણે લખ્યું છે કે — 'પ્રેમની દુનિયા દગો દઈ ગઈ, પત્નીનું દેહાવસાન થઈ ગયું, જીવન વિશૃંખલ થઈ ગયું, વર્ષો સુધી લખવાનું બિલકુલ બંધ થઈ ગયું, પછી મારી વેદના, મારી નિરાશા, મારું એકલાપણું, 'નિશા-નિમંત્રણ', 'એકાંતસંગીત' અને 'આકુલ અંતર'નાં નાનાં-નાનાં ગીતોમાં મુખરિત થયું.' પછી પ્રેમની અનુભૂતિમાં પ્રવેશ થયો આઈરિસનો. એને જીવનસંગિની બનાવવાની કલ્પનામાત્ર સ્વપ્ન બનીને રહી ગઈ. ૧૯૪૧માં બરેલી કવિસંમેલનમાં તેજી સૂરી સાથે મુલાકાત થઈ. 'ક્યા કરું સંવેદના લે કર તુમ્હારી, ક્યા કરું.' એ કાવ્ય સાંભળીને જે સમભાવનો ઉદ્‌ભવ થયો તે જીવનસાથી રૂપે ફળ્યો. ૨૪ જાન્યુઆરી, ૧૯૪૨ના દિવસે બન્નેએ સિવિલ મેરેજ કરી લીધાં. એ પૂર્વે અલ્હાબાદ યુનિવર્સિટીમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા. લગ્નથી કવિની સ્નેહશોધ જાણે પૂર્ણ થઈ! 'સતરંગિની'માં આ સંઘર્ષની અભિવ્યક્તિ છે. હવે એમની જીવનગતિ અવરુદ્ધ ન રહી. ઑક્ટોબર ૧૯૪૨માં એમને ત્યાં પુત્રજન્મ થયો જે આજનો પ્રખ્યાત અભિનેતા અમિતાભ બચ્ચન. આમ તો 'બચ્ચન' હરિવંશરાયનું ઉપનામ હતું, જે અટક-રૂપે પ્રચલિત થયું.

૧૯૪૩માં બંગાળમાં ભયંકર દુષ્કાળ પડ્યો. નીડનું નિર્માણ ફરી કરીને સ્વસ્થ થઈ ચૂકેલા હરિવંશરાયનું મન વળી ક્ષુબ્ધ થઈ ગયું અને પરિણામ સ્વરૂપ 'બંગાલકા કાલ' નામક કૃતિ રચાઈ. એમાં બંગાળની દયનીય દશા ઉપરાંત નપુંસક સહિષ્ણુતા પર પ્રહાર કર્યો છે. એ જ વર્ષે યુનિવર્સિટી ટ્રેનિંગ કોરના ઉપક્રમે મહૂ ગયા. ૧૯૪૪માં એમની માતાનું અવસાન



તેજીબહેન, અમિતાભ, જયા અને હરિવંશરાય બચ્ચન

થયું. ૧૯૪૫થી 'મિલનયામિની'ની રચનામાં વ્યસ્ત હતા, ત્યાં જ ૧૯૪૮માં ગાંધીજીની હત્યાના સમાચારથી એમનું હૃદય ભાંગી ગયું. વાણી મૂક બની ગઈ. 'ભારત'ના સંપાદકે ગાંધીજીના ચિત્ર નીચે મૂકવાની પંક્તિ લખવાનું કહ્યું તે પણ ન લખી શક્યા, કેમ કે એમની લખવાની માનસિક સ્થિતિ જ નહોતી, એવો મોટો આઘાત અનુભવ્યો હતો. એક અઠવાડિયા પછી ગાંધીજીના બલિદાનને અનુલક્ષીને શ્રદ્ધાંજલિરૂપ કવિતાઓ લખી. જે 'સૂતકી માલા' અને 'ખાદી કે ફૂલ'માં સંગૃહીત થયેલી છે. 'હો ગયા ક્યા દેશકે, સબસે સુનહરે દીપકા નિર્વાણ?' એવી આર્તવાણી એ કવિતામાં પથરાયેલી છે. 'મિલન-યામિની'ની રચનાઓ પંજાબમાં ધર્મશાળા નામક સ્થળે રહીને રચી હતી. ૧૯૫૨માં પીએચ.ડી. ના સંશોધનકાર્ય માટે ઈંગ્લેન્ડ જવાનું થયું. એમના સંશોધનનો વિષય હતો : **'W.B.Yeats and Occultism'**. ત્યાં યેટ્સના નિમિત્તે આધુનિક કવિતાનો ગહન અભ્યાસ કરવાનો મોકો મળ્યો અને મુક્તછંદની વિભાવનાને બરાબર આત્મસાત્ કરી. અમુક વિચાર કે ભાવની અભિવ્યક્તિ માટે મુક્તછંદ જ યોગ્ય હોવાનું એમને જણાયું અને મુક્તછંદમાં 'બુદ્ધ ઔર નાચઘર' જેવી રચનાઓ રચી. વળી, વિશ્વની સઘળી ઘટનાઓનો પ્રભાવ ઝીલ્યો. યૌવનની ભાવાતિશયતા ઘટતી ગઈ. જીવનને વિશેષ જાગૃત અને સચેત દૃષ્ટિએ જોવાનું બન્યું. કલ્પનાનું વિશ્વ સંકોરાયું અને યથાર્થને સમુચિત રીતે જોયું-જાણ્યું. એમણે સ્વયં નોંધ્યું છે કે - 'જીવનની નગ્ન પળ હવે મારી સામે છે. હું એના પર હવે સમયની ચાદર ન ઓઢાડી શકું, તેથી સ્વાભાવિક છે કે તે સમયમાં મેં જે કંઈ લખ્યું તે વાસ્તવિકતા અને સચ્ચાઈની અધિક નિકટ છે.' સ્વાતંત્ર્ય પછી પૂર્વે મનમાં ઘડેલી કલ્પનાઓ એમણે ક્રમશઃ તૂટતી જોઈ. સ્વાતંત્ર્યોત્તર ક્રૂર-કટુ યથાર્થથી મોં ફેરવવાનું શક્ય ન બન્યું. વળી, ગૃહજીવન સ્વસ્થ હતું. આર્થિક સ્થિતિ સ્થિર હતી.

પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરીને ૧૯૫૪માં હરિવંશરાય સ્વદેશ પાછા ફર્યા પછી યુનિવર્સિટીએ એમની ઉપેક્ષા કરવામાં બાકી રાખી નહીં. વેતનમાં તો થોડોક જ વધારો થયો. વળી, એમની ઈર્ષ્યા કરનારની મનોવૃત્તિ સાવ નિમ્ન-કોટીની બની ગઈ. આથી અલ્હાબાદ આકાશવાણીમાં હિન્દી પ્રોડ્યૂશરની જગ્યા મળી તો એનો તરત જ સ્વીકાર કરી લીધો. પગાર પણ વધુ હતો. એ ગાળામાં એક વાર એમનાં કાકીને ત્યાં જમવા જવાનું થયું ત્યારે સમાજના ભયે એમને અલગ પંગતમાં જમવા બેસાડ્યા, તેનું કારણ હતું એક પંજાબી સાથે લગ્ન કર્યાં તે. એ જ રીતે 'મધુશાલા'ના પ્રકાશન ટાણે અલ્હાબાદના સાહિત્ય-કારોએ અવહેલના કરી હતી. 'અભ્યુદય'માં એમની વિરુદ્ધ લેખ પણ પ્રસિદ્ધ થયો હતો અને એ વિદેશ હતા ત્યારે એ જ નગરનાં લોકોએ એમના કુટુંબ પ્રત્યે જે દુર્વ્યવહાર કર્યો હતો તેનાથી એમનું મન ખાટું થઈ ગયું હતું. આથી એ નગર છોડવાની એમની ઇચ્છા ધીરે ધીરે પ્રબળ થતી જતી હતી. યોગ્ય તકની એમને પ્રતીક્ષા હતી. આકાશવાણીમાં ત્રણ માસ નોકરી કરી ત્યાં ૨૭ ડિસેમ્બર, ૧૯૫૫માં વિદેશ મંત્રાલયમાં **Officer on Special Duty - Hindi**ના પદ પર નિયુક્તિ મળી. એ સાથે એમના વિકાસની દિશા ખૂલી. એમની કવિતાનું પાસું તો ઉજ્જ્વળ હતું. એમાં મોટું પદ મળતાં એમની કવિપ્રતિભાને વિશેષ સ્વીકૃતિ મળતી રહી. વિદેશ મંત્રાલયમાં ઉત્તરોત્તર હિન્દીના પ્રયોગમાં સહાયતા-સહયોગ પ્રદાન કરવાના હેતુસર આ જગ્યાએ નિયુક્તિ થઈ હતી. શરૂઆત તકનીકી શબ્દોનું હિન્દીકરણ કરવાથી થઈ. તેમાં **Ministry of External Affairs** માટે 'પરરાષ્ટ્ર મંત્રાલય' શબ્દનો ઉપયોગ થતો હતો તેનું એમણે 'વિદેશ મંત્રાલય' એવું હિન્દીકરણ કર્યું હતું, જે જવાહરલાલ નેહરુએ માન્ય રાખ્યું હતું અને એ જ શબ્દનો આજે વિનિયોગ થાય છે. વિદેશ મંત્રાલયમાં હોવાથી દેશની સર્વોચ્ચ પ્રતિભાઓના પરિચયમાં આવવાનું થયું. નેહરુ કુટુંબ સાથે તો ઘરોબો થઈ ગયો, તે આજીવન રહ્યો તેમજ એમનાં સંતાનો વચ્ચે આજે પણ સુમેળ રહ્યો છે. એ સમયે જ શેક્સપીઅરના 'મૅકબેથ'નો અનુવાદ કર્યો, જેનું મંચન કરવામાં નેહરુનું મોટું આર્થિક યોગદાન મળ્યું હતું. એમનું સર્જન સતત ગતિશીલ રહ્યું છે. ૧૯૫૮માં 'ઑથેલો'નો અનુવાદ કર્યો. 'જનગીતા'નું પ્રકાશન પણ એ જ વર્ષમાં થયું. ભારત સરકારના પ્રતિનિધિરૂપે સપ્ટેમ્બર ૧૯૫૯માં કાવ્યવાર્ષિકીમાં ભાગ લેવા બેલ્જિયમ ગયા, ત્યારે એમની સાથે પ્રસિદ્ધ સર્જકો પ્રેમેન્દ્ર મિત્ર, વિજય કૃષ્ણ ગોકાક અને રવિશ સિદ્દીકી હતા. બ્રુસેલ્સથી એમણે યુરોપની યાત્રા કરી હતી. રોમમાં પૂરા ભાવથી મહાકવિ ડેન્ટિનું ઘર જોયું. ૧૯૬૨માં 'ઑથેલો'નું મંચન થયું. પુત્ર અમિતાભ સ્નાતક થયો તે સારા ગુણ મેળવ્યા વગર. તેના ભાવિની તે સમયે

એમને ચિંતા રહી હતી.

વિદેશ મંત્રાલયમાં ખાતાકીય કામો ઉપરાંતનું કામ પણ કરતા. નેહરુના અનુરોધથી રુસી-હિન્દી કોષ સુધારવાનું ભગીરથ કાર્ય પણ એમણે કરેલું. એ વખતે જેમ રાજકીય નેતાઓનો સંપર્ક થયેલો તેમ રાજનીતિમાં વ્યસ્ત ભ્રષ્ટાચાર અને અનીતિને જાણવાનું પણ બન્યું હતું. પરંતુ એ કશું જ ન કરી શક્યા તેનો અફસોસ એક પત્રમાં આમ વ્યક્ત કર્યો છે - 'હું તો મારા શબ્દોથી કશું પણ નહીં કરી શકું. વળી, બીજું તો કશું કાબૂમાં પણ નથી. આંખ મારી ખૂલી છે... કલમ મારી જ્યાં સુધી ચાલશે, મારી રીતે એનો વિરોધ કરીશ. આ જર્જરજાતિને જે બળ દઈ શકીશ તે દઈશ. ગાંધીની તપસ્યા અને એમનું બલિદાન પણ જે દેશને ઊભો ન કરી શક્યું, તે હવે ભગવાનના ઊભા કરવાથી જ ઊભો થઈ શકે છે.' અહીં એમની નાગરિક નિસબત છતી થાય છે. સામાજિક, સાહિત્યિક અને વ્યક્તિગત જીવનમાં ફેલાયેલી અરાજકતાને ઓળખીને પોતાની રચનાઓમાં કટાક્ષ કર્યા છે. ૧૯૬૪માં જવાહરલાલ નેહરુના અવસાનના આઘાતે '૨૬ મે', 'ગુલાબકી પુકાર', 'દ્વીપલોપ' ઇત્યાદિ રચનાઓ દ્વારા અંજલિ આપી. રુસી કવિતાઓના એમણે જે અનુવાદો કર્યા હતા તેનો સંગ્રહ 'ચોસઠ રુસી કવિતાએઁ' એ નામે કર્યો, જેને ૧૯૬૬માં સોવિયેત લૅન્ડ નેહરુ પરિતોષિક મળ્યું. ૧૯૬૫નું વર્ષ મહત્ત્વનું સાબિત થયું. યેટ્સની જન્મશતાબ્દી નિમિત્તે એમણે પોતાના શોધપ્રબંધ **'W.B.Yeats and Occultism'** પ્રકાશિત કર્યો. યેટ્સનાં કાવ્યોના અનુવાદનું પુસ્તક 'મરકત દ્વીપકા સ્વર' નામે પ્રકાશિત કર્યો. ૧૯૬૫માં પ્રસિદ્ધ થયેલા 'દો ચટ્ટાને' સંગ્રહને ૧૯૬૭નો સાહિત્ય અકાદમી ઍવૉર્ડ મળ્યો. ૧૯૬૫માં વયનિવૃત્તિ લીધી; પરંતુ એમની સાહિત્યિક પ્રવૃત્તિને અનુલક્ષીને રાષ્ટ્રપતિએ એમને ૨ એપ્રિલ, ૧૯૬૬થી છ વર્ષ માટે રાજ્યસભાના સભ્ય તરીકે નિયુક્ત કર્યા. ૧૯૬૭માં ભારત અને સામ્યવાદી દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમના અનુસંધાને શિક્ષા મંત્રાલયે રુસ, મંગોલિયા, ચેકોસ્લોવાકિયા તથા પૂર્વ જર્મનીની યાત્રાએ મોકલ્યા. એ પહેલાં તૃતીય એફ્રો-એશિયાઈ લેખક સંમેલનમાં ભારતીય શિષ્ટમંડલના નેતૃત્વમાં બેરુત ગયા. મુલ્કરાજ આનંદ અને સજ્જાદ જહીર પણ એમની સાથે હતા. સોવિયેત લૅન્ડ નેહરુ પારિતોષિકના અન્વયે નિમંત્રણ મળતાં ૧૯૬૮માં રુસ ગયા. ૧૯૭૨થી ૧૯૮૨ દરમિયાન ક્યારેક મુંબઈ અમિતાભ સાથે તો ક્યારેક દિલ્હીમાં 'સોપાન'માં રહેવાનું થયું હતું. ૧૯૬૩માં એમણે પોતાની આત્મકથા લખવાની શરૂ કરી હતી. ચાર ભાગમાં એમની આત્મકથા પ્રસિદ્ધ થઈ. ૧૯૬૯માં પ્રથમ ભાગ 'ક્યા ભૂલૂં, ક્યા યાદ કરૂં' પ્રસિદ્ધ થતાં એમાં નિરૂપિત સચ્ચાઈથી એનું મુલ્ય ખૂબ અંકાયું. કશું ઢાંકી રાખવાની કે કશું ફુલાવીને કહેવાની વૃત્તિ નહોતી. શીર્ષકમાં ઘણું વ્યંજિત છે. 'નીડ કા નિર્માણ ફીર' (૧૯૭૦), 'બસેરેસે દૂર' (૧૯૭૭) અને "'દશદ્વાર' સે 'સોપાન' તક" (૧૯૮૫) એ અન્ય ત્રણ ભાગ છે. 'દશદ્વાર' એમના અલ્હાબાદના મકાનનું નામ હતું અને 'સોપાન' દિલ્હીના ઘરનું નામ હતું. ૧૯૮૩ પછી એમણે પોતાની જીવનજાળ જાણે સમેટી લીધી! છેલ્લાં વર્ષોમાં તદ્દન નિવૃત્ત જીવન જીવ્યા. એમની છેલ્લી રચનાઓમાં એક પ્રશ્ન ઘુમરાય છે – 'ઑર મેરી આત્મા ફિર કુછ અશાંતિકી હી ખોજ મેં / મારી મારી ફિર રહી હૈ / આપકે પાસ તો નહીં હૈ?'

'તેરાહાર' થી 'જાલસમેટાં' લગીના ૨૫ કાવ્યસંગ્રહોમાં એમની રચનાઓ સંગૃહીત થયેલી છે, જે 'બચ્ચન રચનાવલી' નામે સમગ્ર કવિતા પણ પ્રસિદ્ધ થઈ. આત્મકથાના ચાર ભાગ ઉપરાંત પ્રવાસને લગતી 'પ્રવાસ ડાયરી', 'નએ-પુરાને ઝરોખેં' અને 'તૂટી-છૂટી કડિયાં' નિબંધસંગ્રહમાં એમનું ગદ્યલખાણ છે. એમની કવિતા, ખાસ તો 'મધુશાલા'નો વિવિધ ભારતીય ભાષાઓમાં અને અંગ્રેજીમાં અનુવાદ થયો છે તો 'લિરિકા' રુસી ભાષામાં અનૂદિત થયેલી કવિતાનો સંગ્રહ છે. ૧૯૭૧માં 'પંતકે દો સો પત્ર'નું સંપાદન પ્રકાશિત થતાં સ્વયં પંતજીએ એમને વકીલ દ્વારા નોટિસ આપીને કેસ દાખલ કર્યો. અલબત્ત, અંતે એમનો વિજય થયો ત્યારે એમણે જે અનુભવ્યું તેનો પ્રતિભાવ આમ હતો - 'નિયતિએ બે કવિઓની વચ્ચે આ કેવો જુગાર રમી લીધો હતો કે બન્ને હારી ગયા હતા.'

હરિવંશરાય બચ્ચનની કવિતા આત્માનુભૂતિની કવિતા છે. એમની કાવ્યયાત્રા એમના જીવન સાથે જ ચાલી છે. 'મુઝસે અલગ ન મેરા ગાન, વહ સૌરભ, મૈં પુષ્પ સમાન' એ એમના સાહિત્યનું દેખીતું લક્ષણ છે. એમણે આત્યાનુભૂતિને કાવ્ય વિષય બનાવ્યો હતો અને એનું મૂલ્ય તત્કાલીન ન રહેતાં સર્વકાલીન બન્યું છે. એ જ એમની સિદ્ધિ. એમની આ કવિપ્રતિભાની પુરસ્કૃતિ પણ અવાર-નવાર થતી રહી છે. સૉવિયેટ લેન્ડ નહેરુ પારિતોષિક, સાહિત્ય અકાદમી ઍવૉર્ડ, લોટસ પ્રાઈઝ, સરસ્વતી સન્માન ઍવૉર્ડ અને રાષ્ટ્રપતિ દ્વારા પદ્મભૂષણ ઍવૉર્ડ પણ મળેલ છે.

આવા હરિવંશરાય બચ્ચને આ નશ્વર જગતમાંથી ૧૯ જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ વિદાય લીધી એ સાથે ભારતીય સાહિત્યનો એક સિતારો જાણે ખરી પડ્યો! ❒

પતંગિયું

હસમુખ કે.રાવલ

મમ્મીએ કહ્યું, 'તીતલી એટલે પતંગિયું.' સાંભળીને જ તીતલી તો ખુશખુશાલ. એને તો હતું : 'તીતલી એટલે હું, પપ્પા-મમ્મીની તીતુ. પણ આ તો પ-તં-ગિ-યું. કેવડું મોટું! 'પણ પતંગિયું એટલે?' 'તેં જોયું નથી? રંગબેરંગી હોય, ઊડાઊડ કરે, રંગરંગનાં ફૂલો પર બેસે, રસ પીએ, રમે ને ઊડે!' તીતલીને ધીમે ધીમે સમજાયું : હં... બરોબર. મારે ય રંગબેરંગી કપડાં હોય, હું ય દોડાદોડ કરું ત્યારે પપ્પા હસે ને કહે 'તીતલી ઊડાઊડ કરે છે!' રંગરંગનાં સોફા-ખુરશી પર હું ય બેસું ને જાત-જાતના જ્યુસ પીઉં ને રમું ને ઊડું. એટલે તો તીતલી એટલે પતંગિયું. બિલકુલ સાચી વાત! 'પણ મમ્મી, પતંગિયું ઘરમાં ન આવે?' તો મમ્મી કહે, 'આવે ને! બારીમાંથી આવે ને ફૂલદાની પર બેસે. ત્યાંથી ઊડી પડદા પર બેસે. રાત હોય તો ડાન્સ કરતું ટ્યૂબ પર રમ્યા કરે ને પાછું બહાર ઊડી જાય. વળી ઇચ્છા હોય તો ગમે ત્યારે આવી મારી સાડી પર કે તારા ફ્રોક પર કે પપ્પાના શર્ટ પર બેસી જાય. ઓચિંતું આવે એટલે આપણે ય ગભરાઈ જઈએ ને 'ઓઈ મા...' કે છૂછ... છૂછ...' કરતાં ખંખેરી નાખીએ. પણ ઊડે એટલે ખબર પડે કે ઓહો! આ તો પતંગિયું છે! એટલે આપણે હસતાં હસતાં જોતાં રહીએ ને પતંગિયું તો પાછું ટેબલ પર કે ટેબલ-લૅમ્પ પર કે લટકતા તોરણ પર બેઠું હોય. એને તો બસ રમત. આખો દિવસ મન ફાવે તેમ રમ્યા કરે. અને બોલ તીતુ, એને તો ખબર પણ ના હોય કે તે રમે છે!' 'એમ!' - કરતી તીતુની આંખ પહોળી થઈ ગઈ. પણ તો પછી એણે આજ સુધી પતંગિયું જોયું કેમ નહીં હોય? પપ્પા-મમ્મીએ બતાવ્યું કેમ નહીં હોય? ને પતંગિયાની આ વાતે ય સાવ નવી. રમે ને એને ખબર પણ ન પડે કે તે રમે છે! મને તો તરત ખબર પડી જાય છે.! બધા આખો દિવસ રમ-રમ કહે એટલે ખબર તો પડી જ જાય ને કે હું રમું છું. શાવર ચાલુ થાય એટલે ખબર પડી જ જાય કે હું નહાઉં છું. કોળિયો લઉં કે ઑટોમેટિક જાણી લઉં કે હું જમું છું. પપ્પા કહે છે : 'તીતુ હોંશિયાર છે.' તો છું જ ને! એટલે તો ઊઠવાની-બેસવાની-રમવાની-ફરવાની અને હવે ભણવાની પણ ઝટ્ટ ખબર પડી જાય છે. હું કંઈ પતંગિયા જેવી ભોટ નથી કે આખો દિવસ રમું તો ય ખબર જ ન પડે કે રમું છું. તો તો એ મૂરખને ફૂલ પર બેસવાની કે રસ પીવાની તો ખબર જ કયાંથી પડતી હશે, હેં!

મમ્મીના કહેવા છતાં તીતલી એ બપોરે ઊંઘી નહીં. બારીઓ ઉઘાડી રાખી પતંગિયાની રાહ જોતી બેસી રહી. પણ પતંગિયું આવ્યું નહીં. ક્યાંથી આવે? આમે ય ભોટ. જેને રમવાની ય ખબર ન પડતી હોય તેને તીતલીનું ઘર, ઘરની બારી ને બારીમાં રાહ જોતી ઊભેલી તીતલી એ બધાંની તો ક્યાંથી ખબર પડે? તીતલીને થયું : જો પતંગિયું મળે તો હું જરૂર દોસ્તી કરું ને એને ફેરફૂદરડી ફેરવું ને શીખવાડું કે જો, આને કહેવાય રમ્મત. પછી તો ટીચર જેવું 'બા બા બ્લૅકશિપ' પણ ગવડાવું ને અઠવાડિયામાં તો એવું હોંશિયાર કરી દઉં કે રિક્ષા બહાર લટકતી મારી વૉટર-બૅગ પર બેસી પાણી પીતું પીતું એ ભણવા ય આવે!

ગભરાયેલી તીતલી ખૂણામાં બેસી લેસન કરતી હતી. આજે ફરી પપ્પા-મમ્મી વચ્ચે ઝઘડા-ઝઘડી થઈ ગઈ હતી. પણ પેલા દિવસ જેવી નહીં. એ દિવસે તો પપ્પાએ રીતસર મમ્મી સાથે લાફંલાફી કરી મૂકી હતી. પપ્પાએ જમવાની થાળી પછાડી હતી, મમ્મી જમી ન હતી અને તીતલીને જમવાનું ભાવ્યું ન હતું. શું થયું હતું?... એ તો કંઈ યાદ આવતું ન હતું. પણ હા, મમ્મીએ પપ્પાની નોટ કે ચોપડી ફાડી હોય કે અધૂરું લેસન મૂકી રમવા બેસી ગઈ હોય એવું તો ન જ હતું એ નક્કી. તો શું હતું? દઈ જાણે! તે રાતે પપ્પાની કિટ્ટા કરી મમ્મી તીતલી સાથે તેની રૂમમાં સૂઈ ગઈ હતી. તીતલીને મજા પડી હતી. રોજ એ મમ્મીની સોડમાં સૂતી હતી. એ દિવસે મમ્મી એની સોડમાં સૂઈ ગઈ હતી. એ રાતે પપ્પાનું નામ યાદ આવતાં જ તીતલીની મુઠ્ઠી ભિડાઈ જતી હતી. પણ રાતમાં ગજબનો જાદુ થઈ ગયો હતો. સવારે ઊઠી તીતલીએ જોયું તો પથારીમાં તે એકલી! ને પપ્પા-મમ્મી તો હસતાં હસતાં ટીવી પર મૉર્નિંગ શો જોતાં હતાં., આગ્રહ કરી કરી એકબીજાંને બિસ્કીટ ખવડાવતાં હતાં ને ચા પીતાં હતાં! એવો તે ક્યો જાદુ થઈ ગયો હતો કે ગાલ પર ત્રણ આંગળીઓ ઊઠી હોવા છતાં બધું ભૂલી જઈને મમ્મીનો ચહેરો હસતો હતો!

'તારે પૈસા જ જોઈએ છે ને? લે... લે... લે... લે...' કરતા પપ્પા ગંજીફાનાં પત્તાની માફક સો-સોની નોટ ટેબલ પર પટકતા જતા હતા. 'પછી મકાનનો હપ્તો...?'

'પણ હું ક્યાં મારા માટે કશું...' મમ્મી રડતી હતી.

પપ્પા વારંવાર —હપ્તો... હપ્તો... હપ્તો... હપ્તો...' બોલ્યે જતા હતા.

આ હપ્તો વળી કઈ બલા! પ્રથમ વખત જ એનું નામ સાંભળ્યું હતું. એ જરૂર કોઈ રાક્ષસ હતો અને આજે ઘરમાં ઘૂસી ગયો હતો. પપ્પાએ પાછી જમવાની થાળી પછાડી હતી, મમ્મી જમી ન હતી ને તીતલીને જમવાનું ભાવ્યું ન હતું.

તીતલીને ખબર જ હતી કે આજે વાર્તા કૅન્સલ. ને મમ્મી ફરી રોતી રોતી તેની સોડમાં સૂઈ જશે ને...

ને ખરેખર એમ જ થયું. રિસાયેલી મમ્મી તેની સોડમાં ભરાઈ ને હળવે હાથે તેને થપથપાવવા લાગી. તીતલીને થયું : આજે ફરીથી રાતમાં જાદુ થઈ જશે. સવાર પડતાં પોતે એકલી જ પથારીમાં પડી હશે ને હસતાં હસતાં પપ્પા-મમ્મી ટીવી પર મૉર્નિંગ શો...

રાતનો જાદુ!... તીતલીની ઊંઘ ઊડી ગઈ હતી. આજે તેને રાતનો જાદુ જોવો જ હતો. હવે એ નહીં ઊંઘે. મમ્મી છો ને થપથપાવતી રહે સવાર સુધી... થોડી વારે તીતલીને થયું : જો હું ઊંઘીશ નહીં તો મમ્મી ઊઠશે નહીં ને મમ્મી ઊઠશે નહીં તો રાતનો જાદુ થશે જ નહીં. નવું નવું વિચારવાની તીતલીને મજા પડતી હતી. તેણે યુક્તિ વિચારી - આંખો બંધ કરી ઊંઘવા જેવું કરવું ને કાણી આંખે રાતનો જાદુ જોવો. એની આંખો બંધ થઈ એટલે મમ્મી પટ ઊભી થઈ, ચાદર ઓઢાડી, સીધી પપ્પાના રૂમમાં ગઈ. તીતલીને થયું જાદુ શરૂ થઈ ગયો છે, હવે ચાદર ઓઢી જાસૂસ બની બધું જોવા-સાંભળવા લાગી.

થોડી વારે પપ્પાની રૂમમાંથી કાગળ ખેંચાવાનો અવાજ આવ્યો. તીતલીને થયું : મમ્મીએ કદાચ પપ્પાનું છાપું ખેંચી લીધું હશે, હવે પાછો હસાનો રાક્ષસ... પણ ના એવું કંઈ થયું નહીં.

હજુ રાક્ષસ ત્યાં પહોંચ્યો ન હતો. મમ્મી દરવાજો બંધ કરી દે તો કેવું સારું!... ને ખરેખર મમ્મીએ રૂમનો દરવાજો બંધ કર્યો. હાશ! હવે ભલે ને ભૂખ્યો ને તરસ્યો રાક્ષસ બહાર ભટકતો! તેને શું? પણ... તીતલી ધ્રૂજી ગઈ : મારી પાસે આવશે તો?... બંને હાથની મુઠ્ઠીઓ તંગ થઈ ગઈ. તેણે નક્કી કર્યું : લાગ મળે બાથરૂમમાં જઈ કપડાં ધોવાનો ધોકો લઈ આવવો. ત્યાં સુધી તો આ મુઠ્ઠીઓથી જ કૉય... કૉય... પણ જરા ય ખખડાટ ન હતો. કદાચ હસાનો રાક્ષસ ઊંઘી પણ ગયો હોય!

ત્યાં ખખડાટ થયો. બહાર નહીં, પપ્પા-મમ્મીની રૂમમાં. તીતલી સાવધાન. સાલો અંદર ઘૂસી ગયો લાગે છે. રીતસરનો ચાલવાનો અવાજ... પણ ઝાંઝરીનો રણકાર... હાશ! તો તો મમ્મી! બારણા નીચેની તિરાડમાંથી ટ્યૂબ લાઈટના ત્રાંસા અજવાળાની સાથે પાઉડરની ઢોળાયેલી સુગંધનો રેલો તીતલીના નાક સુધી પહોંચ્યો... અહં... તૈયાર થઈ ફરવા નીકળે છે કે શું? પણ રાત્રે? ત્યાં કંકણનો ખખડાટ પણ દોડતો આવ્યો. ચોક્કસ મૅચિંગની બંગડી! તો તો હવે મેકઅપ-લિપસ્ટિક... તીતલી ઊઠી ચોરપગલે બારણા પાસે ગઈ હતી. ત્યાં પરફ્યૂમના ફુવારાનો જે ધધૂડો છૂટ્યો તે તીતલીને ય પલાળી ગયો. તો... તો... લગ્ન કે રિસેપ્શનની પાર્ટી જરૂર હશે. પણ પપ્પાએ ક્યા રંગનું પેન્ટ પહેર્યું હશે!... એને બારણું ઠોકવાનું મન થયું. પણ... ના... બહાર આવે પછી વાત... નવું ફ્રૉક પહેરી એમની આંગળીએ એ ય તૈયાર... પણ ટ્યૂબ લાઈટ બંધ થઈ ગઈ. અંધારું. કદાચ હસાના રાક્ષસનું ખુલ્લંખુલ્લું આક્રમણ... તીતલીની આંખો બંધ થઈ ગઈ. ઊઘડી ત્યારે બારીઓમાંથી સ્ટ્રીટલાઈટનું કૂદી આવેલું અજવાળું દેખાયું. અજવાળું તો હતું જ. કદાચ હવે દેખાયું?... જે હોય તે. તીતલીને બાથરૂમ-રસોડું દેખાવા લાગ્યાં. તેણે હળવેથી બાથરૂમનો ધોકો લીધો ને પથારી તરફ જતી હતી ત્યાં પપ્પાની રૂમની બારણાની તિરાડમાંથી વાદળી પ્રકાશ વહેતો દેખાયો. તીતલી પાછી બારણા પાસે બેસી ગઈ. ધોકો મૂકી ઝાંખા વાદળી અજવાળામાં હાથનાં આંગળાં હલાવતી પડછાયાનું હરણ કુદાવતી રહી. નાચતા હરણની મુદ્રાઓ જોતાં તેને હસવું આવતું હતું. પણ બીજો હાથ તેણે મોં પર દબાવી દીધો હતો. પપ્પા-મમ્મી પણ કદાચ આમ જ રમતાં હશે. હા... હા... ચોક્કસ જો ને! મમ્મીની બંગડી ખખડે છે ને બંને હસી રહ્યાં છે. તિરાડમાંથી ગળાઈને સાવ ધીમા અવાજો આવતા હતા. આછું-આછું સંભળાતું હતું પણ કંઈ સમજાતું ન હતું. તીતલીને કંટાળો ચઢ્યો. બગાસાં પર બગાસાં... પણ જાદુ જોવો હતો... જાગવાનો મરણિયો પ્રયત્ન કરતી તીતલી છેવટે બારણાના ટેકે ઊંઘી ગઈ.

ધોકા પર મુકાયેલી આંગળીઓ પર વાદળી પ્રકાશનું ચાંદરણું ચમકતું હતું. ના, એ પતંગિયું હતું ને ઊંઘતું હતું. ❐

કાવ્યો

'કુમાર'ના અમૃતપર્વ પ્રસંગે 'કુમાર' ટ્રસ્ટ તરફથી તા. ૧-૧-૨૦૦૩ ને બુધવારના રોજ રાત્રે ૮ વાગ્યે અમદાવાદના શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉન હૉલમાં બૃહદ્ બુધ-કવિ સંમેલનનું આયોજન થયું હતું. આ સંમેલનમાં કાવ્યપઠન કરનારા ૨૧ કવિઓનાં જે કાવ્યો રજૂ થયાં હતાં તે કાવ્યો એક પુસ્તિકારૂપે પ્રકટ કર્યાં છે.

ફૂલસ્કેપ ૧/૧૬ સાઈઝની આ પુસ્તિકાનાં પૃષ્ઠ ૯૬ છે. તેની કિંમત રૂ. ૨૫ + રૂ. ૫ સાદા બુક પોસ્ટથી રવાનગી ખર્ચ મળીને રૂ. ૩૦ મનિઑર્ડરથી મોકલવા.

કુમાર ટ્રસ્ટ

બઉઆની પોળ સામે, ૧૪૫૪, રાયપુર ચકલા

અમદાવાદ - ૩૮૦ ૦૦૧

શાંતિ માટેનાં શસ્ત્રો

——— પ્રા. સુરેશ ર. શાહ ———

મે ૧૮, ૧૯૭૪ના રોજ ભારતે તેના પ્રથમ પરમાણુ બૉમ્બનું પરીક્ષણ કર્યું હતું તે વેળા ભારતીય અણુઊર્જા પંચના અધ્યક્ષ ડૉ. હોમી શેઠના હતા તથા ટ્રોમ્બે ખાતેના ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્રના નિયામક ડૉ. રાજા રામન્ના હતા, જેને ભારતીય પ્રથમ પરમાણુ-જનક માનવામાં આવે છે. તે વેળાનાં વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના મુખ્ય સેક્રેટરી શ્રી પી. એન. ધાર હતા. સફળ પરીક્ષણ બાદ પોખરણથી તેમના ઉપર એક સાંકેતિક સંદેશો મોકલાયો હોવાનું કહેવાય છે. તેમાં જણાવાયું હતું કે **The Buddha is smiling.** જો કે આ સાંકેતિક શબ્દો હતા કે નહિ તે વિશે આજે તો અટકળો જ છે. આ સાંકેતિક શબ્દો કોણે શોધ્યા હતા તે કોઈ કબૂલ કરતું નહોતું. રાજા રામન્ના આ શબ્દોની વિરુદ્ધના હતા. તેમના મત પ્રમાણે પરમાણુ બૉમ્બના પરીક્ષણ સાથે બુદ્ધનું નામ જોડવું વાજબી ના ગણાય. ડૉ. શેઠનાએ પણ જણાવ્યું હતું કે ગુપ્ત સંદેશમાં આવા શબ્દો નહોતા. આ પરીક્ષણ પછી અમેરિકાના નેતૃત્વ હેઠળ બીજા કેટલાક દેશોએ તથા વૈશ્વિક સંસ્થાઓએ ભારત સામે અનેકવિધ પ્રતિબંધો જાહેર કર્યા હતા.

ત્યાર પછી બરાબર ૨૪ વર્ષો બાદ ૧૯૯૮ની મે ૧૧ના રોજ ભારતે આ પોખરણ ખાતે તેના બીજા સુધારેલા અને અધિક પાવરફુલ પરમાણુ બૉમ્બનું ભૂગર્ભ પરીક્ષણ કર્યું હતું. એક સુધારાયેલા પરમાણુ બૉમ્બ, એક હાઈડ્રોજન બૉમ્બ અને ત્રણ સબ કિલોટનના નાના બૉમ્બના એમ પાંચ બૉમ્બની શ્રેણીનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ સફળ વિસ્ફોટના થોડાક કલાકો બાદ આ સમગ્ર અતિ ગોપનીય પરીક્ષણને 'ઑપરેશન શક્તિ' નામ અપાયું હતું.

મે ૧૬, ૧૯૯૬ના રોજ શ્રી અટલબિહારી બાજપાઈએ પ્રથમ વાર વડાપ્રધાન તરીકે સોગંદ લીધા હતા, ત્યારે રાષ્ટ્રપતિએ એમને બહુમતી સાબિત કરી આપવાનું જણાવ્યું હતું. એમ કહેવાય છે કે તે વેળા હોદ્દો છોડતા કૉંગ્રેસી વડાપ્રધાન શ્રી નરસિંહરાવે તેમને એક હસ્તલિખિત અતિ ખાનગી નોંધ મોકલાવી હતી, તેમાં જણાવાયું હતું કે ન્યૂક્લિઅર પરીક્ષણ અંગે જરૂર જણાયે શ્રી કલામનો સંપર્ક કરશો; તેઓ ઘણું જાણે છે. વડાપ્રધાનના તે વેળાનાં અંગત સચિવશ્રી શક્તિ સિંહા હતા. તેમણે અનેક જગ્યાએ ટેલિફોન કરી અંતે કલામને શોધી કાઢ્યા. શ્રી કલામ તે વેળા કલકત્તા હતા. તેમને જણાવાયું કે વહેલી તકે નવા વડાપ્રધાનશ્રીને મળવું. પહેલું જ પ્લેન પકડી તેઓ દિલ્હી આવ્યા અને બાજપાઈજીને મળ્યા. વડાપ્રધાને તેમની સાથે અત્યંત ખાનગી વાતો કરી અને તેમને ન્યૂક્લિઅર પરીક્ષણમાં આગળ વધવા જણાવાયું. જો કે શ્રી કલામને પણ આનંદ સાથે આશ્ચર્ય થયું હતું. આ ટીમે ઝડપથી તેમનું કાર્ય આરંભી દીધું. તે વેળા હાઈડ્રોજન બૉમ્બ સંપૂર્ણ નહોતો. તેથી માત્ર બે જ વિસ્ફોટ કરવાનું આયોજન કરવામાં આવ્યું. ૧૯૭૪માં પરીક્ષણ કરાયેલા પરમાણુ બૉમ્બમાં જરૂરી સુધારા-વધારા કરીને તથા બીજો નવો ૧૯૮૦માં તૈયાર કરાયેલો વધુ શક્તિશાળી વિખંડન પદ્ધતિવાળો પરમાણુ બૉમ્બ જે પહેલાં કરતાં આશરે ચાર ગણો અધિક શક્તિશાળી હતો તેનું પરીક્ષણ કરવું. તેમના માટે ભૂગર્ભમાં જરૂરી ઊંડા ખાડા તૈયાર કરાવવા તથા ત્રીજો એક ઓછી શક્તિવાળો જેને સબકિલોટન બૉમ્બ (ડિવાઈઝ) તરીકે વિજ્ઞાનીઓ ઓળખે છે અને જેનો વિસ્ફોટ ૧ ટન ટી.એન.ટી. સમકક્ષ હોય છે તેના ભૂગર્ભ પરીક્ષણ માટે ખાડો તૈયાર કરવાનું શરૂ કરાયું. ટ્રોમ્બે ખાતેના ભાભા અણુસંશોધન કેન્દ્ર ખાતેથી સલામતીપૂર્વક અને અત્યંત ગોપનીયતાથી પોખરણ પર લવાયા હતા. પણ બાજપાઈની સરકારે ૧૩ દિવસ પછી બહુમતી સાબિત કરવાને બદલે રાજીનામું આપી દેતાં વૈજ્ઞાનિકોએ બધું કામ સ્થગિત કરી દીધું. એમ માનવામાં આવે છે કે શ્રી ક્લામને વહેલાં શોધી શકાયા હોત તો કદાચ ૧૯૯૬નો આ પ્રયાસ રોકવો ના પડત.



૧૧ મે ૧૯૯૮ના રોજ પરીક્ષણ કરાયેલો ભારતીય અણુબૉમ્બ ભૂગર્ભમાં ઉતારાય છે તેનું સૌપ્રથમ ચિત્ર

ફરી એક વાર માર્ચ ૧૯, ૧૯૯૮ના રોજ શ્રી બાજપાઈએ વડાપ્રધાનના હોદ્દાના સોગંદ લીધા. તેના બીજા દિવસે તેમણે શ્રી કલામ અને ચિદમ્બરમ્‌ને મળવા બોલાવ્યા. બન્ને વિજ્ઞાનીઓ પૂરી તૈયારી સાથે આવ્યા હતા. આ મીટિંગમાં વડાપ્રધાનના પ્રમુખ સેક્રેટરી શ્રી બ્રિજેશ

મિશ્રાને પણ હાજર રખાયા હતા. ડૉ. ચિદમ્બરમે તેમને સ્લાઈડોની મદદથી અણુબૉમ્બ અને હાઈડ્રોજન બૉમ્બનો તફાવત સમજાવ્યો. આ ઉપરાંત તેમણે વિકસાવેલા નાના અણુ બૉમ્બના પરીક્ષણની પણ વાત કરી. તેમણે અણુબૉમ્બ, હાઈડ્રોજન બૉમ્બ અને ચાર નાના સબકિલો બૉમ્બના પરીક્ષણની માગણી કરી. શ્રી કલામે અત્યાર સુધી પૂર્ણ થયેલી તૈયારીની અને વૈજ્ઞાનિકોએ મેળવેલી નિપૂણતા અંગેની વાત સમજાવી. વડાપ્રધાને તેમને તેમાં ઝડપથી આગળ વધવા જણાવ્યું. તેમણે તૈયારી સંપૂર્ણ કરવા જણાવ્યું અને અંતિમ મંજૂરી આપી નહોતી. વળી, બન્ને વૈજ્ઞાનિકો વડાપ્રધાન અને શ્રી મિશ્રા એ ચાર સિવાય બીજા કોઈને પણ આ બાબતનો ખયાલ ના આવે તથા ગોપનીયતા જળવાય તે અંગે સૂચના આપી.

આ પરીક્ષણની તૈયારીઓ પાર પાડવાની સઘળી જવાબદારીઓ જે બે પ્રમુખ વિજ્ઞાનીઓને સોંપાઈ હતી તેમાં શ્રી અબ્દુલ કલામ સંરક્ષણ સંશોધન સંસ્થાનના અધ્યક્ષ અને સંરક્ષણ મંત્રાલયના વૈજ્ઞાનિક સલાહકાર હતા. દેશના પ્રક્ષેપાસ્ત્રના વિકાસમાં તેમનો અનન્ય ફાળો છે. લોકો તેમને મિસાઈલમૅન તરીકે પણ ઓળખવા લાગ્યા હતા અને ૩-૧૧-૧૯૯૭ના રોજ તે વેળાના વડાપ્રધાન શ્રી ગુજરાલે તેમને ભારત-રત્નનો સર્વોચ્ચ ખિતાબ આપી તેમનું બહુમાન કર્યું હતું. આ પહેલાં આવો સર્વોચ્ચ ઈલ્કાબ ભારતના મહાન વિજ્ઞાની સર સી.વી.રામનને મરણોત્તર ૧૯૫૨માં અપાયો હતો. બીજા હતા અણુ ઊર્જાપંચના અધ્યક્ષ ડૉ. આર. ચિદમ્બરમ્. લશ્કરની ૫૮મી ઈજનેરી શાખાના જવાનો ત્યાં જાન્યુઆરી ૧૯૯૭થી તે સમગ્ર વિસ્તારની જાળવણી અને ચોકીદારી કરતા હતા. ભૂગર્ભ પરીક્ષણ માટેના ૧૫૦ થી ૨૦૦ મીટર ઊંડા ખાડાઓ ખોદાઈને તૈયાર કરાઈ ગયા હતા. પરન્તુ આ બધું અતિ ગોપનીય રાખવાનો પણ એક અગત્યનો પ્રશ્ન હતો. ૧૯૭૪ વેળાના પોખરણ ખાતેનાં ભારતીય અણુબૉમ્બ પરીક્ષણ પછીથી અમેરિકાનું જાસૂસી-તંત્ર ચાર ઉપગ્રહો દ્વારા પોખરણ અને ત્યાંની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખતું હતું. આથી જ ૧૯૮૨, ૧૯૯૫ અને ૧૯૯૬માં પરીક્ષણના પ્રયાસોને અમેરિકાના દબાણથી બંધ રખાયા હતા. આથી જ આ વેળાના પરીક્ષણમાં અત્યંત ગુપ્તતા રખાઈ હતી. ઘણાં બધાં કામો રાત્રીના અંધકાર દરમિયાન કરાતાં.

હાઈડ્રોજન બૉમ્બ માટેના ખાડાને 'વ્હાઈટ હાઉસ' જેવું સાંકેતિક નામ અપાયું હતું. અણુ બૉમ્બ માટેના વિશાળ અને ઊંડા ખાડાને 'તાજમહાલ' જેવું સાંકેતિક નામ અપાયું હતું. ત્રીજો ખાડો સબક્લિટોન - નાના બૉમ્બ માટેનો - હતો. તેને 'કુંભકરણ' જેવું સાંકેતિક નામ અપાયું હતું. બીજા ત્રણ નાના ખાડા ત્યાંના ચાલુ બિનવપરાશી કૂવાઓમાં કરાયા હતા. આ વિસ્તારમાં બિનવપરાશી પીવાના પાણીના નવ કૂવા હતા તેથી આ વિસ્તાર નવતાલ તરીકે ઓળખાતો હતો. તેમાંના ઉપયોગમાં લેવામાં આવનાર કૂવાને એન.ટી.-૧, એન.ટી-૨, એન.ટી.-૩ નામ અપાયાં હતાં. જો કે પાછળથી પાંચ જ પરીક્ષણ કરાયાં હતાં અને એન.ટી-૩નો ઉપયોગ કરાયો નહોતો.



૧૧ મે ૧૯૯૮ના રોજ કરેલા ધડાકા પછી શ્રી અબ્દુલ કલામ અને ચિદમ્બરમ્ પોખરણ પહોંચ્યા ત્યારે સન્થાનમ્ અને કાકોદકરે એમને સત્કાર્યા હતા.

ત્યાંનાં કાર્યક્ષેત્રોને પણ સાંકેતિક નામ જ અપાયાં હતાં. પરીક્ષણ માટેનાં ન્યૂક્લિઅર ઉદાહરણોને 'સ્ટોર્સ' જેવું સાંકેતિક નામ અપાયું હતું. 'ફાર્મ હાઉસ'ના સાંકેતિક નામથી ઓળખાતા સ્થળે પાવરફુલ જનરેટરો ગોઠવાયાં હતાં. 'તાજમહાલ'ના નામથી ઓળખાતા ખાડાની બાજુમાં ફૂટબૉલ રમત માટેનું મેદાન બનાવાયું હતું, જેમાં દરરોજ સાંજના લશ્કરી જવાનો ફૂટબૉલ રમતા હતા. નિયંત્રણ-કક્ષને 'ડીઅરપાર્ક' જેવું સાંકેતિક નામ અપાયું હતું. તેની બહારની દીવાલો પર તેને અનુરૂપ રંગબેરંગી આકૃતિઓનું ચિત્રણ કરવામાં આવ્યું હતું અને તેમને કાર્યશીલ કરવા માટેની અગત્યની સ્વિચો ગોઠવાઈ હતી. પ્રેયર હૉલ - પ્રાર્થના ખંડ - તરીકે ઓળખાતા ખંડમાં નીચે કરાયેલાં સલામત બંકરોમાં બૉમ્બની સાધન-સામગ્રી એકત્રિત કરાવી અને તેને જોડવાનું કામ વૈજ્ઞાનિકો અને ઈજનેરો કરતા હતા. ભાભા અણુ સંશોધન કેન્દ્રના તેમજ અણુ ઊર્જા પંચના વૈજ્ઞાનિકો અને ટેક્નિકલ માણસોના જૂથને બ્રેવો ટીમ તરીકે ઓળખવામાં આવતાં તથા સંરક્ષણ સંશોધન સંસ્થાનના વિજ્ઞાનીઓ અને માણસોને ચાર્લી ટીમ સાંકેતિક નામ અપાયું હતું. શ્રી કલામ અને ડૉ. ચિદમ્બરમને પણ લશ્કરી અફસરોનો યુનિફૉર્મ અને માનદ્ મૅજર જનરલના હોદ્દા અપાયા હતા. તેમના ખભા ઉપર બે તારક અને અશોકચક્રનાં ચિહ્નો લગાવેલાં રહેતાં. લશ્કરી માણસો પાસેથી સલામ પણ કેમ સ્વીકારવી તેની પણ તેમને તાલીમ

અપાઈ હતી. તેમને પણ સાંકેતિક નામ અપાયાં હતાં. શ્રી કલામને પૃથ્વીરાજ - કારણ કે તેઓ પૃથ્વી પ્રક્ષેપાસ્ત્રના પ્રણેતા હતા - અને ચિદમ્બરમને નટરાજ નામ અપાયું હતું. જો કે એપ્રિલ ૧૯૯૮માં પાકિસ્તાને તેના મધ્મ રેન્જના પ્રક્ષેપાસ્ત્રનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું અને તેનું નામ ઘોરી અપાયું હતું. આ નામ તેમણે અફઘાન હુમલાખોર રાજા મહમ્મદ ઘોરીના નામ પરથી અપાયું હતું. આથી ભારતીય લશ્કરના અહીંના અફસરોને આ નામ વાપરતાં પાછળથી થોડીક મૂંઝવણ થતી હતી. પરીક્ષણ કરાયું ત્યારે ભાભા કેન્દ્ર ટ્રોમ્બેથી અને સંરક્ષણ સંશોધન કેન્દ્ર હૈદરાબાદથી લગભગ એક સો જેટલા વૈજ્ઞાનિકો અને ટેક્નિકલ સ્ટાફ આવ્યો હતો. પણ તે સઘળા લશ્કરી યુનિફોર્મમાં જ રહેતા. આમ, અહીં કોઈ વિશિષ્ટ પ્રવૃત્તિ ચાલી રહી છે તેવી કોઈ શંકાને સ્થાન જ નહોતું.

એપ્રિલ ૬, ૧૯૯૮ના રોજ સવારે પાકિસ્તાને તેના ઘોરી પ્રક્ષેપાસ્ત્રના સફળ પરીક્ષણની જાહેરાત કરી, તેમાં જણાવ્યા મુજબ ૧૫૦૦ કિલોમીટરની રેન્જ ધરાવતા આ પ્રક્ષેપાસ્ત્રની રેન્જનાં ભારતનાં લગભગ બધાં જ મોટાં અને અગત્યનાં શહેરો આવી જાય છે. બ્રિજેશ મિશ્રા, વડાપ્રધાનની ઑફિસે ગયા અને તેમને આ સઘળી વાતથી વાકેફ કર્યા. થોડી ચર્ચા-વિચારણાઓને અંતે શ્રી અબ્દુલ કલામ અને ડૉ. ચિદમ્બરમને તાત્કાલિક બોલાવાયા. ઘોરીના પરીક્ષણના ત્રીજે દિવસે બન્ને વિજ્ઞાનીઓને પરીક્ષણ વહેલામાં વહેલું ક્યારે કરી શકાય તે અંગે પૂછવામાં આવ્યું અને અંતે ૧૧મી મે, ૧૯૯૮ના દિવસે અણુ-પરીક્ષણ કરવાનો નિર્ણય લેવાયો. દરમિયાન વડાપ્રધાને તેમના વરિષ્ઠ સાથીઓ સાથે પરીક્ષણ કરવું કે કેમ અને કરીએ તો તેની વૈશ્વિક અસરો તથા દેશ ઉપરની આર્થિક અસરો અંગે અલગ-અલગ વિચારણાઓનો વિચાર-વિનિમય કર્યો. પહેલા પરીક્ષણના પ્રમુખ વિજ્ઞાની ડૉ. રામન્ના સાથે પણ પરીક્ષણ કરવું કે કેમ અને તેની અસરો અંગે વિચાર-વિનિમય કર્યો. રાષ્ટ્રપતિ શ્રીમન્ નારાયણ દક્ષિણ અમેરિકાની યાત્રાએથી ૧૦ મેના રોજ પરત આવ્યા તે સાંજે વડાપ્રધાન તેમને મળવા ગયા અને પરીક્ષણ અંગે પણ કેટલીક વાતચીત કરી. ત્યાંથી પાછા ફર્યા પછી તરત જ તેમણે બ્રિજેશ મિશ્રાને જણાવ્યું કે વૈજ્ઞાનિકોને પરીક્ષણ કરવા જણાવો. મિશ્રાએ તે સાંજે શ્રી કલામને તે સંદેશો પહોંચાડ્યો. કલામે તે વેળા મિશ્રાને જણાવ્યું કે આવતી કાલે બુદ્ધપૂર્ણિમા છે.

વડાપ્રધાને તે દિવસે તેમના બંગલે ગૃહપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણી, સંરક્ષણપ્રધાન શ્રી જ્યોર્જ ફર્નાન્ડીઝ, નાણાં-પ્રધાન શ્રી યશવંત સિંહા અને આયોજન કમિશનના



ટ્રોમ્બેમાં સદ્‌ગત વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે ડૉ. વિક્રમ સારાભાઈ (ડાબે), જેમણે આરંભમાં ન્યૂક્લીઅર શસ્ત્રોનો વિરોધ કર્યો હતો.

નાયબ અધ્યક્ષ જશવંતસિંગને બપોરે તેમના બંગલે બોલાવ્યા હતા. શ્રી મિશ્રા પણ ત્યાં જ હતા. તે આતુરતાપૂર્વક ટેલિફોનની રાહ જોતા હતા ત્યાં જ ટેલિફોનની ઘંટડી રણકી. તેમણે તરત જ ટેલિફોન ઉપાડ્યો. સામે છેડેથી શ્રી અબ્દુલ કલામનો અવાજ સંભળાયો : **'Sir, We have done it.'** શ્રી મિશ્રાએ પણ ખુશાલીપૂર્વક કહ્યું કે **God bless you.** આમ, ભારતનું આ બીજું ન્યૂક્લિઅર પરીક્ષણ સફળતાપૂર્વક પાર પડ્યું. તરત જ શ્રી મિશ્રાએ આ સમાચાર વડાપ્રધાનશ્રીને આપ્યા. તેમના મુખારવિંદ ઉપર સફળતાની - ખુશાલીની લહેર ફરી વળી. જ્યોર્જ ફર્નાન્ડીઝ અને લાલકૃષ્ણ અડવાણીની આંખોમાં ખુશાલીનાં આંસુ ધસી આવ્યાં. ત્યાં હાજર મંત્રીઓએ એકબીજાને ખુશાલીની આપ-લે કરી અને હાથ મિલાવ્યા.

વડાપ્રધાન તેમના બંગલાના કૉમ્પાઉન્ડમાં આવ્યા. શ્રી પ્રમોદ મહાજને એક ત્વરિત પ્રેસ મીટિંગ બોલાવી હતી. પત્રકારો વડાપ્રધાનશ્રીની રાહ જોતા હતા. તેમને પહેલેથી તૈયાર કરાયેલું વડાપ્રધાનશ્રીનું નિવેદન અપાયું. તેમાં જણાવ્યું હતું કે આજે બપોરે ૩-૪૫ કલાકે ભારતે પોખરણ ખાતે ત્રણ ભૂગર્ભ ન્યૂક્લિઅર પરીક્ષણની શ્રેણી સફળતાપૂર્વક પાર પાડી છે. બે દિવસમાં જ ૧૩-૫-૧૯૯૮ના રોજ બીજા બે વિસ્ફોટ કરીને આ પાંચ ભૂગર્ભ વિસ્ફોટથી શ્રેણી પૂર્ણ કરી, જેમાં એક સુધારેલો અણુબૉમ્બ, એક હાઈડ્રોજન બૉમ્બ અને ત્રણ સબ-કિલોટનના ન્યૂક્લિઅર બૉમ્બ હતા. ખૂબીની વાત એ હતી કે અમેરિકા કે તેના જાસૂસી તંત્રને પણ ભારતે જાહેર કર્યું, ત્યારે આ પરમાણુ વિસ્ફોટની જાણ થઈ હતી. (આવતા અંકે પૂરું)

ભારતીય ચિત્રકલાના પ્રાણ – શ્રીકૃષ્ણ : લેખાંક ૧

પ્રા. ડૉ. આર. ટી. સાવલિયા

કલા એક ધર્મ છે, જેમાં કોઈ ધર્મગુરુ નથી. ભારતે પોતાની કલાનું એક આગવું તત્ત્વજ્ઞાન રચ્યું છે. કુદરતનાં વિવિધ રૂપ અને મિજાજ સાથે તાદાત્મ્ય સાધવું એ કલાની આગવી વિશેષતા છે. સૌંદર્ય માનવહૃદયાધીન છે. સાચી કલામાં નિર્મળ નિર્દોષ નિરંતર સૌંદર્યનાં દર્શન થાય છે. આત્મામાંથી ઉદ્‌ભવેલી સર્જનાત્મક પ્રેરણાકલામાં તાદૃશ થાય છે.

ભારતના કલામય સર્જનની સમસ્ત ભૂમિકા આધ્યાત્મિક અને સ્વયંસ્ફૂરિત છે. એનું ઉચ્ચતમ લક્ષ્ય આત્માને અનુલક્ષી અનંતતા અને આધ્યાત્મિકતાનું દર્શન છે.

ચિત્રકલામાં જે અંગવિન્યાસ અને પ્રમાણભારયુક્ત આયોજન, રંગ અને આકારનું વૈવિધ્ય, પ્રશાંત વાતાવરણ, પ્રસન્ન ઉઠાવ જોવા મળે છે તેથી મન પ્રસન્નતાથી સભર બની જાય છે. યથાર્થનું નિરૂપણ એ ચિત્રકલાની આગવી બાજુ છે.

ભારતીય કલાના સર્જનનું મુખ્ય ધ્યેય ભૌતિક કે ઊર્મિશીલ, ભાવુક સૌંદર્ય કરતાં આધ્યાત્મિક સૌંદર્ય તરફ વધુ ઢળેલું છે. પ્રાચીનકાળથી આજદિન પર્યંત વેદો અને ઉપનિષદોનું સર્જનાત્મક બળ એકધારું ભારતીય કલાને પ્રેરણા આપી રહ્યું છે.

માનવ ઈશ્વરમાં માનતો અને પોતાની તમામ કૃતિ તેને અર્પણ કરતો. તેઓ એવું કદી ચીતરતા, કંડારતા કે સર્જતા નહિ જેમાં ઈશ્વરનો આવિર્ભાવ - તેની સંજ્ઞા ન હોય.

કલા હેતુલક્ષી હોય છે એટલી જ સ્વાનંદ માટે હોય છે. કલાનું નિર્માણ અને પરિણામ જીવનાનંદમાં વધારો કરવા માટે હોતાં નથી. બલકે એનો સાચો ઉપયોગ તો બૌદ્ધિક અને આધ્યાત્મિક મનોરાજ્યના નિર્માણના દિવ્ય હેતુની પરિપૂર્ણતા માટે હોય છે.[૧] આ સંદર્ભમાં ભારતીય ચિત્રકલાનો ઇતિહાસ અને વિકાસ તપાસીએ તો જ તેના હેતુનો ખયાલ આવે છે.

ભારતીય ચિત્રકલા મુખ્યત્વે ધર્મના રંગે રંગાયેલી છે. તેથી તેના વિષયમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે. ઐતિહાસિક વિકાસના પરિવર્તન સાથે તેના વિષયોમાં પણ જરૂરી સુધારા-વધારા અને ઉમેરણ થતાં રહ્યાં છે. પ્રાગૈતિહાસિક ચિત્રકલાનો મુખ્ય વિષય શિકાર હતો. ઇતિહાસકાલમાં આવીએ છીએ ત્યારે ભારતીય ચિત્રકલાનું પૂર્ણ વિકસિત સ્વરૂપ અજંતાનાં ચિત્રોમાં જોવા મળે છે. અહીં ગૌતમ બુદ્ધ કેન્દ્રસ્થાને રહેલા છે. આ પરંપરા બાઘ, બાદામી, ઈલોરા વગેરે ભિત્તિચિત્રોમાં જળવાયેલી નજરે પડે છે. પશ્ચિમ ભારતની લઘુચિત્રશૈલીના વિકાસમાં જૈન, વૈષ્ણવ, શૈવ અને શાક્ત ધર્મની પ્રેરણા જોવા મળે છે, જેમાં તીર્થંકરોના જીવનપ્રસંગો, શ્રીકૃષ્ણના જીવનપ્રસંગો, શિવ અને શક્તિનો મહિમા સમજાવતા પ્રસંગો આલેખાયા છે. ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં મુઘલોના આગમન સાથે કલાની જાહોજલાલીના સમયનું ઉત્થાન થયું છે. મુઘલ ચિત્રકલા એ ભારતીય ચિત્રકલાનું ગૌરવવંતું પ્રકરણ છે. મુઘલ ચિત્રકલાના વિષયો, મુઘલ દરબારનાં ઠાઠમાઠ, વ્યક્તિચિત્રો, યુદ્ધપ્રસંગો, રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી પ્રસંગો લઈને સમ્રાટોએ ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. રાજપુત ચિત્રકલાના વિષયો ધાર્મિક અને સાહિત્યિક છે. અહીંના ચિત્રકારોએ રામાયણ, મહાભારત અને પુરાણો તથા કાવ્યોમાંથી પ્રસંગો લઈને ચિત્રનિર્માણ કર્યું છે.

શ્રીમદ્ ભાગવત પુરાણ આધારિત ચિત્રો (ઈ.સ. ૧૭૮૦ થી ૧૮૦૦)



૧. કૃષ્ણજન્મ - મથુરાથી ગોકુળમાં, કાંગડાશૈલી



૨. માખણચોર શ્રીકૃષ્ણ, કાંગડાશૈલી



૩. નલકુબેર અને મણિગ્રીવનો ઉદ્ધાર, કાંગડાશૈલી

સાહિત્યિક પ્રસંગોમાં રાધા અને કૃષ્ણ એમનાં પ્રિયપાત્ર બન્યાં છે. તે ઉપરાંત બારમાસા, નાયક-નાયિકાભેદ તેમજ રાગ-માલાનાં ચિત્રોનું રસિક આલેખન કર્યું છે. રાજપુત ચિત્રકલાનું બીજું અંગ તે પહાડી કલમ છે. આ ચિત્રશૈલીમાં મુઘલકલા અને સ્થાનિક લોકકલાનું અજબ મિશ્રણ જોવા મળે છે. આ શૈલીનાં ચિત્રોમાં રામાયણ, મહાભારતના પ્રસંગો, કૃષ્ણલીલા, નાયક-નાયિકાનાં શૃંગારરસનાં દશ્યો, રાગમાલાનાં ચિત્રો વગેરે ચિત્રકારોના પ્રિય વિષયો જણાય છે. પહાડી ચિત્રકલામાં રાધા અને કૃષ્ણના જીવન-પ્રસંગોના આલેખનમાં કલાકારે ઊર્મિયુક્ત ભાવોનું આલેખન કર્યું છે. આ શૈલીમાં રાધા અને કૃષ્ણને જેટલાં લાડ કલાકારોએ લડાવ્યાં છે, તેટલાં અન્ય કોઈ શૈલીમાં બીજા કલાકારોએ લડાવ્યાં નથી.[૨]

ભારત વર્ષનાં ઇતિહાસ અને સંસ્કૃતિના વિકાસમાં શ્રીકૃષ્ણ વાસુદેવનાં જીવન અને કાર્યોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એમના જીવનમાંથી આર્તજનોએ સંકટમાં, યોગીઓએ ધ્યાનમાં, સંતોએ ભક્તિમાં, કવિઓએ કાવ્યમાં અને કલાકારોએ કલા-સર્જનમાં પ્રેરણા લીધી છે. આમ, શ્રીકૃષ્ણ ભારતીય જન-જીવનની રગેરગમાં પ્રસરી ગયા છે. શ્રીકૃષ્ણ ભારતીય એકાત્મકતા અને રાષ્ટ્ર-બિંદુ હતા, યુગપ્રવર્તક અને યુગપરિવર્તક પણ હતા. પવિત્ર ભારત-ભૂમિ પર એઓ એક માનવ તરીકે જન્મ્યા હતા, પરંતુ એમનાં કાર્યો દ્વારા એ 'મહામાનવ' બન્યા અને હિંદુ જનસમાજે એમને 'પૂર્ણપુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા' તરીકે પ્રતિષ્ઠિત કરી દીધા.[૩]

શ્રીકૃષ્ણના જીવનને ક્રમબદ્ધ જાણવા માટે પુરાવશેષ-સામગ્રી કરતાં સાહિત્યિક સામગ્રી વધુ ઉપયોગી છે, જેમાં મહાભારત, હરિવંશ, મત્સ્ય, બ્રહ્માંડ, વાયુ, વિષ્ણુ, ભાગવત, પદ્મ અને બ્રહ્મ-વૈવર્ત જેવાં કેટલાંક પુરાણોમાં કૃષ્ણના ચરિત અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. એ પહેલાંના ગ્રંથોમાં પણ શ્રીકૃષ્ણ અંગે થોડાઘણા ઉલ્લેખ મળે છે. છાંદોગ્ય ઉપનિષદ, તૈત્તિરીય આરણ્યક, પાણિનિનાં અષ્ટાધ્યાયી વ્યાકરણસૂત્રો (૪-૩-૯૮)



૪. પુતનાવધ, ઉદેપુર શૈલી ઇ.સ. ૧૭૪૦

અને પતંજલિનું મહાભાષ્ય વગેરે.

શ્રીકૃષ્ણના જીવન અંગે સહુપ્રથમ માહિતી મહાભારતમાં અપાયેલી છે. અહીં કૃષ્ણના પૂર્વજીવન-બાલ્યકાળ અને કિશોરાવસ્થાના પ્રસંગોની ખોટ પૂરી કરવા હરિવંશની રચના થયેલી છે. હરિવંશમાં અ. ૫૦-૬૪માં કૃષ્ણે બાલ્યાવસ્થામાં કરેલાં પરાક્રમ નિરૂપાયાં છે.

ભાગવત મહાપુરાણના દશમ સ્કંધમાં તૃણાવર્તવધ (અ.૧૧) વત્સાપુર અને બકાસુરનો વધ (અ.૧૨), શંખચૂડ-વધ (અ.૩૪) તથા કેશિવધ (અ.૬૭) એ વ્રજમાં શ્રીકૃષ્ણનું છેલ્લું પરાક્રમ હતું.

વિષ્ણુપુરાણના પાંચમા અંશના અ. ૧ થી ૩૮માં કૃષ્ણની બાળલીલાઓના પ્રસંગોનું અલૌકિક ચરિત નિરૂપેલું છે.

શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં અ.૬ થી ૧૮માં શ્રીકૃષ્ણના બાલ્યકાલના લીલાપ્રસંગો તથા અ.૨૦ થી ગોપીઓને મુગ્ધ કરનાર કિશોર વેણુવાદક શ્રીકૃષ્ણનું મોહક સ્વરૂપ શરૂ થાય છે. કૃષ્ણના દેહોત્સર્ગનો પ્રસંગ એકાદશ સ્કંધ અ.૩૧માં અપાયો છે.

પદ્મપુરાણમાં અ.૨૭૨ થી ૨૭૯માં શ્રીકૃષ્ણચરિતનું સળંગ નિરૂપણ છે.

બ્રહ્મવૈવર્ત પુરાણે (ખંડ-૭.૬૧-૧૩૨, ૪.૧૦.૧૨, અ.૧૧, ૪.૨૧.૧૭૬-૯૬) કૃષ્ણનાં ઐતિહાસિક પાસાંઓ સાથે એમના પરબ્રહ્મ પરમાત્મા તરીકેના દિવ્ય સ્વરૂપને વર્ણવવા અને મૂલવવામાં ઘણો પરિશ્રમ લીધો છે. પૂતનાવધથી આરંભાઈ કેશવિધિ આગળ શ્રીકૃષ્ણની બાળલીલાઓ સમાપ્ત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણની 'રાસલીલા' તો અતિપ્રસિદ્ધ છે. રાસ-લીલાએ જ શ્રીકૃષ્ણને 'રાસેશ્વર' બનાવી દીધા છે. હજારો વર્ષોથી ભારતીય જીવનને આનન્દોન્મેષ, પ્રેરણા તેમજ ઉદ્દ્બોધન પૂરાં પાડનાર આ વિશિષ્ટ પ્રકારની લીલાએ વિવિધ યુગના ભિન્ન-ભિન્ન ભારતીય ભાષાઓના કવિઓની પ્રતિભાને ઉત્તેજી છે. સામાન્ય રીતે રાસેશ્વર શ્રીકૃષ્ણની વ્રજની ગોપીઓ સાથેની નૃત્યગીત-વાદ્ય-પૂર્વકની સુલલિત શૃંગાર વિલાસક્રીડા તરીકે 'રાસલીલા'



૫. બકાસુરવધ, કાંગડાશૈલી



૬. ગોકુળથી વૃન્દાવનયાત્રા, કાંગડાશૈલી

ઓળખાય છે. જગતમાં સર્જન, સ્થિતિ તથા લયના કારણભૂત ભગવાનનું કેવળ આત્માનંદ માટેનું સાહજિક રમણ તેમની 'લીલા' તરીકે ઓળખાય છે. लियं लाति इति लीला -રાસલીલા એક પ્રદાન પ્રકટ-વ્યક્ત-લીલા છે. ધાર્મિક મહાપુરુષો એને પ્રેમરસના પરિપાકરૂપ વિલાસમય ક્રીડા તરીકે ઓળખાવી તેને જ 'પરમરસ' કહે છે.

સંક્ષેપમાં કહીએ તો કૃષ્ણ-ગોપીની 'રાસલીલા' એ એક સનાતન પ્રક્રિયાનું રૂપકમાત્ર છે, વૈવિધ્યમાંથી ઐક્ય પ્રતિ પ્રયાણનો એ વિશિષ્ટ પથ છે. જેમ અસંખ્ય સરિતાઓ વહેતી વહેતી પોતાનાં નામ અને રૂપ પણ છોડીને સમુદ્રમાં ભળી જાય છે, તેવું જ આ જીવલોકનું છે.[૪]

ઉપનિષદમાં વર્ણવેલ તથા હિંદુ લોકકથા પ્રમાણે કૃષ્ણ બ્રહ્મ સમાન છે. તે અદ્વિતીય, સ્વપ્રકાશિત અને ફેરફાર વિનાનો આત્મા છે. તે સર્વશક્તિમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે. શ્રીકૃષ્ણની જે ત્રણ બાબતો सत् - હયાતી, चित्त् - તેનું સાવધપણું અને તેનો આનંદ, પર વિશ્વની નજર ટકી રહે છે જેથી તે 'સચ્ચિદાનંદ' તરીકે પંકાય છે.

ભારતીય ચિત્રકલામાં શ્રીકૃષ્ણ હંમેશાં આકાર બદલતા પ્રેમીના મુખ્ય પાત્ર તરીકે તેજસ્વી અને સ્વર્ગીય આનંદ સાથે દેખાય છે. તેમનો આછો વાદળી ચહેરો ઈશ્વરના અનંત સ્વરૂપનો સંકેત આપે છે. તેનાં પીળાં પીતાંબર વસ્ત્રનો રંગ સાવધ અને શુદ્ધ તેજોમય છે. ગોવાલણોને રાસમંડળનો સંપૂર્ણ અનુભવ મળ્યો કેમ કે તેઓ બધી એક બ્રહ્મચારીને અનુસરતી હતી. તેવું રાધા અને કૃષ્ણના એકબીજાં માટે સ્વાર્થરહિત માનવભક્તિનું રૂપાંતર આ ચિત્રકલામાં છે.[૫]

ઔરંગઝેબના સમયમાં મુઘલ ચિત્રકલાનાં વળતાં પાણી જોવા મળે છે. ઔરંગઝેબની ચિત્રકલા પ્રત્યેની ઉદાસીનતાને લઈને મોટા ભાગના ચિત્રકારોને રોજીરોટી માટે મુઘલ દરબાર છોડીને જુદાં જુદાં પ્રાંતો અને રાજ્યોમાં વિખરાઈ જવું પડ્યું. તેઓ જ્યાં ગયા ત્યાં મુઘલશૈલીની દેશી કલમો લાગી અને એમાંથી પ્રાંતીય ચિત્રશૈલીઓનો વિકાસ થયો. આ કલા-પ્રવૃત્તિમાંથી રાજપુત ચિત્રકલાનો ઉદ્‌ભવ થયો.

કલાવિવેચકો માને છે કે રાજપુત ચિત્રકલાનો પ્રારંભ ૧૫મી સદીમાં રાજા કુંભાના સમયમાં કાશ્મીર અને લઘુચિત્રશૈલી એ બંનેના સમન્વયથી થયો. ૧૬મી-૧૭મી સદીમાં આ શૈલીનો વિકાસ મુઘલ ચિત્રકલા-કારીગરોને લીધે થયો. ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં આ શૈલીની કલમો લાગી અને ૧૮મી સદીમાં તે બધી શૈલીઓ ખીલી ઊઠી. એમ કહેવાય છે કે જો મુઘલશૈલી ભારતમાં જન્મી ન હોત તો આપણને રાજપુત ચિત્રકલાની સુંદરતા પ્રાપ્ત થઈ ન હોત.[૬]

રાજપુત ચિત્રકલા એ ભારતીય કલાનું ગરવું પ્રકરણ છે. ભાવપક્ષ અને કલાપક્ષ બંને અભિવ્યક્તિની દૃષ્ટિએ સર્વોત્તમ બની છે. આનંદકુમાર સ્વામીના શબ્દોમાં કહીએ તો આ કલા હિંદની શક્તિઓને એના અસલ સ્વરૂપમાં વ્યક્ત કરે છે. આ કલાનાં મૂળ લોકોનાં હૃદયમાં પડેલાં છે, કારણ કે એનો સંબંધ લોકોની કવિતા અને સંગીત સાથે પણ છે. આ યુગની કલાનું મુખ્ય ધ્યેય પ્રેમ છે. રાધા અને કૃષ્ણનાં પ્રતીકોની મદદથી સ્વર્ગ અને પૃથ્વીની દુનિયાને બતાવતાં જઈને તેની સામે વાસ્તવિક જગતનું દર્શન પણ કરાવતાં જવું એ તેનો મુખ્ય હેતુ છે.[૭]

કેટલાક રાજપુત રાજવીઓ સંગીત અને ચિત્રકલાના ઉપાસક હતા. તેઓ લઘુચિત્રોમાં રાગમાલા, નાયક-નાયિકાભેદ, કૃષ્ણ-લીલા, બારમાસા વગેરેનાં ચિત્રો તૈયાર કરવામાં ઊંડો રસ દાખવતા હતા. ભારતમાં મધ્યકાલમાં જે ભક્તિઆંદોલન થયું તેના પડઘા રાજપુત ચિત્રકલામાં પણ પડ્યા. રાજપુત રાજવીઓ શ્રીમદ્ વલ્લભાચાર્યના પરમ ભક્તો હોવાથી એમણે કૃષ્ણલીલાનાં અને શ્રીનાથજીનાં ચિત્રો તૈયાર કરાવ્યાં. રાજપુત ચિત્રકારોએ ભક્તિ-



૭. ગોવત્સ અને ગાય તથા કૃષ્ણ - વૃંદાવન, કાંગડાશૈલી



૮. સુદર્શનવધ, કાંગડાશૈલી

રસ અને શૃંગારરસથી તરબોળ એવી સાહિત્યિક કૃતિઓ જયદેવનું 'ગીતગોવિંદ' અને કેશવદાસની 'રસિકપ્રિયા'ના આધારે પ્રસંગોનાં ચિત્રોનું સુરેખ આલેખન કર્યું છે.[૮]

કૃષ્ણના જીવનપ્રસંગો, પ્રણયકિસ્સા, દૈનિક જીવનપ્રસંગો, ઋતુઓને લગતાં શૃંગારનાં ચિત્રો એ રાજપુત ચિત્રકલાના વિષય છે. આમાં રાગમાલાનાં ચિત્રો અનુપમ છે. (ચિત્ર ૧૫-૧૬). ચિત્રની રેખા દ્વારા સંગીત જેવા અમૂર્ત વિષયને મૂર્ત કરીને જે મેળવણી કરી છે તેવી પદ્ધતિ દુનિયાના કોઈ દેશમાં જોવા મળતી નથી. રાગ-રાગિણીનાં ચિત્રોમાં સંગીતશાસ્ત્રને જાણ્યા વિના કોઈ પણ વ્યક્તિ તેને સમજી શકે નહિ. કામશાસ્ત્ર જાણતો હોય તો જ આ ચિત્રનો આસ્વાદ માણી શકે. આમ ચિત્રકલા, સંગીત અને સાહિત્યનો ત્રિવેણી સંગમ આ ચિત્રકલામાં સધાયો છે. વિષયો બધા કાલ્પનિક હોવા છતાં વાસ્તવિક લાગે તેવા બુદ્ધિગમ્ય કરવામાં આવ્યા છે. ભક્તિમાર્ગનો વ્યાપક પ્રસાર થયા પછી રાધા અને કૃષ્ણની ભક્તિનો ઘણો ફેલાવો થયો હતો. રાધા અને કૃષ્ણ એટલે આત્મા અને પરમાત્મા બંનેના શાશ્વત સંબંધો દર્શાવવાનો મહિમા સાહિત્યની જેમ ચિત્રમાં પણ જોવા મળે છે. આથી રાસલીલા, કૃષ્ણક્રીડા વગેરે પ્રસંગો આલેખતું ચિત્રાંકન મુખ્ય બન્યું.[૯] આ કલાનું લક્ષ્ય ધર્મનું ક્રિયાત્મક સ્વરૂપ અભિવ્યક્ત કરવાનું અને જનજીવનની ઝાંખી કરાવવાનું હતું. જેમાં કરુણા, સહાનુભૂતિ, સ્નેહ, પ્રેમ, વાત્સલ્ય વગેરે ગુણો સરળતાપૂર્વક અભિવ્યક્ત થવાને લઈને આ શૈલીનાં આ ચિત્રો સજીવ થઈ ઊઠ્યાં છે. આ બધાંમાં કેન્દ્રસ્થાને શ્રીકૃષ્ણ હોવાથી રાજપુત ચિત્રકલાનો પ્રાણ શ્રીકૃષ્ણ બની ગયા.

રાજપુત ચિત્રકલાના બે વિભાગ પડે છે : (૧) રાજસ્થાની કલમ (૨) પહાડી કલમ. રાજસ્થાની શૈલીનો વિકાસ ૧૬મી-૧૭મી સદી દરમિયાન થયો, જ્યારે પહાડી શૈલીનો વિકાસ ૧૭મી સદીના ઉત્તરકાલમાં થયો.

રાજસ્થાની ચિત્રશૈલીનાં લગભગ અગિયાર જેટલાં કેન્દ્રો નોંધપાત્ર છે. અલ્વર, બિકાનેર, બુંદી, જયપુર, જોધપુર, જેસલમેર,




૯. કાલીયદમન, કાંગડા (ગુલેર) ૧૯મી સદી



૧૫. રાગ હિંડોલ, રાગમાલા, મેવાડશૈલી ઇ.સ. ૧૬૬૦



૧૬. વસંતરાગિણી, મેવાડ શૈલી ઇ.સ.૧૬૬૦



૧૦. દાવાનલ આચમન, કાંગડાશૈલી




૧૧. ચીરહરણ, કાંગડાશૈલી


કિશનગઢ, કોટા, નાથદ્વારા, ઉદેપુર અને સિરોહીમાં થયેલાં ચિત્રોનો સમય ૧૬મી સદીથી માંડી ૧૯મી સદી સુધીનો છે. આ કેન્દ્રોમાં મોટા ભાગે રાગરાગિણીઓ, બારમાસા, કૃષ્ણલીલાનાં દૃશ્યો, રાધા-કૃષ્ણની કથાઓ વગેરેને કેન્દ્રમાં રાખી ચિત્રો આલેખાયાં છે. આ શૈલીનાં બહુ જ જાણીતાં કેન્દ્રોમાં કિસનગઢ અને મેવાડ-ઉદેપુર પ્રસિદ્ધ છે. મેવાડ શૈલીનો વિકાસ ૧૬મી થી ૧૮મી સદી દરમિયાન થયો. આમાં નાયક-નાયિકાભેદ, રાગમાલા, ભાગવત-રામાયણ, ગીતગોવિંદ, બિહારી સતસઈ, રસિકપ્રિયા, કવિપ્રિયા, પંચરાત્ર વગેરે વિષયોનું આલેખન થયું છે, જેમાં કૃષ્ણજન્મ, નંદ અને યશોદા, ગોવાળિયા, કૃષ્ણનો નૌકાવિહાર, વનવિહારનાં દૃશ્યો ચિત્રિત થયાં છે. કેશવદાસકૃત રસિકપ્રિયા અને ગીતગોવિંદનાં ૧૭મી સદીનાં તૈયાર થયેલાં ચિત્રોનો સંગ્રહ નવલગઢના રાજકુમાર સંગ્રામસિંગ પાસેથી મળી આવ્યો છે. આ જ શૈલીમાં આલેખવામાં આવેલાં સુખ-સાગરનાં કેટલાંક ચિત્રો ઈ.સ. ૧૬૫૦-૫૧ના અરસામાં ગોપ-કૃષ્ણ કનોજિયા પાસેથી મળ્યા છે. ઈ.સ. ૧૬૦૦માં તૈયાર થયેલી ભાગવત પુરાણની સચિત્ર પ્રત સર્વોત્તમ છે, જે ભાંડારકર ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ-પૂનામાં સુરક્ષિત છે.[૧૦]

કિસનગઢના રાજાઓ વલ્લભ સંપ્રદાયના અનુયાયી હોવાથી અહીંની ચિત્રકલામાં કૃષ્ણલીલાનું ચિત્રાંકન વિશેષ જોવા મળે છે. અહીં રાધા-માધવ પ્રેમલીલાનાં દૃશ્યો વધુ આલેખાયાં છે. (જુઓ ચિત્ર ૧૭)

ઈ.સ.ની ૧૭મી સદીથી શરૂ કરીને ૧૯મી સદી સુધીના સમયમાં બસોલી, કુલુ, ચંપા, ગુલેર, કાંગડા, ગઢવાલ, નુરપુર તથા જમ્મુ જેવા હિમાલયના પહાડી પ્રદેશોમાં જે ચિત્રશૈલીનો વિકાસ થયો તેને પહાડી શૈલીનાં ચિત્રો તરીકે ઓળખવામાં આવે છે. પહાડી ચિત્રકલાનું જન્મસ્થાન ગુલેર મનાય છે. કાશ્મીર, કુલુ અને કાંગડા જગતભરનાં પ્રવાસીઓને માટે આકર્ષણરૂપ રહ્યાં છે. આ શૈલીનાં કેન્દ્રોના ચિત્રકારોનો સૌથી પ્રિય વિષય કૃષ્ણની જીવનલીલા રહી છે. પહાડી કલમમાં ચિત્રકારોએ કૃષ્ણને જ લાડ લડાવ્યાં છે, જે અન્ય કોઈ ચિત્રશૈલીમાં દૃષ્ટિગોચર થતાં નથી. જયદેવકૃત ગીતગોવિંદ અને બિહારી-લિખિત સતસઈને મુખ્ય વિષય તરીકે રજૂ કરેલ છે. ઉપરાંત રામાયણ, મહાભારત, ભાગવતપુરાણ બારમાસા, રાગમાલા મુખ્ય છે. કૃષ્ણલીલા અને નાયક-નાયિકા સંબંધી ચિત્રો વિશેષ રૂપે નોખાં તરી આવે છે. કૃષ્ણલીલાનાં ચિત્રોમાં



૧૨. બ્રહ્માની શરણાગતિ, કાંગડાશૈલી



૧૩. કંસવધ, કાંગડાશૈલી


૧૪. ગોવર્ધનધરણ, ભાગવતપુરાણ, મેવાડશૈલી
ઈ.સ. ૧૬૮૦-૧૭૦૦

ગૌચારણ, બંસીવાદન, કાલીયદમન, ગોવર્ધનધરણ, દાણલીલા વનવિચરણ વગેરેનું ચિત્રણ મોહક રીતે દર્શાવ્યું છે. આ શૈલીનું કોઈ પણ ચિત્ર જોતાંની સાથે ઊર્મિકાવ્ય વાંચ્યાનો આનંદ અનુભવાય છે. આ શૈલીમાં ગુલેર અને કાંગડાનાં ચિત્રો સૌંદર્ય-અભિવ્યક્તિની દૃષ્ટિએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે. પ્રેમ અને શૃંગાર-સંયોગ અને વિયોગ-ની સ્થિતિ અને નારીના દેહ- સૌંદર્યનું અંકન પહાડી ચિત્રકલાનું ધ્રુવબિંદુ છે. નાયક-નાયિકાઓના પ્રેમમય જીવનનું ભરપૂર અંકન અહીં જોવા મળે છે. આ પ્રેમલીલાનાં કેન્દ્રબિંદુ રાધા-કૃષ્ણ છે, જે યુગયુગાન્તરથી કોટિકોટિ જનોનાં આરાધ્ય છે. રાગમાલાનાં ચિત્રોમાં કાવ્ય, સંગીત અને ચિત્ર એ ત્રણેય કલાઓનો સમન્વય જોવા મળે છે.[૧૧]

પહાડી કલાના ઈતિહાસમાં કાંગડાકલમ એક સર્વોત્તમ ઉપલબ્ધિ છે. કાંગડાશૈલી ભારતીય સંસ્કૃતિને પ્રતિબિંબિત તો કરે છે ઉપરાંત ભારતીય આત્માને અત્યંત સુરુચિપૂર્ણ ઢંગથી પ્રસ્તુત કરે છે. કૃષ્ણનું ચરિત્રચિત્રણ એટલું સુંદર રીતે કર્યું છે કે કૃષ્ણ વિશે જે કોઈ કલ્પના કરો તે બધું જ અહીં જોવા મળે. પ્રાદેશિક કવિઓએ વૈષ્ણવ સંપ્રદાયના પ્રભાવ હેઠળ એવું તો સુંદર શબ્દ- ચિત્રણ ઊભું કર્યું કે ચિત્રકારોનાં હૃદયને સ્પર્શીને ચિત્રમાં મૂર્તિમંત થઈ ગયું. આ સ્વરૂપનાં મુખ્યપાત્રો રાધા અને કૃષ્ણ છે.


૧૭. મધુવનમાં રાધા અને કૃષ્ણ
કિશનગઢશૈલી ઈ.સ. ૧૭૮૦

ભારતના ઈતિહાસમાં મધ્યયુગ પહેલાંનાં ભિત્તિચિત્રો વિશે જેટલી માહિતી મળે છે તેટલી હસ્તપ્રત અને ચિત્રકલાને લગતી માહિતી મળતી નથી. 'બાલગોપાલ સ્તુતિ' અને 'વસંત-વિલાસ' કાવ્યની સચિત્ર પ્રતો અપવાદરૂપ ગણી શકાય. આ બંને પ્રતોમાં કૃષ્ણજીવનપ્રસંગોનાં ચિત્રો જોવા મળે છે. 'બાલગોપાલસ્તુતિ' (૧૨૫૦ થી ૧૩૫૦ વચ્ચે)માં કૃષ્ણ તથા ગોવાળિયા, સુંદર પ્રેમાળ ગોપીઓ અને વૃંદાવનની આકર્ષક ઝાડી-જંગલ તથા યમુના નદીનો કિનારો વગેરેનું વર્ણન છે. આ પ્રતમાં ૨૮ ચિત્રો કૃષ્ણને લગતાં છે. ઈ.સ. ૧૪૫૦ની આસપાસનો 'વસંતવિલાસ'નો સચિત્ર વીટો પશ્ચિમ ભારત અથવા ગુજરાતી પદ્ધતિનો આદર્શ, મર્યાદા અને બહોળા વિચાર દર્શાવે છે.[૧૨]

'બાલગોપાલસ્તુતિ'ની સચિત્ર પોથી (આશરે ૧૫૪૦) વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરમાં સચવાયેલી છે, જેમાં વેણુવાદક શ્રીકૃષ્ણ નૃત્યમુદ્રામાં છે. બંને બાજુ બે-બે ગોપીઓ અને નીચે ગાયો આનંદિત સ્થિતિમાં ગતિશીલ બતાવી છે. આ ચિત્ર મારુ-ગુર્જર-શૈલીની યાદ અપાવે છે. મૂળ સંસ્કૃતમાં રચાયેલ 'હરિલીલા ષોડશ-કલા'નો સમય સં. ૧૫૪૧નો છે. તેમાં કૃષ્ણજીવનનાં ચિત્રો છે.

મહાભારતના હરિવંશના કૃષ્ણપ્રસંગોને હિંદુ ચિત્રકારોએ (ઈ.સ. ૧૫૯૫) મુઘલશૈલીએ તૈયાર કર્યાં છે. આ ચિત્રો સાથે ૧૬મી સદીના અંતભાગમાં 'રંઝ્મનામા'નાં ૨૪૦ જેટલાં ચિત્રો કૃષ્ણલીલાને લગતાં પણ તૈયાર થયાં હતાં, જે જયપુરના સિટી પેલેસ મ્યૂઝીઅમમાં છે. આમાંનાં કેટલાંક ચિત્રો બોસ્ટનના ફાઈન આર્ટ મ્યૂઝીઅમમાં સંગ્રહાયાં છે, જેમાં હિંડોલરાગના દશ્યમાં કૃષ્ણ સાથે રાધા સુવર્ણના હિંડોળે ઝૂલી રહ્યાં છે. વેણુ-ગોપાલ કૃષ્ણને વ્યક્ત કરતા દશ્યમાં કદમ્બ વૃક્ષ નીચે બંસી વગાડતા કૃષ્ણ છે. આજુબાજુ ગાયો, ગોપ અને ગોપીઓનું ચિત્રણ છે.

ભાગવતપુરાણની ' પ્રાચીન હસ્તપ્રતનાં ગુજરાતી શૈલીએ તૈયાર કરેલાં ચિત્રો (ઈ.સ. ૧૫૯૮ અને ૧૬૧૦) પોથીખાના સંગ્રહ, જયપુર અને પુસ્તક લાયબ્રેરી, જોધપુર કિલ્લામાં જળવાયાં છે. એ પછી ભાગવતપુરાણના ૧૭મી સદીના મધ્યભાગમાં તૈયાર થયેલાં ચિત્રો મેવાડ, ઉદેપુર અને ચિત્તોડમાં સચવાયાં છે. કૃષ્ણ જીવનને લગતાં તથા રાધા-કૃષ્ણનાં ભાગવતપુરાણનાં ભાવવાહી ચિત્રો કિસનગઢ (ઈ.સ. ૧૬૯૯-૧૭૬૪) કેન્દ્રમાં અને કાંગડા-શૈલીનાં ૧૮મી સદીમાં તૈયાર થયાં. 'રાસપંચાધ્યાયી'નાં રાસલીલાને લગતાં સુંદર ચિત્રો આ શૈલીમાં તૈયાર થયાં છે. ભાગવતપુરાણને આધારે તૈયાર થયેલાં



૧૮. લીલાહાવ રાધા-કૃષ્ણ
કાંગડાશૈલી ઈ.સ. ૧૮૦૦

ચિત્રોમાં કૃષ્ણજન્મ, માખણચોર કૃષ્ણ, નલ-કુબેર અને મણિગ્રીવનો ઉદ્ધાર, ગોકુળમાંથી વૃંદાવનવાસ, બકાસુર વધ, ગૌચારણ, કૃષ્ણ-બ્રહ્મ મિલન, કાલીય દમન, દાવાનલ આચમન, વસ્ત્રાહરણ, ગોપી વિરહ, ગોપી-કૃષ્ણમિલન, યમુના-સ્નાન વગેરે પ્રસંગોનું ચિત્રકારોએ ભાવવાહી ચિત્રણ કર્યું છે. પૌરાણિક કથાને વાસ્તવિક રૂપમાં આપણી નજર સમક્ષ ખડી કરી દીધી છે. રંગ, રેખા અને ભાવપૂર્ણ રજૂઆત કલાકારની સિદ્ધ-હસ્તતા અને ઈશ્વર પ્રત્યેની અનુપમ શ્રદ્ધા ઊભરી આવે છે. (જુઓ ચિત્ર ૧ થી ૧૪) કૃષ્ણલીલાના અન્ય વિષયોમાં બંસીવાદક શ્રીકૃષ્ણ, દાણલીલા, વનવિહાર, રાધા-કૃષ્ણ પ્રણયલીલા, કંસવધ વગેરે મુખ્ય છે. પંજાબ મ્યૂઝીઅમ તથા રાજ-વંશોના અંગત સંગ્રહમાં આ પ્રસંગનાં ચિત્રો જળવાયેલાં છે.[૧૪]

ગુલેર અને કાંગડા શૈલીનાં ચિત્રોમાં રાધા-કૃષ્ણની અનુપમ પ્રેમલીલાઓનાં ચિત્રો આલેખાયાં છે. ગુલેર શૈલીમાં નદીકિનારે રાધા-કૃષ્ણના મિલનનું દૃશ્ય સુંદર રીતે કંડારાયું છે. કાંગડા શૈલીમાં 'લીલાહાવ' પ્રસંગને ચિત્રકારે ઊર્મિયુક્ત ભાવોથી રજૂ કર્યો છે. જેમાં રાધાએ કૃષ્ણનાં વસ્ત્રો અને કૃષ્ણએ રાધાનાં વસ્ત્રો પરિધાન કર્યાં છે. બંનેનાં મુખ પરના ભાવનું કલાકારે હૃદય-સ્પર્શી આલેખન કર્યું છે. રાત્રિના સમયમાં પણ વનશ્રીનું અને વસ્ત્રોનાં રંગોનું મિશ્રણ કલાસૂઝ બતાવે છે. (જુઓ ચિત્ર ૧૮)

બસોલી શૈલીમાં તૈયાર થયેલા રાસમંડલનું ચિત્ર ધાર્મિક, આધ્યાત્મિક અને શૃંગારરસનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. આ ચિત્ર 'પરમરસ'નું પાન કરાવે છે. અહીં કૃષ્ણને કલાકારે ખરા અર્થમાં રાસેશ્વર તરીકે રજૂ કરવામાં સફળતા મેળવી છે. રાસ-મંડલની મધ્યમાં મોરમુકુટધારી કૃષ્ણ બંસી વગાડી રહ્યા છે. સાત ગોપીઓ અને સાત કૃષ્ણનું સપ્તક રચાયેલું છે. દેવો અને ગંધર્વો વિવિધ વાજિંત્રો વગાડી સપ્તસુર રેલાવી રહ્યા છે. આકાશમાં સૂર્ય, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે રાસલીલા નિહાળી રહ્યા છે. ભક્ત નરસૈયાએ કદાચ આવી જ રાસલીલાનાં દર્શન કર્યાં હશે. (જુઓ ટાઈટલ બીજાનું પૂર્ણરંગી ચિત્ર) (ક્રમશઃ)

પાદટીપ :

(૧) સુમતિબહેન મોરારજી, 'ભારતીયકલા', પથિક, નવે.૧૯૬૯, પૃ. ૯૫-૯૭

(૨) ચીનુભાઈ નાયક, 'ભારતીય ચિત્રકલા : એક રૂપરેખા', ૧૯૯૭, પૃ. ૧૦-૧૨.

(૩) પુષ્કરભાઈ ગોકાણી (સંપા.) 'દ્વારકા અને શ્રીકૃષ્ણ', પૃ. ૭૮-૮૧.

(૪) જયન્ત ઠાકર, 'શ્રીકૃષ્ણની રાસલીલા : એક અધ્યયન', સ્વાધ્યાય, પુ.૧૧, અંક-૨, ફેબ્રુ. ૧૯૭૧, પૃ. ૧૫૦-૧૫૩.

(૫) **Sita Sharma, 'Krishna Leela theme in Rajasthani Miniatures, Meerut, 1987, Introduction, P. 1.**

(૬) રવિશંકર રાવળ, 'રાજપુત ચિત્રકલા', કુમાર, વર્ષ-૬, અંક ૯-૧૦, દીપોત્સવી, ૧૯૨૯, પૃ. ૩૩૩

(૭) નટુભાઈ મિસ્ત્રી, 'કલાસાધના', ૧૯૬૫, પૃ. ૧૧૩.

(૮) ચીનુભાઈ નાયક, ઉપર્યુક્ત પૃ. ૪૨

(૯) નટુભાઈ મિસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪-૧૧૫.

(૧૦) प्रेमचन्द गोस्वामी (संपा.) 'राजस्थान की लघुचित्र शैलियां', (प्रथम खण्ड), जयपुर, १९७२; ચીનુભાઈ નાયક, ઉપર્યુક્ત, પૃ. ૪૨-૪૫.

(૧૧) **M. S. Randhawa, 'The Kṛishna Legend in Pahāri Painting', Lalit Kalā Akadami, 1956;** ચીનુભાઈ નાયક, ઉપર્યુક્ત, પૃ. ૪૬-૪૮.

(૧૨) **Sita Sharma, Op. Cit. P. 3-4.**

(૧૩) ઉમાકાન્ત શાહ, 'સોળમા સૈકાની ગુજરાતી ચિત્ર-શૈલી', સ્વાધ્યાય પુ. ૭, અંક-૧, ૧૯૬૯, નવેમ્બર, પૃ. ૬૦-૬૧.

(૧૪) **M. S. Randhawa, 'Kangra Paintings of the Bhāgavat Purāṇa', National Museum, New Delhi, 1960.**

નેપાળપ્રવાસ

દેવો સદા સમીપે

પ્રીતિ સેનગુપ્તા

૧૨. રાજકન્યા દેવકન્યા

વિશ્વના વિભિન્ન દેશોની પ્રજા જુદા જુદા ધર્મ-પંથોને કારણે અનેકવિધ દેવ-દેવીઓને આરાધતી હોય છે. વિશેષતઃ તળપ્રજાઓ ઈશ્વરનાં મુખ્ય સ્વરૂપો ઉપરાંત મૂળ તત્ત્વો તેમજ અન્ય જીવાત્માઓમાં પણ આસ્થા રાખતી જોવા મળે છે. ને તોયે, નેપાળમાં જે રીતે ઈશ્વરીય અંશનું આરોપણ એક જીવતી-જાગતી વ્યક્તિ પર કરવામાં આવે છે, તેવું (કદાચ) આખા વિશ્વમાં બીજે ક્યાંય થતું નહીં હોય.

દુનિયામાં બધે સાધારણતયા સ્ત્રીને માતાના આદરણીય પદ પર મૂકવામાં આવતી હોય છે અને માતા એટલે દેવી નહીં તોયે - પૂજનીય તો ગણાય જ છે. નેપાળમાં આવા દરેક અભિગમથી આગળ જઈને, એક સ્ત્રીને - ખરેખર તો, સ્ત્રીના કન્યકા-સ્વરૂપને - સુવિશિષ્ટ રીતે 'લગભગ દેવી' તરીકે સ્થાપિત કરવાની પ્રથા પણ છે, જે પ્રાચીન કાળથી ચાલી આવેલી છે. એ ઓળખાય છે જ 'કુમારી' તરીકે અને એનો ઉલ્લેખ અત્યંત સહજ તથા સ્વાભાવિક રીતે હંમેશાં 'જીવંત દેવી'ના સંદર્ભમાં થતો જોવા મળે છે. નેપાળની જનસાધારણ પ્રજા જ નહીં, પણ રાજ-કુટુંબ અને રાજા પોતે પણ 'કુમાર'ને યથોચિત માન-સન્માનથી નવાજે છે.

કાઠમંડુ નગરનું મુખ્ય કેન્દ્ર એટલે ત્યાંનો દરબાર ચૉક. એ આખા પરિસરમાં કાષ્ઠ-કારીગીરી અને શિલ્પોથી સોહતાં ઘણાં પ્રાસાદ, મંદિર અને ઇમારતો છે, જેમાંની એક તે 'કુમારી ગૃહ'. એને ઘર કહો તો ઘર છે, કારણ કે 'કુમારી' ત્યાં રહે છે, ને મંદિર કહો તો મંદિર છે કારણ કે 'કુમારી' ત્યાં દર્શન આપે છે. ખૂબ સુંદર અને ઝીણી કોતરણીવાળા ઝરૂખા અને ગવાક્ષો-વાળી, લાક્ષણિક નેપાળી શૈલીની એ ઇમારત રાજા જય પ્રકાશ મલ્લા દ્વારા ૧૭૬૦ના અરસામાં બંધાયેલી - જો કે 'કુમારી પૂજા' એના સૈકાઓ પહેલાંથી થતી આવતી હોવાનું કહેવાય છે.

આ સુંદર મોટા મકાનનું ઊંચું છત્ર તો બધેથી દેખાય. એના નાના પ્રવેશદ્વારમાં થઈને એના નાના પ્રાંગણમાં જવાનું હોય છે. પરદેશી પ્રવાસીઓ તો એટલે પણ ના જઈ શકે. એમણે તો પાતળા થાંભલાવાળા સાંકડા વરંડામાં જ ઊભાં રહેવાનું, ને લાકડાની જાળીવાળી બારીઓ તરફ જોવાનું. બારીઓનાં કમાડ બંધ જ હોય. કશી હલન-ચલન દેખાય જ નહીં. સદીઓ સુધી તો પરદેશીઓ આટલેથી જ પાછાં ફરી જતાં, પણ તાજેતરમાં એવું સાંભળ્યું છે કે હવે 'કુમારી' એકાદ ઝરૂખામાં આવીને મિનિટેક માટે ઊભી રહે છે, ને દૂરથી ફિરંગોને દર્શન આપે છે. હું ત્યાં ત્રણ-ચાર વાર ગઈ છું, પણ મેં ક્યારેય આમ બનતું જોયું નથી. અલબત્ત, હિન્દુ હોવાથી, મને ઘરની અંદર જવાની, ને નજીકથી દર્શન કરવાની છૂટ છે.



નેપાળની 'જીવંત'દેવી કુમારીનાં ભાગ્યેજ જ થતાં દર્શનની તક

પહેલી વાર તો મનમાં જાતજાતના ભાવ હતા - વિસ્મય, કુતૂહલ, સંકોચ, આદર. બહારનું બારણું આખો દિવસ ખુલ્લું જ હોય. એમાંથી વરંડામાં, ને પછી નાના પ્રાંગણની પેલી બાજુ પરની સીડી પર ચડી ઉપર જવાનું. હું એકલી જ હતી ને આશરે જ આગળ વધી. સીડી સાંકડી ને અંધારી હતી. દિવસનું અજવાળું ત્યાં સુધી પહોંચતું નહોતું. ઉપર પહોંચ્યા પછી પણ સ્થાન અંધારું, ધૂળિયું, ભેજવાળું ને જરા ફૂવડ જેવું લાગ્યું. ઓરડામાં થોડું અજવાળું હતું, તે પાછળ પડતી, ને તેથી ખુલ્લી રખાયેલી, બારીઓમાંથી આવતું હતું. આખા ઓરડામાં સળંગ સાદડી પાથરેલી હતી ને વચમાં એક પાતળો, ચોરસ, ઉપટી ગયેલા કેસરી કાપડની ખોળવાળો તકિયો પડેલો હતો. બાજુમાં કંકુ અથવા સિંદૂર ભરેલી નાની ડબ્બી મૂકેલી હતી.

હું અંદર જઈને ઊભી રહી. કોઈ દેખાય નહીં. શું કરવાનું હોય તેની ખબર નહીં, પણ અંદર જરૂર ખબર પડતી જતી હશે કે કોઈ દર્શનાર્થે આવ્યું છે, કારણ કે થોડી ઘડીઓમાં ચૂપચાપ 'કુમારી' બહાર આવ્યાં. મોઢું ફિક્કું કે નેપાળી પીળચટ્ટું હતું. ત્વચા સુંવાળી હતી, હોઠ જરા ચઢેલા હતા, દેહ થોડો સ્થૂળ કહી



મહાગુરુ પદ્મસંભવ

શકાય. આમ તો બાલિકા. વય નવેક વર્ષની હશે, તેમ મને લાગ્યું. ને વયને અનુરૂપ એમનો દેખાવ હતો, એમ કહી શકાય. મોઢું સાવ ભાવહીન હતું અને ફક્ત આંખો કાજલની જાડી રેખાથી ચિતરેલી હતી.

મેં ભૂલમાં અને બેધ્યાનથી ચંપલ પહેરી રાખેલાં. 'કુમારી' સાવ ધીમેથી કશું બબડ્યાં. ઘરની અંદર જતા બારણા પાસે ઊભેલી સ્ત્રીએ મારું ધ્યાન દોર્યું. ને મેં જલદીથી ચંપલ કાઢ્યાં. એમણે કહ્યું એ 'કુમારી'નાં મા હતાં. પછી હું સાદડી પર બેઠી. ઘણાં જણ પ્રણામ કરતા હશે, ને કદાચ માથું પણ નીચે અડાડતાં હશે. ત્યારે એ ભક્ત-જનોના કપાળ પર કુમકુમનું ટેરવું લગાડે છે. સામે આપણે ભેટ રૂપે પૈસા ધરવાના. સાવ સામે પૈસા મૂકતાં મને સંકોચ થયો, તેથી મેં નેપાળી ચલણી નોટો સાદડીની નીચે ખોસી.

વળી, એ ઊઠીને જાય પછી જ આપણે ઊઠીએને? તેથી મેં ધારેલું કે પૈસા પછીથી કોઈ લઈ લેશે. પણ ના, સાદડી નીચેથી પૈસા 'કુમારી'એ જ કાઢી લીધા અને ઊભા થતાં થતાં પોતાના ભગવા કેસરી ઉપવસ્ત્રની ગડીમાં ખોસ્યા. મને થયું કે આ આખી બાબતમાં એક પ્રકારની સાધારણતા હતી, રોજિંદાપણું હતું. કદાચ આધુનિક જમાનામાં આ પદવીનું ઐશ્વર્ય ઘટ્યું હોય, એમ બને. મેં જોઈ હતી તે, બૌદ્ધ જેવી દેખાતી એક બાલિકા હિંદુ દેવી તેલેજુ ભવાનીનું જીવંત પ્રતિનિધિત્વ ધરાવતી હતી. તેની સભાનતા કે ગૌરવ એનામાં હશે ખરાં?

ફરી એક દિવસ હનુમાન ધોકા વિભાગમાં ગરુડજીનું શિલ્પ અને કાળભૈરવની મૂર્તિ વગેરે જોતી ફરતી હતી ત્યારે અચાનક વિચાર આવતાં હું 'કુમાર' ગૃહમાં જઈ આવેલી. એ જ પ્રાંગણ, સીડી ને પછી ઉપલો મજલો. એ વખતે અંદરથી વાતોનો ને હસવાનો અવાજ સંભળાયો. કોઈ આવ્યું છે એ જાણ થાય, ને 'કુમારી' બહાર આવે. આંખો એ જ રીતે છેક લમણાં સુધી ચીતરેલી હતી. વાળ સખત અંબોડીમાં રુઢિચુસ્ત રીતે બાંધવામાં આવ્યા હતા. કદાચ એ કારણે એ બૌદ્ધ દેખાવનાં લાગતાં હશે. બાકી, આમ તો મને એ નાની, અણસમજુ, બાલિશ, જરા સ્થૂળ બાળા જેવાં લાગેલાં.

'કુમારી'ની પદવી ખરેખર ઘણી સમર્થ ગણાય છે. નેપાળી જન-જીવનમાં એનું સ્થાન દેવી-સ્વરૂપે જ જોવાય છે. ગમે તે કન્યા આ સ્થાન પામતી નથી. એ માટેની પસંદગી અત્યંત કઠિન અને પ્રતિબંધક હોય છે. કન્યા નેવારી શક્ય વંશની જ હોવી જોઈએ એટલું જ નહીં, એ બત્રીસલક્ષણાં હોવી જોઈએ. કોઈ રોગ ના હોય, કોઈ ચાઠાં કે ઘા ના હોય, ભય કે ક્રોધ ના હોય, એ બહુ રડે નહીં, એનું લોહી બહુ વહી નીકળતું ન હોય, એની આંખો મોટી હોય, એની જન્મ-કુંડળી રાજા સાથે મળતી આવતી હોય, કોઈ શારીરિક ક્ષતિ ના હોય, ઇત્યાદિ વળી, એ શુદ્ધ હોય, ને નિષ્કલંક હોય - એટલે કે એનું કૌમાર્ય અખંડ હોય, તે અતિ આવશ્યક ગણાય છે.


કાઠમંડુમાં પંચ-છત્રીય એક મંદિર

નખશિખ શુદ્ધિ એટલી મહત્ત્વની છે કે યૌવનના આરંભનું કોઈ પણ ચિહ્ન અથવા રક્તસ્રાવ દેખાય તેની સાથે એનો પદવીકાળ પૂરો થાય છે અને ત્યાં સુધીમાં નિયત કરાઈ રખાયેલી બીજી સુયોગ્ય, સંપૂર્ણ સુંદર બાલિકાને 'કુમારી' તરીકે સ્થાપિત કરવામાં આવે છે. આથી, આ પદવી પાંચ વર્ષથી માંડીને અગિયાર કે ક્યારેક બાર વર્ષની કન્યા પ્રાપ્ત કરી શકે છે.

એટલાં વર્ષો એ કન્યા રાજકુમારીની જેમ, બલકે દેવી-સ્વરૂપ તરીકે ખૂબ સુખ-સગવડ ને માન-પાનમાં વિતાવે છે, ને પછી એ પદવી જતાં, એ સાધારણ કન્યા ને પછીથી સાધારણ સ્ત્રી બની જાય છે. સાવ થોડું નિવૃત્તિ-વેતન કે પરિદાન એને મળે છે. આખી જિંદગી એ ગરીબીમાં, ત્યજાયેલી ને ભુલાયેલી વ્યક્તિ તરીકે ગુજારે છે. કોઈ કોઈ સ્ત્રી નોકરી મેળવી લે છે ને સાવ થોડી જ આવી સ્ત્રી પરણવા પામતી હોય છે. 'કુમારી'-પદેથી નીકળી ગયાં પછીની એમની પરિસ્થિતિ દયાજનક હોય છે, પણ એમની સહાય માટે, એમના સ્વમાન માટે, નેપાળી સરકાર કશું કરતી દેખાતી નથી.

ઉપરાંત, વર્ષમાં બે જ વાર, અડધા-પોણા કલાક માટે 'કુમારી'ને ગૃહની બહાર, રસ્તાઓ પર, ઉતાવળી શોભા-યાત્રામાં ફેરવવામાં આવે છે. તિબેટ જતાં પહેલાં અન્યમનસ્ક ભાવે દરબાર ચોકમાં ફરતી હતી. વસ્તુઓ પાથરીને બેઠેલા ફેરિયાઓ વચ્ચે આંટા માર્યા, સામેની સરકારી દુકાનોમાંથી 'ઢાકાઈ' વણાટની કહેવાતી સુતરાઉ શાલ માટે બે મીટર કાપડ ખરીદ્યું. એટલામાં સદ્‌ભાગ્યે નજર 'કુમારી-ગૃહ' પર પડી ને બહાર એક લાલ રંગેલી પાલખી જોઈ. પૂછતાં જાણ થઈ કે અડધાએક કલાકમાં 'જીવંત દેવી' એ પાલખીમાં બેસશે, ને એમને થામેલના રસ્તાઓમાં ફેરવવામાં આવશે. અરે વાહ! કેવો યોગાનુયોગ! અને આમ તો 'કુમારી'ના ફોટા લેવાની મનાઈ હોય છે, પણ આવી શોભાયાત્રામાં ફોટા લઈ શકાય છે.

હું ઊભી રહી ગઈ. ભીડ વધતી ગઈ, પણ હું સાવ આગળ હતી. પાલખીના ઘુમ્મટ પર સોનેરી જરિયાન કાપડ

(અનુસંધાન પૃ. ૯૯ પર)

અશોકનાં ફૂલો

મૂ.લે. પુ.લ.દેશપાંડે, અનુવાદ : નૌતમભાઈ વખારિયા

'તે જ અશોકના ઝાડ નીચે તે ઊભી હતી. આઠમનો ચંદ્ર અશોકનાં ફૂલોને પોતાનાં અમૃતકિરણોથી બહેલાવતાં હતાં! તે હળવેકથી પાછળ આવ્યો અને અશોકનાં સુંદર ફૂલો તેણે પેલીના કેશકલાપમાં...'

હું સમજતો હતો કે આ વાક્ય સાંભળીને મારે હસવું ન જોઈએ તો ય હું હસ્યો. તે હાસ્ય હાથમાં રાખેલા પારા જેવું મને લાગ્યું. પારો કેવો કૂદતો કૂદતો હાથમાંથી સરી જાય છે! તે જ રીતે આ હાસ્ય મારા હોઠમાંથી કૂદી પડ્યું. મારા હસવાને કારણે તે શિખાઉ નવલિકાકાર જરા થંભી ગયો. એક ચોરની માફક તેણે ક્ષણભર મારા તરફ જોયું અને તરત જ તેની નજર બીજી તરફ ફેરવી દીધી. તેણે ગળે થૂંક ઉતાર્યું તે પણ મેં જોયું.

તેને ધીરજ બંધાવાના હેતુથી મેં કહ્યું, 'આગળ વાંચોને.'

વાંચવા માટે તેણે હાથમાંના કાગળ તરફ જોયું, પણ પહેલા જ શબ્દે તે ગૂંગળાયો. ગરમીમાંથી આવેલો માણસ બોલવા જાય ત્યારે તેનો અવાજ જેમ શુષ્ક થઈ જાય તે રીતે તેનો અવાજ થઈ ગયો હતો. એ તો સ્પષ્ટ જ હતું કે મારા હસવાથી તે ક્ષોભીલો પડી ગયો હતો.

તેને હિંમત આપવા માટે મેં કહ્યું, 'તમારા લખાણમાં થોડી વિસંગતિ લાગી તેથી હું હસ્યો. દિલગીર છું. તમે આગળ વાંચોને.'

તેણે મારા તરફ જોયા કર્યું. તેની દૃષ્ટિમાં કેટલાક પ્રશ્નો ભરેલા હતા. થોડું મનોબળ ભેગું કરીને તે બોલ્યો, 'ક્યાં છે વિસંગતિ?'

મેં કહ્યું, 'તમારી વાર્તામાંનો નાયક ઘણા દિવસો પછી નાયિકાને અશોકના ઝાડ નીચે મળે છે અને અશોકનાં 'સુંદર' ફૂલો તેના કેશકલાપમાં ખોસે છે એ સાંભળીને...'

તે આશ્ચર્યથી બોલ્યો, 'આ વર્ણનમાં ઓછું કવિત્વ છે?'

આ વખતે પણ હું હસવું રોકી શક્યો નહિ. મારું હસવું જોઈને તે અકળાઈ ગયો. એક નિરપરાધ મનુષ્ય પર હું ખૂનનો આરોપ મૂકું છું તેવો ભાસ તેના મોઢા ઉપર હતો. મેં પૂછ્યું, 'અશોકનું ઝાડ તમે જોયું છે ખરું?'

તેણે ડોકું ધુણાવીને જવાબ આપ્યો નહિ પણ તેણે કહ્યું, 'સ્વર્ગનું વર્ણન કરવા માટે કવિએ પહેલાં સ્વર્ગે જવું જોઈએ તેવું ઓછું છે?'

મેં કહ્યું, 'પણ મને કહો કે અશોકના ઝાડને તમે વાર્તામાં કેમ રાખ્યું?'

હવે તેનામાં ઘણું જોર આવી ગયું. મને મહાત કરવાની દૃષ્ટિથી તે હસીને બોલ્યો, 'તો પછી શું બાવળનું ઝાડ રાખું?'

'નાયક અને નાયિકાના પગમાં ચંપલો હોવાથી બાવળ રાખવામાં પણ કાંઈ વાંધો નથી!'

તે ગુસ્સાથી મારા તરફ જોઈ રહ્યો. મેં તેની કુચેષ્ટા કરી છે તેવું તેને લાગ્યું હશે. શાંત પાડવાના હેતુથી હવે મેં તેને સમજાવ્યું, 'મારી જિંદગીમાં અશોકનું ઝાડ મેં એક વાર જ જોયું છે. પણ જીવનભર મને તેની યાદ ભુલાય તેમ નથી.'

વિજયીની અદાથી તે બોલ્યો, 'કાલિદાસ સરખા કવિએ લખ્યું છે કે સ્ત્રીના લાતના પ્રહારથી અશોક વધુ ને વધુ ઊગે છે તે કાંઈ અમસ્તું જ?'

મેં તેને કહ્યું કે, 'પહેલાં મારો અનુભવ સાંભળો. હું શાળામાં સંસ્કૃતનો સ્કૉલર હતો. મને શંકરશેઠ સ્કૉલરશિપ મળે તે માટે શાસ્ત્રી માસ્તરે મને ખૂબ તૈયારી કરાવી હતી. આમ છતાં પણ સંસ્કૃતની પાઠ્યપુસ્તિકામાંના કાવ્યમાં જે કમળનું વર્ણન આવતું હતું તે મેં કદી જોયેલું નહોતું. તે કાવ્યમાં કમલિનીથી બંદીવાન થયેલો ભ્રમર, સ્ત્રીની લાતના પ્રહારથી વિકસતું અશોક, સુંદર સ્ત્રી મોઢામાંથી દારૂનો કોગળો કરે તો વિકસનારું વૃક્ષ...'

તે લેખકનો હોઠ કાંઈક બોલવા માટે હલ્યો. તે ઝાડનું નામ યાદ દેવરાવીને મારી સ્મરણશક્તિ ઉપર જામી ગયેલી ધૂળ લૂછવાનો તેનો વિચાર હોવો જોઈએ. પણ મેં તેને બોલવા જ દીધો નહીં.

પછી કૉલેજમાં ગયો ત્યારે નાતાલની રજાઓમાં વિદ્યાર્થીઓએ એક ટૂર કાઢી. અમે કોંકણ જોવા ગયા. મનમાં આનંદ હતો કે અત્યાર સુધી વાંચેલાં કાવ્યો અનુભવવા મળશે. એક દિવસે સાંજે એક સુંદર ગામડાના મંદિરમાં અમે મુકામ કર્યો. મંદિરની સામે મોટું તળાવ હતું. ભવ્ય દીવાનખાનામાં વિવિધ જાતના નાના-મોટા ગાલીચા કેમ જાણે પાથર્યા હોય તે રીતે કમળના તરેહતરેહના ગુચ્છોથી તળાવનો પૃષ્ઠભાગ શોભાયમાન હતો. બરોબર સાંજ પડી ને તળાવમાં એકેય ફૂલ વિકસેલું રહ્યું નહોતું. બધી કળીઓ બિડાઈ ગઈ હતી.

બીજે દિવસે સૂર્યોદય થતાં વેંત તળાવને કાંઠે હું ઊભો રહી ગયો. હળવે હળવે કમળો ખીલવા માંડ્યાં. ઊંઘમાંથી ઊઠેલા બાળકની જેવાં તે ભાસતાં હતાં.

ઘણો વખત તળાવને કાંઠે હું ઊભો રહ્યો. रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम् । તે સુંદર શ્લોક હું ગણગણતો હતો. બે કલાક રાહ જોઈને ઊભો રહેવા છતાં ય મને તે શ્લોકનો કોઈ સાક્ષાત્કાર થયો નહિ. એક ય કમળમાંથી ભમરો બહાર નીકળ્યો નહિ!

નિરાશ થઈને હું મંદિર તરફ વળ્યો. અમુક વિદ્યાર્થીઓ

આજુબાજુના બગીચામાં ફરતા હતા. હું બગીચા તરફ ગયો. રાતાં ફૂલોના ગુચ્છોના ગુચ્છોવાળું એક ઝાડ મને દેખાયું. મોગરાનાં ફૂલોએ, તીર્થ પરનાં સંગમમાં, સવારના સૂર્યમાં જાણે કે સ્નાન ન કર્યું હોય તેવો મને ભાસ થયો. બાજુમાંથી પસાર થઈ રહેલા એક માણસને મેં ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો, 'આ ઝાડનું નામ શું?' 'અશોક' એમ તેણે કહેતાં જ મને વિલક્ષણ આનંદ થયો. હું મારમાર કરતો ઝાડ ઉપર ચડ્યો. મન કહેતું હતું, સંસ્કૃત કવિને ગમતાં આ ફૂલની સુગંધ કેવી સરસ હશે!

'પણ સુગંધ પહેલાં મને કાંટાનો જ પ્રસાદ મળ્યો!'

'શું અશોકના વૃક્ષમાં કાંટા હોય છે?' લેખકે પ્રશ્ન કર્યો.

મેં કહ્યું, 'કાંટા નહોતા પણ તે ઝાડ ઉપર ભયંકર કીડા હતા - રાતા મંકોડા જ કહોને! જેવો હું ફૂલોનો એક ગુચ્છ તોડવા ગયો તેવી જ તેની ટોળીઓ ને ટોળીઓ મારા અંગો પર તૂટી પડી. એવા તો ડંખ માર્યા છે તેણે! વધારામાં, જીવનું આટલું જોખમ ખેડીને મેં જે ફૂલો લીધાં તેમાં કરેણનાં ફૂલ કરતાં કોઈ વધારે સુવાસ નહોતી!'

બિચારો લેખક! તેને મારી સામે જોવાની હિંમત નહોતી. થોડા વખત પછી નમસ્કાર કરીને તે રવાના થઈ ગયો.

તેના ગયા પછી મને અફસોસ થયો કે અશોકનાં ફૂલની વાત મેં તેને કહી ન હોત તો સારું હતું. તે ખૂબ હતાશ થયો હશે. ઉંમરના પ્રમાણમાં સરસ લખનાર આ મનુષ્ય જો લખવાનું છોડી દે તો - તો એક વ્યક્તિના વિકાસની આડે હું આવ્યો તેવું ન થયું?

પણ વ્યક્તિનો વિકાસ શાથી થાય છે?

મધુર અસત્યથી કે કડવા સત્યથી?

આજના કાવ્યમાંનો સંકેત માન્ય કરીને તેણે નાયકને નાયિકાના વાળમાં અશોકનાં ફૂલો ખોસવામાં લગાડ્યો. આવતી કાલના જીવનમાંના બધા સંકેત અંધ રીતે માન્ય કરીને તે માનવ-સ્વભાવનું આલેખન કરશે. તેનું લખાણ નિર્જીવ થાય નહિ, પરા-પૂર્વથી ચાલી આવેલી કલ્પનાઓમાં તેની નિર્માણશક્તિ રૂંધાય નહિ તે માટે તેને તેની ભૂલોની જાણ કરી દેવી. એ મારું કર્તવ્ય નહોતું કે?

તે યુવાનને વિવસ કર્યાનો વસવસો આ વિચારથી થોડો ઓછો તો થયો છતાં મને લાગ્યું - અશોકનાં ફૂલો તેની પ્રેયસીના કેશ-કલાપમાં ખોસવાનો ઉલ્લેખ તેની વાર્તામાં આવ્યો ત્યારે હું ન હસ્યો હોત તો સારું હતું!

'વાર્તા કરો, ભાઈ, વાર્તા કરો.' એમ ઊંઘમાં આવેલા અવિનાશે હઠ લીધી એ સારું થયું. અન્યથા, દાંતમાં કંઈક ફસાઈ જાય છે ત્યારે માણસ કેવો અસ્વસ્થ થઈ જાય છે? મનનું પણ તેવું જ છે. હું અશોકનાં ફૂલોના વિષયમાં વિચાર કરી રહ્યો હતો.

અવિનાશની વાર્તા શરૂ થઈ.

મેં કહ્યું, 'એક હતું શિયાળ...'

'ઊહું! બીજી વાર્તા કહો.'

'બીજી?'

'મને ખબર પડી ગઈ કે આજે તેની મરજી શિયાળ ઉપર નથી. હવે મારે તેને બીજી કઈ વાર્તા કહેવી?'

આપણે, નાનાં બાળકોનાં મા-બાપો ઉપર ઈસપે કેવડો મોટો ઉપકાર કર્યો છે તેની તેને કલ્પના પણ નહિ હોય.

મેં ઈસપની નીતિકથાઓમાંથી સાબરની વાર્તા અવિનાશને કહેવાની શરૂ કરી : 'તળાવનાં પાણીમાં પોતાનાં સુંદર શિંગડાંનું પ્રતિબિંબ જોઈને તે સાબરને પોતાના કુરૂપ પર ગુસ્સો આવ્યો. એટલામાં પારધીઓનો પગરવ સાંભળીને તે ભાગ્યું. ચરણોએ તેને બચાવવામાં મદદ કરી. પણ શિંગડાંઓ એક ઝાંખરામાં ભરાઈ જતાં તે ગરીબ જીવ માર્યો ગયો.'

મેં અવિનાશ તરફ જોયું. તે ક્યારનો ય સૂઈ ગયો હતો. મને જ ઊંઘ આવી નહિ. અશોકનાં ફૂલોમાં કાવ્ય માનનારો મનુષ્ય અને પગ કરતાં શિંગડાં ઉપર ખુશ થનારું હરણ એમાં કંઈક સામ્ય છે તેવા વિચાર ઉપર હું ચડી ગયો.

હરણનાં શિંગડાંઓ જરૂર સુંદર છે, પણ તે સૌંદર્યનો ઉપયોગ શ્રીમંતોનાં દીવાનખાનાંઓ સજાવવા માટે જ છે ને? પગલે પગલે ઉપયોગી થનારા ચરણ ઉપર તે સાબરને ધિક્કાર આવ્યો અને નકામાં શિંગડાં ઉપર તે ખુશ થયો તે મૂર્ખતા નથી શું?

મને લાગ્યું કે તે સાબર ઉપર હસવાનો કાંઈ અર્થ નથી. પશુને તો આંખે જે દેખાય તે જ સાચું લાગે, પણ માણસ જેવા માણસો પણ તે ગાંડા સાબર સરખા જ નથી લાગતા? જિંદગીમાં પોતાને શેનો ઉપયોગ વધારે છે તે કેટલાં લોકોને સમજાય છે? ભળતી જ વાતની પાછળ લાગીને જન્મભર દુઃખી થનારાં કેટલાંક ઓળખીતાં માણસોનાં ઉદાહરણો મારી નજર સમક્ષ આવ્યાં.

તે સુંદર અને બુદ્ધિમાન સ્ત્રી હતી. વીસમા વર્ષે, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના આવેશથી જાહેર સભામાં તે પુરુષજાતિ ઉપર હલ્લા કરતી. પચીસ વર્ષની વયે એક વિદ્વાન ગૃહસ્થની લગ્નની માગણીને તેણે નકારી કાઢી. ત્રીસમા વર્ષે એક યા બીજા કારણે તે પુરુષોમાં ભળવા લાગી અને પાંત્રીસીએ પહોંચતાંની સાથે જ સ્ત્રી-સંતાનવાળા એક ગૃહસ્થના ગળામાં તેણે નિઃસંકોચે વરમાળા પહેરાવી દીધી!

તેનાં લગ્નની વાત સાંભળી ત્યારે જિબ્રાનની એક વાર્તાનું સ્મરણ મને થયા વગર રહ્યું નહિ. આ વાર્તામાંનું શિયાળ સવારે પોતાના પડછાયા તરફ જોઈને બોલ્યું, 'બસ, આજે ઊંટ સિવાય બીજો નાસ્તો કરવો નથી.' બપોર સુધી ઊંટની શોધમાં તે વનેવન ભટક્યું. છેવટે માથા ઉપર સૂરજ આવ્યો ત્યારે પોતાના પડછાયા

તરફ જોઈને તે બોલ્યો, 'ઉંદરનો નાસ્તો પણ કંઈ ખોટો નથી.'

મનુષ્યના સ્વભાવમાં પણ થોડેઘણે અંશે આ શિયાળવૃત્તિ રહેલી છે તેમાં શંકા નથી. કાવ્યો જુઓ, તત્ત્વજ્ઞાન પરના ગ્રંથો વાંચો, સર્વત્ર જે દૂર છે, દુર્લભ છે, કાલ્પનિક છે તેના માટે જ મનુષ્યને અધિક પ્રેમ થાય છે એવું જોવામાં આવે છે. કોકિલનું કુહુકુહુ અને ચકલીની ચીંચીં બન્નેમાં સરખી જ રમ્યતા છે, પણ કોઈ કાવ્યગ્રંથમાંના એક પાન પર કોકિલ વિના ફરકતું નથી! ઊલટું એકાદ પ્રૌઢ કવિ ચકલી ઉપર કવિતા કરવા માંડે તો તેને ગાંડાની હૉસ્પિટલમાં મૂકી આવવાનો ઠરાવ કરવાનું આપણાં સાહિત્ય સંમેલનો ચૂકે નહિ!

ઈસુ ખ્રિસ્ત અને ગાંધીજીનું તત્ત્વજ્ઞાન પણ અશોકનાં ફૂલ જેવું જ શું નથી? 'એક ગાલ ઉપર કોઈ તમાચો મારે તો તરત તેના આગળ બીજો ગાલ ધર!' એ ઈસુ ખ્રિસ્તનું વાક્ય મને નાનપણમાં પણ ગમતું નહોતું. કોપાયમાન થયેલા શિક્ષક કે ચિડાયેલા પિતા છોકરાને સો ગાલ હોય તો ય તેને રાતા કરવાનું બાકી રાખતા નથી તેનો જેને અનુભવ છે તે ઈસુ ખ્રિસ્ત ગમે તેટલા મહાન હોય તો પણ તેના શબ્દો ઉપર તેને વિશ્વાસ કેમ બેસે? મહાત્માજી વિશે મને હંમેશાં આદર રહ્યો છે. પણ તેમની દાંડીયાત્રાની લાઠી મને જેટલી ગમે છે તેટલો તેમનો રેંટિયો ગમતો નથી. ગાંધીજીના હૃદયપલટાનો પ્રયોગ જોઈને તો, દુનિયામાંના બધા લોખંડનું સોનું કરી નાખવા માટે પારસ શોધવા નીકળેલા સ્વપ્નવશ મનુષ્યની મૂર્તિ મારી આંખો સમક્ષ ખડી થાય છે.

અને મનમાં આવ્યું - તાડનું ઝાડ ગમે તેટલું ઊંચું જાય તો ય આભને અડતું નથી તેની બધાંને ખબર છે પણ મનુષ્યના વિકાસની મર્યાદા બાંધવા કોઈ તત્ત્વજ્ઞાન તૈયાર થતું નથી.

બધાં કવિઓ આ તત્ત્વજ્ઞાની જેવા. જીવનની વેલીને કાગળનાં ફૂલો ચોંટાડીને બેસી રહેવા કરતાં તે આપોઆપ કેવી રીતે ફૂટી નીકળે તેનો વિચાર તે કદી કરે તો તો સમ! કલ્પના વગર ક્ષણભર પણ તેને ચાલે નહિ.

આવો વિચાર કરવા માંડો એટલે લાગે કે ચાંદની રાત જેટલી અંધારી રાત સુંદર છે અને બીજાં ફૂલો જેટલું જ અશોકનાં ફૂલોમાં કાવ્ય છે. દેવ થવા કરતાં માણસ તરીકે રહેવાથી જગતમાં વધારે સાર્થક્ય છે તે પ્રતીત થાય છે...

મીના હાથમાં ડ્રૉઈંગ બુક લઈને આવી અને મારી વિચારમાળા તૂટી પડી.

તે દેખાડતી હતી તે ચિત્ર જોઈને મેં કહ્યું, 'શેનું છે આ?'

'અશોકનું.'

છોકરીએ કેવું સરસ રંગ્યું હતું તે લાલચટાક ફૂલ!

મેં કહ્યું, 'વેણીમાં નાખવા માટે કાલે કોઈ ગજરો લાવવાની જરૂર નથી! આ ફૂલ છે જ ને તારું!'

'તો - તો' - કહીને તેણે તે ચોપડી દૂર ફેંકી દીધી.

તેની દૃષ્ટિ કહેતી હતી - જીવન કલ્પનામાં નહિ, અનુભવમાં છે. ❐

અનુસંધાન] દેવો સદા સમીપે [પૃ. ૯૬ થી

લગાવેલું હતું. અંદરના પાંજરામાં લાલ તકિયા ગોઠવેલા હતા. સમય થતાં, બે હાથમાં બાળક 'કુમારી'ને ઊંચકીને એક પુરુષ-ભક્ત બહાર આવ્યા. 'કુમારી'ના પગ જમીન પર તો ના જ પડવા જોઈએને, એમને પાલખીમાં પધરાવીને તરત પાલખી ઉપાડવામાં આવી. સાથે થોડું વાજિંત્ર-સંગીત હતું. બે પુરુષોએ કન્યકાના એક એક હાથ પકડી રાખેલા.

સાવ નાનકડી બાળા હતી - આઠેક વર્ષની માંડ હશે. એ સંપૂર્ણપણે શણગારેલી હતી. લાલ હોઠ, માથામાં પાછળ નાખેલાં ફૂમતાં, એ પગ લાંબા કરીને બેઠેલી. એના પગ પર કંકુમાં રગદોળીને લાલ કરેલાં મોજાં. વસ્ત્રો પૂરેપૂરાં લાલ. કપાળ આખામાં લાલ-ચટક કંકુની અર્ચા. આંખોને કોઈ જરૂરી વિધિસર અતિ-વિશિષ્ટ રીતે શણગારેલી. હાથે 'પાડેલા' કાજલની કાળી રેખાઓથી આંખોને સ્પષ્ટ-સુંદર આકાર મળેલો એટલું જ નહીં, એ રેખાઓ આંખના ખૂણા પરથી શરૂ થઈને છેક કાન સુધી પહોંચતી. માથા પર સોનેરી મુગટની રેખ હતી, જે ઈશ્વરીય લાલિત્ય અને મોહકતાનું આરોપણ 'કુમારી' પર કરવામાં આવે છે તે અહીં મૂર્તિમંત થતું લાગતું હતું.

હું દોડીને આગળ જતી હતી કે જેથી પાછળ ફરીને આ અલભ્ય પ્રસ્તુતિ નિહાળી શકું. એનું મુખ ભાવવિહીન હતું. એ રસ્તાની બે તરફ આવેલી દુકાનો સામે જોતી હતી ખરી, પણ એની આંખો કુતૂહલ દર્શાવતી નહોતી. રસ્તાઓ પર ભેગા થયેલા લોકો સિક્કા ને ફૂલો એની તરફ ફેંકતાં હતાં, બે હાથ જોડીને એને નમતાં હતાં. એ કોઈની સામે જોતી નહોતી. એની નજર કેવળ દુકાનોમાંની ચીજો પર પડતી હતી. એટલી નાનકડી, મીઠડી લાગે તેવી, કન્યા હતી. મહિનાઓ પછી માંડ એ બહાર નીકળી હતી. પણ જાણે એ સ્વસ્થ હતી. એની આંખો પણ ચકળવકળ નહોતી. અકાળે ગાંભીર્ય આવી ગયું હતું એનામાં? કે આવો આદેશ મળતો રહ્યો હતો એને?

મારા કૅમેરામાં ત્રણેક જ ફોટા હતા, જેની અંદર મેં એના સુંદર બાલ-મુખને હંમેશ માટે કંડારી લીધું હતું. નેપાળમાં સર્વ સ્થળે, સર્વ સમયે - મંદિરો અને સ્તૂપોને લીધે, મૂર્તિઓ અને શિલ્પોને કારણે દેવોનું સામીપ્ય મળતું જ રહેતું હોય છે, પરંતુ જે રીતે 'પૃથ્વી પરની એકની એક જીવંત દેવી'ના સાન્નિધ્યનો અવસર મળ્યો તે ખરેખર ઈશ્વરપ્રદત્ત હતો કે પછી દેવી-પ્રદત્ત હતો એમ કહેવું વધારે યોગ્ય છે? (સંપૂર્ણ)

બોધકથા

અસ્તિત્વનો ઉત્સવ

બહાદુરભાઈ જ. વાંક

પોતાના સંન્યાસ જીવનની શરૂઆતનાં વર્ષોમાં બજુઆ નદીના કિનારે પર્ણકુટિ બનાવીને એકલા રહેતા હતા. ન ક્યાંય જવાનું, ન કોઈને મળવાનું કે ન કોઈ પણ સાથે કશી વાતચીત! દિવસ દરમિયાન માત્ર તેમની એક જ પ્રવૃત્તિ - કિનારે બેસી નદીના ખળભળ વહેતા પ્રવાહને માત્ર જોયા કરે. પૂરેપૂરા મસ્તરામ!

શહેરના એક નગરશેઠ તેમના ખાસ ભક્ત બની ગયા હતા. જો કે નગરશેઠ પાસેથી તેમણે ક્યારેય કોઈ પણ પ્રકારની સેવા લીધી નહોતી. તેમને બધું જ સ્વયં પોતાનામાંથી જ મળી રહેતું, એટલે તેમના માટે બહાર નજર દોડાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નહોતો.

એક દિવસ સવારના એ નગરશેઠ તેમની પર્ણકુટિએ આવ્યા, ને વાતમાંથી વાત નીકળતાં તેમણે ગુરુ બજુવાને પૂછ્યું, 'આ આખા શહેરમાં તમને સુખીમાં સુખી માણસ કોણ લાગ્યો છે?'

'શહેરમાં સુખીમાં સુખી માણસ તો એકમાત્ર તમે જ મને લાગ્યા છો!' બજુવાએ હસતાં હસતાં કહ્યું.

'હું વળી કઈ રીતે?' નગરશેઠે પૂછ્યું.

'તમને આખું શહેર ઓળખે છે, ને માન આપે છે એટલે!!'

નગરશેઠે બજુવાને બીજો પ્રશ્ન પૂછ્યો : 'હવે એ કહો - આ આખા શહેરમાં તમને દુઃખીમાં દુઃખી માણસ કોણ લાગ્યો છે?'

'દુઃખીમાં દુઃખી માણસ પણ તમે જ મને લાગ્યા છો!' બજુવાએ નિખાલસતાથી જવાબ આપ્યો.

'શહેરનો દુઃખીમાં દુઃખી માણસ પણ હું તમને કેવી રીતે લાગ્યો?' નગરશેઠનો પ્રશ્ન.

'આ આખા શહેરમાં લગભગ તમે કોઈને પણ ઓળખતા નથી એટલે!' ને જરા રહી તેમણે ઉમેર્યું, 'બીજી રીતે કહું તો તમે તમારાથી જ અજાણ્યા બની ગયા છો ને તમારામાં જ બંધ થઈ ગયા છો.'

નગરશેઠ તેમની વાતનો મર્મ પામી જતાં બોલ્યા : તમારી વાત સોએ સો ટકા સાચી છે. મને તો થાય છે - હું પણ તમારી જેમ મસ્તરામ બનીને જીવી શકું તો કેવું સારું!'

બજુવા બોલ્યા : 'હું મસ્તરામ બન્યો નથી, પણ જન્મથી જ છું!' ને શેઠને પોતાની વાત વિશેષ રીતે સમજાવતાં કહ્યું : 'જીવનમાં આપણે કંઈ પણ બનવાની ચેષ્ટા કરીએ છીએ ત્યારે જ આપણે થાકી જઈએ છીએ, ને દુઃખી દુઃખી થઈ જઈએ છીએ. આ ચેષ્ટાને કારણે જ આપણે 'આપણે' સ્વયં રહેતા નથી, ને 'અન્ય' બની શકતા નથી! કેવી વિડંબના! માણસજાતને જાણે અસ્તિત્વનો આ કેવો મોટો અભિશાપ!'

'નગરશેઠ તો હું નહીં, પણ સાચા નગરશેઠ તો તમે જ છો ગુરુદેવ - શરીરરૂપી નગરના!' નગરશેઠ બોલ્યા.

ને ગુરુ બજુવા બોલ્યા : 'સાચા અર્થમાં તમે પણ 'નગરશેઠ' બની શકો - જો માત્ર આટલું જ યાદ રાખી શકો તો - માત્ર આપણું 'હોવાપણું' એ જ તો છે અસ્તિત્વનો ઉત્સવ, ને એ જ તો છે અસ્તિત્વનો પરમ આશીર્વાદ!'

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૭

ડૉ. પી. ડી. શર્મા

(૧) જુલાઈ ૨૦૦૨માં મહિલાઓની વિમ્બલ્ડન ટાઈટલ કોણે જીતી હતી?
(અ) વીનસ વિલિયમ્સ (બ) સેરેના વિલિયમ્સ
(ક) મોનિકા સેલેસ (ઈ) માર્ટિના હિંગીસ

(૨) ૨૦૦૨ ફૂટબૉલ વિશ્વકપમાં 'ગોલ્ડન બૉલ' ઍવૉર્ડ કોને મળ્યો હતો?
(અ) બ્રાઝીલના રોનાલ્ડોને (બ) જર્મનીના માઈકલ બલાકને
(ક) જર્મનીના ઓલિવરકેહને (ઈ) ટર્કીના હકન સુકુરને

(૩) જૂન ૨૦૦૨માં પુરુષોની ફ્રેન્ચ ઓપન ટેનિસ ટાઈટલ કોણે જીતી હતી?
(અ) આલ્બર્ટ કોસ્ટા (બ) જુઆન કાર્લોસ ફરેરા
(ક) આન્દ્રે અગાસી (ઈ) ગુસ્તાવો કુએર્તેન

(૪) ૨૦૧૨માં ઑલિમ્પિક ગેમ્સ ભારતને યોજવા મળે તે માટે ભારતે કોને વિનંતી કરી હતી?
(અ) ઈન્ટરનૅશનલ એમેચ્યોર એથ્લેટિક ફેડરેશન
(બ) ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ ઈન્ડિયા
(ક) સંયુક્ત રાષ્ટ્રસંઘ (ડ) ઈન્ટરનૅશનલ ઑલિમ્પિક સમિતિ

(૫) લક્ષ્મીબાઈ નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ એજ્યુકેશન ભારતમાં ક્યાં આવેલી છે?
(અ) ગ્વાલિયર (બ) નવી દિલ્હી (ક) કોલકાતા (ડ) મુંબઈ

(૬) 'ટૉરસો' શબ્દનો ઉપયોગ શામાં થાય છે?
(અ) કૂદ (બ) ફેંક (ક) દોડ (ડ) આમાંથી એક પણ નહીં

(૭) ઈન્ટરનૅશનલ ઑલિમ્પિક સમિતિના સભ્ય થવાનું પ્રથમ બહુમાન ક્યા ભારતીયને જાય છે?
(અ) અશ્વિનીકુમાર (બ) સર દોરાબજી તાતા
(ક) જી. ડી. સોંધી (ડ) રાજા ભલિન્દ્રસિંહ

(૮) સૌથી ઓછી વનડેમાં ૫૦ વિકેટ ઝડપવાનો વિશ્વવિક્રમ કોણ ધરાવે છે?
(અ) ભારતનો અજિત અગરકર (બ) પાક.નો સકલૈન મુશતાક
(ક) દ.આ.નો એલન ડોનાલ્ડ (ડ) ઓસ્ટ્રેલિયાનો શેનવોર્ન

(૯) જુલાઈ ૨૦૦૨માં પુરુષોની વિમ્બલ્ડન ટાઈટલ કોણે જીતી હતી?
(અ) બ્રિટનના ટીમ હેન્મને (બ) અમેરિકાના પીટ સામ્પ્રસે
(ક) આર્જેન્ટિનાના ડેવિડ નેલ્બેન્ડિયને (ક) ઓસ્ટ્રેલિયાના લીટોન હેવિટે

(૧૦) બાસ્કેટબૉલમાં કેટલા વ્યક્તિગત અને ટેકનિકલ ફાઉલ કરવાથી ખેલાડી પોતે ડિસ્ક્વોલિફાઈડ થઈ જાય છે?
(અ) પાંચ (બ) છ (ક) ચાર (ડ) સાત

(આના સાચા ઉત્તરો આવતા અંકે આપવામાં આવશે.)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૬ના સાચા ઉત્તરો

૧. એકતા, ૨. ગોલ્ફ, ૩. સૌરવ ગાંગુલી, ૪. આઈસ હૉકી, ૫. સલીમ દુરાની, ૬. સલીલ અંકોલા, ૭. પુલેલા ગોપીચંદ, ૮. ઍથ્લેટિક્સ, ૯. બોક્સિંગ, ૧૦. ગોલ્ફ.

ફિલ્માકાશ-૨૫
... અને આવી સવારી 'વિદ્યાપતિ'ની

રજનીકુમાર પંડ્યા

૧૯૩૭ની સાલની ન્યૂ થીએટર્સની સૌથી વધુ સફળ ફિલ્મો હતી 'પ્રેસિડેન્ટ' અને 'મુક્તિ', જેની વાત આગલા પ્રકરણમાં કરી, પણ સૌથી વધુ યશોજ્જ્વલ અને પ્રશિષ્ટ ફિલ્મ હતી 'વિદ્યાપતિ'.

પણ એની વિગતે વાત માંડતાં પહેલાં તે સાલની એ જ નિર્માણસંસ્થાની બીજી ફિલ્મોની વાત જરા જાણી લઈએ. આપણો ઉપક્રમ વિશેષતઃ તેની હિન્દી ફિલ્મોની વાત જ કરવાનો છે, એટલે 'પ્રેસિડેન્ટ'ની બંગાળી આવૃત્તિ 'દીદી'ની વિગતે ચર્ચા આપણે કરતા નથી, પણ એ જાણવું રસપ્રદ થઈ પડશે કે, એ બંગાળી ફિલ્મમાં પણ સાયગલ જ નાયક હતા અને એમાં પણ લીલા દેસાઈ જ મુખ્ય સ્ત્રીપાત્રમાં હતાં. ઉપરાંત બીજાં પાત્રોમાં દુર્ગાદાસ બૅનરજી (જે બંગાળના પૃથ્વીરાજ કપુર કહેવાતા), અમર મલિક, ભાનુ બૅનરજી, ઈન્દુકાન્ત મુકરજી, ચંદ્રાવતી અને દેવબાળા હતાં. ટૅક્નિકલ પક્ષની ટીમ પણ લગભગ હિંદીમાં હતી તે જ હતી.

'મીસ સુંદરી' નામની એક બીજી બંગાળી ફિલ્મ પણ આ જ સાલમાં ન્યૂ થીએટર્સે જ આપી હતી અને એક 'અર્ઘ્ય' નામની બંગાળી ફિલ્મ પણ બનાવી હતી. આ ફિલ્મોની ગુણવત્તા ને સફળતા-નિષ્ફળતા વિશે ખાસ માહિતી ઉપલબ્ધ નથી.

પણ બીજી હિન્દી ફિલ્મની વાત લઈએ તો એક બહુ નોંધપાત્ર ન ગણાય તેવી ફિલ્મ 'અનાથાશ્રમ'નું પણ નિર્માણ કર્યું હતું અને તેમાં જૂની-નવી ટીમનો સુમેળ સાધ્યો હતો. નાયિકા ઉમાશશી હતાં. તો નાયક તરીકે બૉમ્બે ટૉકીઝના ઘરાનાના નજમુલ હુસૈન ઉર્ફે નજમ હતા. આ ઉપરાંત જગદીશ શેઠી, પૃથ્વીરાજ કપુર, ત્રિલોક કપુર, નવાબ, મનોરમા (પાછળથી જે સ્થૂળકાય થઈને કૉમેડિ રોલ કરતા) ગાયિકા કલ્યાણી, નેમો, હરિમતી, દેવબાળા જેવાં જૂનાં પગારદાર કલાકારો હતાં. સંગીત રામચંદ્ર બોરાલનું અને ગીતો કેદાર શર્માનાં હતાં. દિગ્દર્શક 'કારવાને હયાત' તથા 'કરોડપતિ'વાળા હેમચંદ્ર હતા. છબીકાર જૂના જોગી યુસુફ મૂલજી હતા.

આ ફિલ્મની વાર્તા, તેનું નામ સૂચવે છે તેમ સાવ અનાથ બાળકોની સમસ્યા ઉપર આધારિત નહોતી, બલકે કૌટુંબિક કથા જ હતી. જય નારાયણ (જગદીશ શેઠી) કોલસાની એક ખાણનો માલિક છે. પરિવારમાં પત્ની (મનોરમા) પુત્રી સરોજ (ઉમાશશી), જમાઈ કૈલાસ (ત્રિલોક કપુર) એમનો નાનકડો પુત્ર નન્હા (માસ્ટર સેતુ) હોય છે. સુખી દિવસો પસાર થતા હોય છે ત્યાં ખાણના એક અકસ્માતમાં જમાઈનું અપમૃત્યુ થાય છે. યુવાન પુત્રીને પરણાવવામાં અવરોધ ના આવે તેટલા ખાતર તેના શિશુ-વયના પુત્રને અનાથાશ્રમમાં મોકલી દેવામાં આવે છે અને પુત્રીને રમેશ નામના એક આ બધાથી બેખબર એવા યુવાન સાથે પરણાવી દેવામાં આવે છે. દરમિયાન સરોજનો જૂનો ચાહક રણજિત (પૃથ્વીરાજ કપુર) દેખા દે છે ને ત્યાંથી આગળ નવી ઘટનાઓનો સિલસિલો આરંભાય છે. નન્હા અને સરોજ (માતા-પુત્ર)નો પરસ્પર ઝુરાપો અને થોડી બીજી ઘટનાઓ એના કેન્દ્રમાં રહે છે. અંતે રમેશ આ આખી વાત સ્વીકારે છે અને ટ્રેનના એક અકસ્માતમાંથી બાળકને બચાવી લેવામાં પણ એ જ કારણભૂત થાય છે.

આ ફિલ્મ કંઈ બહુ ઊંચાં નિર્માણ-ધોરણોવાળી નહોતી અને ટિકિટબારી ઉપર પણ માત્ર ઠીક ઠીક જ રહી હતી. પણ સૌથી વધુ યશસ્વી અને દરેક પ્રકારના કલાકીય ધોરણે જે ફિલ્મ આ સાલમાં ન્યૂ થીએટર્સે બનાવી તે ઉપર લખ્યું તેમ



વચ્ચે દેવકી બોઝ હાથમાં ફૂલના ગુચ્છા સાથે, તેમની ડાબે બંધનના ડાઇરેક્ટર એન. આર. આચાર્ય, તેમની પાછળ કાળા કોટવાળા પંડિત ભરત વ્યાસ, જમણે અભિનેત્રી રેહાના અને અન્ય

'વિદ્યાપતિ' જ. વર્ગીકરણની રીતે એ પૌરાણિક કે સામાજિક, પોશાક કે ફેન્ટસીની વ્યાખ્યામાં ન આવતાં જીવનચરિત્રાત્મક ફિલ્મોના વર્ગમાં આવે; કારણ કે એક કવિના જીવન-કવનની બીજા પ્રસંગો સાથે તાણા-વાણાની ઢબથી ગૂંથીને રજૂ થયેલી કહાણી હતી. પણ તેમ છતાં એમાંથી કવિની વ્યક્તિગતતા ઓગળી ગઈ હતી અને માનવઊર્મિઓની સદૈવતા જ મૂર્તિમંત થઈ હતી. જામનગરના એ યુગની ફિલ્મોના રસ-દર્શક શ્રી ચિનુભાઈ 'વિદ્યાપતિ'ને ઊર્મિઓનો સાગર કહે છે. અલબત્ત, આ ફિલ્મને જીવનચરિત્રકેન્દ્રી ફિલ્મ લેખાવતા નથી પણ વાસ્તવમાં એને જીવનચરિત્ર વિષયક ફિલ્મોના ખાનામાં 'હૅમરાઝ'ના ગીત-કોશમાં મૂકવામાં આવી છે અને એ વર્ગીકરણ એમનું પોતાનું ધારેલું નથી. પણ ફિલ્મની બુકલેટ અને સેન્સર સર્ટિફિકેટમાં રજિસ્ટર્ડ થયા મુજબનું છે તેથી એને માન્ય કરવું જ રહ્યું.

એ ફિલ્મની વાર્તા પશ્ચિમ બંગાળના રાષ્ટ્રકવિ લેખાતા કવિ નઝરુલ ઇસ્લામે લખી હતી. પણ જ્યાં સુધી ફિલ્મોના માધ્યમને લાગેવળગે છે ત્યાં સુધી તેમણે ૧૯૩૪માં 'ધ્રુવ' ફિલ્મનું બંગાળીમાં નિર્માણ કર્યું હતું અને એમાં સંગીત ઉપરાંત નારદ તરીકે અભિનય પણ આપ્યો હતો. ૧૯૩૫માં 'પાતાલપૂરી', ૧૯૩૮માં ટાગોરની વાર્તા ઉપરથી 'ગોરા' અને ૧૯૪૨માં 'ચૌરંગી' બનાવી હતી. આ ફિલ્મ વિદ્યાપતિની વાર્તા તેમણે પુસ્તકરૂપે ક્યારેય લખી નથી છતાં ન્યૂ થીએટર્સ માટે તેમણે તેને સીધી જ પટકથારૂપે કાગળ ઉપર ઉતારી અને એક વાત શ્રી અજિત સરૈયા નોંધે છે તેમ એવી પણ છે કે તેમણે એનું દિગ્દર્શન પણ કર્યું હતું. પછી ભલેને ન્યૂ થીએટર્સથી દિગ્દર્શન જૂથના અગ્રણી દેવકી બોઝનું નામ ક્રેડિટ ટાઇટલ્સમાં આવ્યું. જો કે આ વાત માની શકાય તેવી નથી, બલકે જરા અત્યાંકનભરી જણાય છે, કારણ કે કેદાર શર્માના કથન મુજબ પોતે એના ગીતલેખક હોવાના નાતે દેવકી બોઝ સાથે જ આ ફિલ્મ અંગે, ગીતો અંગે બેઠકો કરતા હતા.

ખેર, પણ આ ફિલ્મની વાતોનું બાહ્ય માળખું જોઈએ તો પ્રેમ, આસક્તિ, અસુખ, અજંપો અને કવિના મનો-જગતની એક લાગણીપ્રચુર કથા જ લાગે. હકીકતમાં તે જરા ઊંડાણમાં ઊતરીએ તો સમજાય કે એક પ્રેમલક્ષણા ભક્તિની જ સમર્પણ કથા છે, જેના બાહ્ય માળખાનું મહત્ત્વ એક આધાર સિવાય વધારે નથી.

કવિ વિદ્યાપતિ વાસ્તવમાં ૧૪મી કે ૧૫મી સદીમાં મિથિલા પ્રદેશમાં થઈ ગયા. પણ એ મૂળ ક્યાંના હતા તેના કોઈ સગડ મળતા નથી. બિહારી લોકો કહે કે કવિ તો હતા હિંદીભાષી કે વ્રજવાસીઓ કહે છે કે એ તો અમારા કવિ હતા. એ એવા મોટા કવિ હતા કે એના અમુક પ્રદેશના હોવા વિશે ખેંચતાણ થાય એ સ્વાભાવિક છે. કૃષ્ણ પરત્વેની પ્રેમલક્ષણા ભક્તિની એમનાં અસલ ગીતોમાં દેખીતી અભિવ્યક્તિનાં લક્ષણ જોતાં એને આપણા નરસિંહ મહેતાના સમકાલીન ગણી શકાય.

કથાનું પ્રસંગમાળખું કંઈક આવું છે : મિથિલા નરેશ શિવસિંહ (પૃથ્વીરાજ કપુર), રાજકવિ વિદ્યાપતિ (પહાડી સન્યાલ)નાં કરુણ કાવ્યોથી પ્રભાવિત છે અને તેઓ પોતાની રાણી લક્ષ્મી (છાયાદેવી)ને પણ બહુ ચાહે છે. રાજદરબારમાં નિમંત્રિત કવિ વિદ્યાપતિ દરબારમાં ઉપસ્થિત થાય છે ત્યારે રાણી પણ તેના પ્રેમમાં પડી જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આસક્ત બની જાય છે. રાજાને આની જાણ થાય છે ત્યારે સ્વાભાવિક રીતે બહુ દુઃખી થાય છે. એ બીમાર પડી જાય છે અને રાજકાજની અનિવાર્ય ફરજો પરત્વે ઉદાસીન બની જાય છે. જો કે કવિ વિદ્યાપતિની શિષ્યા અનુરાધા (કાનનદેવી) કે જે પણ કવિના પ્રેમમાં છે તે રાજાને વારંવાર સમજાવવા પ્રયત્ન કરે છે કે સાચો પ્રેમ કશા બદલાની આશા રાખતો નથી, તે તો હંમેશાં ત્યાગ કરવામાં જ વ્યક્ત થતો હોય છે. આ તરફ રાણી પણ પતિ અને માનેલા પ્રેમી વચ્ચે પોતાના હૃદયની ડામાડોળતા સહન કરી શકતી નથી. સેનાપતિ (કે. એન. સિંગ)ની અવ્યક્ત પણ વ્યવહારુ સલાહથી પ્રેરાઈને તે આત્મહત્યા કરીને જીવનું બલિદાન દઈ દેવા માગે છે. સેનાપતિ દુષ્ટ નથી, પણ તેનો હેતુ કોઈ પણ પ્રકારે રાજાને કવિનાં કાવ્યોની નિરાશા પ્રેરનારી પકડમાંથી મુક્ત કરાવીને ફરી તેને રાજકાજમાં સક્રિય થતો બનાવવાનો જ છે. પણ છેવટ રાજા પણ લાગણીઓની સતા-મણીને વશ થઈને છેવટે આત્મહત્યા કરે છે. આમ, પ્રેમની વેદી પર બન્ને પ્રેમીઓનાં બલિદાન દેવાઈ જાય છે. દેખીતી રીતે આટલું સાંભળતાં આપણને કવિ વિદ્યાપતિની ભૂમિકા તો સંદર્ભા-ત્મક જ લાગે. તેની પોતાની કોઈ હસ્તી આ આખી ઘટનામાળાના પ્રેરકબળ બની રહેવા સિવાય કશી ઉપયોગી જ ના લાગે. પણ દેવકી બોઝે જે કૌશલથી તેને ફિલ્મમાં નિરૂપી છે તે જોતાં એનું પાત્ર જ સૌથી મહત્ત્વનું અને નિર્ણાયક લાગે.

આ ઉપરાંત એક વધારાનું આવું જ યુગલ તે વિદૂષક (નેમો) અને તેની પત્ની (રામેશ્વરી)નું છે. શ્રી રમણ પાઠકના વિશ્લેષણ મુજબ એ દેવકીબોઝની સન્નિધિની કલાનો પરચો છે. - નેમો અને એની પત્નીનો પ્રેમ સ્થૂળ કોટીનો છે - અને તે એ કથાનાં પાત્રોની રીતિથી જુદા જ પાટા ઉપર ચાલે છે. એ પત્ની

પણ વિદ્યાપતિની કવિતાથી અત્યંત પ્રભાવિત છે અને એક નોકરને પ્રેમ કરે છે. આ સ્થૂળ કોટીના પ્રેમના સાન્નિધ્યમાં રાજા-રાણીનો પ્રેમ છે, જેમાં પત્નીનાં અન્ય પુરુષ માટેની આસક્તિને કારણે અસુખ છે, પણ અસૂયા નથી, કે જે વિદૂષકના મામલે જોવા મળે છે. ત્રીજો પ્રેમ તે રાધા અને કૃષ્ણનો પ્રેમ છે, જેમાં આ બધાં વલણોનું કોઈ સ્થાન નથી, બલકે એમાં પૂરો સમર્પણભાવ છે. ભક્તિ એ જ પ્રેમનું લક્ષણ છે અને ભક્તિમાં ગુલામી નથી, એ પ્રેમલક્ષણા છે. આ આખા કાવ્યને અનુરૂપ ભાવ, ન્યૂ થીએટર્સની આ ચિરંજીવ કલાકૃતિ દ્વારા દિગ્દર્શક દેવકી બોઝે, ઉત્તમ કલાકારો, ઉત્તમ સંગીત, શ્રેષ્ઠ દશ્ય-આયોજન અને ચુસ્ત, પટકથા દ્વારા પડદા ઉપર ઉતારી બતાવ્યો છે અને એ રીતે એને એક દીપ્તિમાન રૂપેરી દશ્યાત્મક કાવ્યનો દરજ્જો બક્ષી દીધો છે.

આ ફિલ્મનાં દશ્યોની એક વિશેષતા એ હતી કે છબીકાર યુસુફ મૂલજીએ એમાં માત્ર દિગ્દર્શકને જ નહીં પણ સંગીત દિગ્દર્શક અને ગીતલેખકના ભાવને અનુરૂપ કૅમેરાનો ઉપયોગ કર્યો હતો. તેમાં ક્યાંય આછકલાઈ નહોતી. એટલી હદ સુધી કે પ્રાચીન કવિ વિદ્યાપતિની પંક્તિઓ, હાલના જમાનાનો વિચાર કરતાં થોડી સુરુચિનો ભંગ થાય તેવી હતી. (પ્રિયતમ દ્વારા પ્રિયતમનાં વક્ષસ્થળ સાથે છેડછાડ) તેમાં કેદાર શર્માએ જરૂરી, સુરુચિનો ભંગ ના થાય તે રીતે ફેરફાર કરી આપ્યો ત્યારે મૂળ કવિની એ શૃંગારિક કલ્પનાને દશ્ય દ્વારા ચાક્ષુસ કરવાની જવાબ-દારી છબીકાર યુસુફ મૂલજી ઉપર આવી અને તેમણે કાનન-દેવીના દેહની ભંગિમાઓના ક્લોઝઅપ દ્વારા એ સિફતથી પાર પાડી આપી.

જરા વધુ પડતા ખુલ્લા લાગતા શબ્દોને ગીતકાર કેદાર શર્માએ, પોતાના ગુરુ અને આ ફિલ્મના દિગ્દર્શક એવા દેવકી બોઝની મંજૂરી લઈને જે ફેરફાર કર્યો અને ગીતના ભાવને બદલ્યા વગર, સાહિત્યિકતા બરકરાર રાખી, તે પછી ગીતના શબ્દો આ પ્રમાણે થયા :

'આંગનમેં આયે આલી, મૈં ચાલ ચલું મતવાલી
ચોલી પે નજરિયાઁ જાય, મોરી ચૂનરી લિપટ મોસે જાય.
વો ઔર બઢો મેરે પૈયા પડે,
કહો માનો બાત હમારી.
મુખ ફેર કહા, નહીં માનુંગી બાત તિહારી, તિહારી,
નહીં માનુંગી બાત તિહારી.

આ ગીત કાનનદેવી પર ફિલ્માવવામાં આવ્યું ત્યારે એમના દેહના અમુક ભાગનો ક્લોઝઅપ લેવામાં આવ્યો છતાં એમાં કોઈને સસ્તાપણાનાં દર્શન ના જ થાય.

આ જ ગીત થોડા શબ્દફેર સાથે વિદૂષકની પત્ની રામેશ્વરી ગાય છે :

'અંબવાકી ડાલી ડાલી ફૂલ ખિલે હૈં આંહિ
મતવાલી, મતવાલી, મતવાલી,
મૈં ચાલ ચલું મતવાલી'

જરા હળવા અંદાજમાં એ (એની કથા મુજબ) ગાય છે પણ છતાં દશ્યમાં કોઈ અરુચિકર વિગતો નથી. ઉત્તમ ગીત, સંગીત, અભિનયનું ઊંડાણ, ભાવનું રસાયણ અને એક ગરિમાની સમગ્રતા, આ બધું જ આ ફિલ્મ 'વિદ્યાપતિ'માં ભરપૂર માત્રામાં હતું. એની વિગતે વાત આવતા અંકે. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

અરુંધતી રૉય

તા. ૧-૭-૯૮ : ભારતની એક સાવ અજાણી લેખિકા અરુંધતી રૉયના પુસ્તક **'The God of Small Things'** ને અંગ્રેજી ભાષા-સાહિત્યના જગતમાં સર્વશ્રેષ્ઠ 'બૂકર' પારિતોષિક મળ્યું છે. આ અરુંધતી રૉય વિશે જાણવું રસપ્રદ થઈ પડશે. અરુંધતી કૉલેજમાં ભણી જ નથી. તેનો બાપ બંગાળી હિન્દુ અને મા કેરળની ખ્રિસ્તી. મા-બાપનો આ સંસ્કારભેદ લગ્નવિચ્છેદમાં પરિણમે છે અને અરુંધતી આ ઘરભંગ વાતાવરણમાં ઊછરી. ૧૩ વર્ષની ઉંમરે ઘર છોડી ભાગીને દિલ્હી જાય છે. ત્યાં સ્થાપત્યનું ભણી એક સ્થપતિને ત્યાં નોકરી કરે છે પણ તે સ્થપતિનું દિલ્હીમાં બરાબર ચાલતું નથી તેથી બન્ને દિલ્હી છોડી ગોવા જાય છે અને પરણ્યા વગર પતિ-પત્ની તરીકે રહે છે. ગોવામાં દરિયાકિનારે કેક વેચવા જેવા ઘણા ધંધા કર્યા પણ ફાવ્યું નહિ એટલે પાછાં દિલ્હી આવ્યાં.

હવે સંયોગ એવો થયો કે પ્રદીપ ક્રિષ્નન નામના એક કલાત્મક ચલચિત્રોના નિર્માતાની નજર આ સુંદરી પર પડે છે અને તે પોતાના ચલચિત્રમાં અભિનય કરવાનું તેને આમંત્રણ આપે છે અને આમ એક નવી યાત્રા શરૂ થાય છે; પણ આ વખતે સાથે કામ કરતા પ્રદીપ સાથે રીતસર લગ્ન કરે છે. બન્ને સાથે રહે છે. દૂરદર્શનના કાર્યક્રમોના એક પ્રોડ્યુસર તરીકે પ્રદીપે તેને ઘેર એક કમ્પ્યૂટર વસાવ્યું છે. નવરાશની વેળાએ અરુંધતીએ સૂઝ્યું તે, કમ્પ્યૂટર પર લખ્યું. આવા છૂટા-છવાયા પ્રસંગોની કમ્પ્યૂટર-નોંધ પ્રદીપની નજરે પડી અને પ્રદીપની સાહિત્યિક દૃષ્ટિમાં તેને આ નોંધમાં અવનવી વાર્તાની અનુભૂતિ થઈ. તેણે અરુંધતીને આ પ્રસંગો સમાવતી એક સળંગ નવલકથા લખવાનું સૂચન કર્યું. હસ્તપ્રત તૈયાર થઈ એટલે દંપતીના મિત્ર પંકજ મિશ્રને જોવા આપી. હસ્તપ્રત વાંચી તે એટલો પ્રભાવિત થયો કે તેણે લંડનની કેટલીક પ્રકાશન સંસ્થાઓને હસ્તપ્રતની નકલો મોકલી અને છેવટે લંડનની હાર્પર કોલન્સે ૧૬ લાખ પાઉણ્ડ આગોતરા ચૂકવી પ્રકાશનના હક મેળવ્યા અને અરુંધતી રૉયના આ પુસ્તક 'ધ ગૉડ ઑફ સ્મૉલ થિંગ્સ'ને બૂકર પારિતોષિક એનાયત થયું. ભારતમાં પ્રચલિત મૅકોલે શિક્ષણ પ્રણાલિની દૃષ્ટિએ 'ઓછું ભણેલી' કહી શકાય તેવી અરુંધતીએ ભારતને અનોખું ગૌરવ અપાવ્યું. અંગ્રેજોએ જગતથી છુપાવેલી ભારતીય મેધા અને અભદ્ર ચીતરેલી ભારતીય સંસ્કૃતિ પશ્ચિમી જગતની જેમ જ ધબકે છે તેની અરુંધતી રૉયે પ્રતીતિ કરાવી.

વાર્તાનું કથાવસ્તુ કેરળના નાના ગામડામાં એક આબરૂદાર, આગેવાન ખ્રિસ્તી કુટુમ્બના જીવનસંઘર્ષનું છે. અને તેનું નિરૂપણ એક સાત વર્ષની, તે જ કુટુમ્બની બાલિકાની નજરે અને બાલિકાની ભાષામાં કર્યું છે. આથી નવલકથાની ભાષા પૂરાં વ્યાકરણશુદ્ધ વાક્યોવાળી નથી પણ ટૂંકાં પદો અને બાળસુલભ રચનાથી ભરપૂર છે. ભારતમાં આવાં પુસ્તકોની બે હજાર નકલો માંડ ખપે પણ આ પુસ્તકની ૩૦ હજાર નકલો વેચાઈ ગઈ અને હવે તેની નવી આવૃત્તિ છપાઈ છે. દુનિયાભરમાં તેની સાડાપાંચ લાખ નકલો વેચાઈ ગઈ છે. ૨૭ ભાષામાં તેના અનુવાદ થયા અને અરુંધતી અચાનક કરોડપતિ થઈ ગઈ. અલબત્ત, તે પોતાની જાતને લેખિકા માનતી નથી. 'મનમાં ઊગ્યું તે નોંધ્યું' એ જ ખરી સર્જનપ્રક્રિયા છે ને?

વાપીથી વલોતરા

તા. ૧૮-૧-૯૮ : ગયે અઠવાડિયે હું વેડછી જઈ આવ્યો. સૂરતથી વેડછી લગભગ ૬૫ કિલોમીટર થાય. વચ્ચે બારડોલી આવે. ત્યાંથી પસાર થતાં વચ્ચે મેદાનમાં મોટો શમિયાણો બાંધેલો અને તેમાં કેટલીય મોટરસાઇકલો પડી હતી. પૂછતાં ખબર પડી કે અહીં દર રવિવારે મોટરસાઇકલ મેળો ભરાય છે. જૂની મોટરસાઇકલો વેચવાનો અને ખરીદવાનો મેળો! સૂરત જિલ્લામાં ગામડે ગામડે મોટરસાઇકલો જોવા મળે. અરે પ્રાથમિક શિક્ષકોનો કોઈ વર્કશૉપ ગોઠવ્યો હોય તો તેમાં કેટલી હાજરી છે તે નક્કી કરવું સહેલું છે. બહાર કેટલી મોટરસાઇકલો પડી છે તે ગણી કાઢો. ૩૦ મોટરસાઇકલ હોય તો હાજરી ૬૦. ગામડામાં આદિવાસી શિક્ષકો ઘણા છે અને સામાન્ય રીતે પતિ-પત્ની બન્ને શિક્ષક હોય અને તેથી જ એક મોટરસાઇકલથી ચાલે! એ સૂરતમાં દર રવિવારે મોટરસાઇકલ મેળો ભરાય જ ને!

આ વખતે સૂરતથી અમદાવાદનું રેલવે રિઝર્વેશન મળ્યું ન હતું. એટલે વળતાંની મુસાફરી ખાનગી લકઝરી બસમાં કરી. શ્રીનાથ ટ્રાવેલ્સની વાપીથી વલોતરાની બસમાં સૂરતથી સાંજે ૪-૦૦ વાગે બેઠો. આમાં વાપીને તો આપણે જાણીએ. ગુજરાતને દક્ષિણ છેડે વિકસેલું મહાન ઉદ્યોગનગર. પણ આ વાલોતરા ક્યાં આવ્યું? ગુજરાતનો પહેલો રાજા વનરાજ ચાવડો. તેનો બાપ જયશિખરી મારવાડનો ભિન્નમાળ પ્રદેશનો રાજા હતો. તેણે ગુજરાત ઉપર ચઢાઈ કરી એવું અમે ચોથા ધોરણમાં ભણ્યા હતા. એ ભિન્નમાળ પ્રદેશમાં આ વલોતરા આવ્યું. આ પ્રદેશનો ગુજરાત સાથેનો આ ઐતિહાસિક સંબંધ આજે પણ ચાલુ છે અને વલોતરા-વાપી વચ્ચે દૈનિક બસ ચાલે છે જે વાપીથી બપોરે ૧૨-૦૦ વાગે ઊપડે અને બીજે દિવસે સવારે ૮-૦૦ વાગે વલોતરા પહોંચે. હું સૂરતથી બસમાં બેઠો. બસમાં

બધા જ મારવાડી. કદાચ હું એકલો જ ગુજરાતી. ડ્રાઈવર, કન્ડક્ટર બધા જ મારવાડી બોલી બોલે. રાત્રે ૯-૦૦ વાગે આણંદ પાસે બસ ઊભી રાખી. 'રોટલા ખાણે વાસ્તે.'

મલેરિયા-મચ્છર અને રોનાલ્ડ રૉસ

તા. ૨૭-૧-૯૮ : આજે તો હૈદરાબાદમાં રહેતી અમારી પુત્રીના પત્રનો ઉતારો કરવો છે : આ રહ્યો તે પત્ર. 'તમને ઍરપોર્ટ પર મૂકીને આવ્યાં પછી અમે નજીકમાં જ સર રોનાલ્ડ રૉસનું મેમોરિયલ આવ્યું છે એ જોવા ગયાં. સર રૉસ મિલિટરીનો ડૉક્ટર હતો. એમની એક મહત્ત્વની શોધ છે - મલેરિયાનાં જંતુઓ મચ્છરથી ફેલાય છે. ગઈ ૨૦મી ઑગસ્ટે આ શોધને સો વર્ષ થયાં અને મજાની વાત તો એ છે કે આ શોધ તેમણે હૈદરાબાદમાં કરી અને જે જગ્યાએ કરી તે હૈદરાબાદ ઍરપોર્ટની પાછળ જ છે. અત્યાર સુધી આ જગ્યા ઍરલાઈન્સના પાયલૉટ કૅન્ટિન તરીકે વપરાતી હતી. કોઈને ખબર નહોતી અને ખબર હતી તો પરવા ન હતી કે ભટારખાના તરીકે વપરાતી આ જગ્યામાં કેટલી મોટી અને માનવજાતની દૃષ્ટિએ કેટલી મહત્ત્વની શોધ થઈ હતી! આ શોધને ૧૦૦ વર્ષ પૂરાં થવા આવ્યાં ત્યારે નસીબજોગે ઈન્ડીઅન મેડિકલ એસોસીએશન, ભારતીય પુરાતત્ત્વ ખાતું અને ઓસ્માનિયા યુનિવર્સિટી જાગ્યાં. એ જગ્યાનો જિર્ણોદ્ધાર થયો અને ૨૦ ઑગસ્ટ ૧૯૯૭માં ત્યાં જ પૅરેસાઈટજન્ય રોગોની વર્લ્ડ કૉન્ફરન્સ ભરાઈ અને હવે એ જગ્યા સર રોનાલ્ડ રોસના સ્મારક તરીકે જનતા માટે ખુલ્લી મુકાઈ છે.

આ પ્રતિભાવંત ડૉક્ટર તો હતો પણ સાથે સાથે એણે ગણિત અને સ્ટેટિસ્ટિક્સમાં પણ મેડિકલ વિષયક પેપર લખ્યાં હતાં. તેણે મલેરિયા વિષયક સંશોધન માટે ખાસ ફોલ્ડિંગ માઈક્રોસ્કોપ બનાવ્યું હતું, જે બે ફૂટ લાંબી, અડધો ફૂટ પહોળી અને અડધો ફૂટ ઊંડી પેટીમાં સમાઈ જતું.

આપણે ફરિયાદ કરીએ છીએ કે ભારતીયોને ભારતીય વિજ્ઞાનીઓની કદર નથી. એ તો પરદેશીઓ કદર કરે ત્યારે જ અહીં લોકોની આંખ ઊઘડે છે, પણ ડૉ. રૉસની વાત જાણીને લાગે કે દોષ કદાચ આ ભૌગોલિક ભૂમિનો છે. ડૉ. રૉસે માઈક્રોસ્કોપ વચ્ચે મચ્છરના ડિસેક્શનનું અવલોકન કરતાં શોધી કાઢ્યું કે માનવી રક્તમાંનાં જીવાણુઓ આ મચ્છરના પેટમાં પણ છે! એનો અર્થ એ કે આ મચ્છર રોગને ફેલાવે છે! બીજે દિવસે આ શોધ કર્યાના ખુશી સમાચાર ઈંગ્લન્ડ રહેતી પોતાની પત્નીને એક કવિતા સ્વરૂપે આપ્યા. પણ ભારતમાં તેના અંગ્રેજ ઉપરીને આ વ્યક્તિએ કરેલી શોધની પરવા નહોતી. ઊલટું આ વ્યક્તિને સંશોધન માટે વખત કે સુવિધા પણ ન મળે એ હેતુથી એમની તાબડતોબ બદલી કલકત્તા કરી નાખી. પણ ઈંગ્લન્ડ રહેતા રોસન તબીબ પ્રોફેસરે રૉસને મદદ કરી. એમણે પોતાની વગ વાપરીને રૉસને હૈદરાબાદ આવવાની વ્યવસ્થા કરી આપી. આ બનાવ પછી પણ ભારતમાં વસેલા એ અંગ્રેજ ઉપરીએ રૉસને શાન્તિથી રહેવા દીધો નહિ. છેવટે રૉસ ભારત છોડી ઈંગ્લન્ડ જઈ વસ્યો. અને એને આ શોધ માટે નોબેલ પરિતોષિક પણ મળ્યું.

આનંદની વાત એ છે કે આજે એ જ ભૌગોલિક ભૂમિએ મોડી મોડી પણ એ ઐતિહાસિક ઈમારતની કદર કરી છે, પણ હૈદરાબાદની જનતાને એની જાણ નથી. કોઈ આ સ્મારકને જોવા આવતું નથી. અમે ત્યાં પહોંચ્યાં ત્યારે એને તાળું હતું. નિરાશ થઈ પાછાં ફરતાં હતાં ત્યાં મકાનને પછવાડે એક બહેન બાગકામ કરતાં હતાં. માળી જેવાં લાગતાં હતાં. એમને પૂછ્યું કે આ મકાન ક્યારે ઊઘડે છે? એણે જવાબ વાળ્યો, 'તમારે જોવું છે? આવો હમણાં ખોલી દઉં. કોઈ ખાસ આવતું નથી એટલે નકામી ધૂળ ન ભરાય એટલા માટે બંધ રાખું છું.' પૂછતાં ખબર પડી કે કોક કોક વાર સ્કૂલનાં છોકરાં આવે છે. બાકી કોઈ આવતું નથી.

ચાલો, રૉસ-કથામાં પત્ર ભરાઈ ગયો. જ્યારે પત્ર લખવા બેઠી ત્યારે કાંઈક બીજું જ લખવું હતું પણ વાતમાંથી વાત નીકળી સર રોનાલ્ડ રૉસની અને એમાં જ પત્ર ભરાઈ ગયો. હવે પેલી વાત હવે પછીના પત્રે. લી. ડૉલીના પ્રણામ.'

સુધારો : જાન્યુઆરી ૨૦૦૩, અંક ૯૦૧, પૃ. ૧૭માં 'નૉબલ ઈનામ'ની જગ્યાએ 'નોબેલ ઈનામ' વાંચવું.

લઘુકથા

ચોકડી

કાસમ જખ્મી

'હવે તૈયારી... આવી જ સમજો. એ ચોકડીની ઉત્તરમાં એકાદ કિલોમીટર આઘું છે ગામ... દાયકો થયો છોડ્યાને. ખાસ્સું વિકસી ગયું હશે હવે તો... મેં છ વર્ષ અહીં નોકરી કરી છે. કોઈક તો જોવા મળશે જ ચાર રસ્તે.' વિચારોમાં ચગડોળાતાં મેં બસમાં નજર ફેરવી. મારી પાછળની સીટમાં બેઠેલા ત્રણ કૉલેજિયન કંઈક અજાણ્યા જેમ ગુસપુસ કરતા મને જોઈ રહ્યા હતા. બસ ઊભી રહી. બારી બહાર નજર દોડી ગઈ. પરિચિત પરબ દેખાઈ. પણ એના બારણે તાળું હતું. પવન પડી ગયા જેવું લાગ્યું. '... પેલી રિક્ષાઓ - ગૅરેજ - પાનના ગલ્લા - મંદિર... માણસો... છે તો બધું, પણ...' ત્યાં જ પાછળથી 'અરુણ સર...' સાંભળતાં ડોક ફરી. પેલા કૉલેજિયનો ઊભા થયા હતા. હું મલકાઈને 'કેમ છો?' કહું ત્યાં જ એકે બીજાને તતડાવ્યો, 'અલ્યા ડફોળ, જો તો ખરો!' પછી મારી સામે જોઈ કહ્યું, 'સૉરી હોં... તમારા જેવા જ અમારે એક સર હતા... સ્કૂલમાં...' ફરી પેલાએ કહ્યું, 'હવે ઊતર જલ્દી, જેને ને તેને સર બનાવી દે છે તે...' ત્રણે ઝડપથી ઊતરી ગયા ને બસે ચોકડી છોડી. ❐

આથમતાં અજવાળાં-૧૬

જમણવાર

ભગીરથ બ્રહ્મભટ્ટ

માનવી ગુમ થઈ ગયા વ્યક્તિત્વના વિસ્તારમાં,
રૂપ સૌ ઊડી ગયાં ને માત્ર દર્પણ રહી ગયાં.

માનવી હવે તો એવો એકલપેટો બની રહ્યો છે કે એને પારિવારિક રહેવાનુંય પરવડતું નથી, પછી સામૂહિક આનંદનો એ પ્રતિનિધિ કેવી રીતે બની શકે?

વીસમી સદીના પૂર્વાર્ધમાં પંગતમાં જમવાની જે રંગત હતી, આજે એ ક્યાંય દેખાતી નથી. પંગતમાં થતા જમણ-વારનાં દૃશ્યો હવે ઓછાં નજરે ચઢે છે. અલબત્ત, સમાજને સમૂહ આનંદના અવસરોની આવશ્યકતા છે પણ વિભક્ત સમાજ-રચનાનાં આક્રમણોએ તે અવસરો ઝૂંટવી લીધા છે. સમૂહમાં કોઈ પ્રસંગને માણવો એ વૃત્તિ માનવીમાત્રમાં પ્રબળ-પણે હોય છે અને એનઃ આનંદ માટેની ઝંખના એ પણ માનવીની એક અનિવાર્ય પ્રાથમિક જરૂરિયાત છે, જેના વગર એ જીવી શકે નહિ. આનંદનું સ્વરૂપ જ ભૂમાનું છે - વ્યાપ્તિનું છે, બહોળાપણાનું છે. સ્વમાંથી સર્વમાં વિલીન થવા મળે એટલે આનંદ જ આનંદ!! ધર્મ અને કાવ્ય જેમ સમૂહમાં અનુભવવાની પ્રવૃત્તિઓ છે, ભલે એનો મર્મ વ્યક્તિને પણ ન્યાલ કરતો હોય! અલબત્ત આરતી, તીર્થસ્નાન, સમૂહપ્રાર્થના, ભજન-કીર્તન, કાવ્યગાન, સભા-સંબોધનો, નૃત્ય, સંગીત, નાટક, ભવાઈ વગેરેમાંથી પ્રજા સમૂહ આનંદો તો મેળવે જ છે, એ આનંદ સૂક્ષ્મ પ્રકારનો હોય છે. આજે તો મારે જમણ-વારમાંથી મળતા સ્થૂળ સમૂહ આનંદ વિશે વાત કહેવી છે.

ગુજરાતમાં ખાસ કરીને અંગ્રેજ આગમન પછી એટલે કે ગાંધી આગમન પૂર્વેથી ગ્રામીણ સમાજરચનાની પરંપરાઓ સ્હેજ સ્હેજ શિથિલ થતી જોવા મળે છે. લગ્ન-સમારંભોના જમણવારો 'બુફે'માં બદલાઈ ગયા છે એટલે પરિચિતતા કેળવાતી નથી, જમણવારોથી રાગદ્વેષ ઓગળી જતા અને સર્વેજનો સંપી જતા. લાંબી લાંબી પંગતો પડતી, એક પ્રકારનો સમૂહ જમણવારનો વિશિષ્ટ આનંદ!!

આજે સમૂહભોજનના આનંદનો લય વિરમી રહ્યો છે. પરિચિત-અપરિચિત-અલ્પપરિચિત સાથે બેસી જમણ થાય, એમાંથી પરિચય પાંગરે, પીરસનારાઓના આગ્રહમાં એક પ્રકારનો ભાવ દેખાય, જે તમને પ્રિય વાનગી હોય એ કદાચ બાજુવાળાને ઓછી પ્રિય હોય એમ બને. દાળના સબડકાઓ દૂર દૂર સંભળાય. 'ભદ્રંભદ્ર'માંનો નાતનો જમણવાર કદાચ તમને સ્મરણ ચઢી આવે. જમણવારના આગલા દિવસથી બાળકો અને બ્રાહ્મણો ઉત્સાહમાં આવી ગયાં હોય, જમણની પૂર્વકલ્પના કરતાં હોય! ઘણાં ભાણાંમાં પીરસણ થાય ન થાય ને ખાલી થઈ જાય, ઘણાં ધીરે ધીરે જમે. માગણો સામે હરોળ કરીને ઊભાં હોય, સામાજિક વિષમતાનું અદ્‌ભુત ચિત્ર તમને દેખાય! કવિ સુંદરમ્ યાદ આવી જાય!! છતાં એ વિષમતાની ફરિયાદો ન હોય. સંપીને ખાવ-ખવરાવવાના એ દિવસો હતા.

સામૂહિક જમણવારના પ્રસંગો હવે તો લગ્ન પૂરતા મર્યાદિત થઈ ગયા છે અને એ પણ 'બુફે' પાર્ટીમાં પરિવર્તિત થઈ જવાના કારણે પંગત પાડી જમણ કરવા-કરાવાની કેવળ કલ્પના જ બચી છે.

અમારા ગામમાં નાતવરા થાય, કુટુમ્બીઓ લગ્નપ્રસંગે કે કોઈ મરણપ્રસંગે પંગત પાડી જમે એ દૃશ્યો યાદ આવે છે. બ્રાહ્મણોને જમાડવાના પ્રસંગને 'ચોર્યાશી કરી' એવા રૂઢિ-પ્રયોગથી ઓળખવામાં આવે - એ ચિત્રો જોવા જેવાં હતાં. અલબત્ત, રૂઢિગત રિવાજોને કારણે એ પરિપાટીમાં માનનારા લોકો પૈસેટકે ખુવાર થઈ જતાં, જમીન-મકાન કે ઘરના ગાળા વેચી નાખતાં અથવા દેવાદાર બની જતાં. એ વાતેય સાચી તો ખરી. પણ એ સામૂહિક જમણવારનો આનંદ તો અનોખો જ!

મારા બાપા દર વર્ષે 'ચોર્યાશી કરે'. બ્રાહ્મણો આજુ-બાજુના ગામોમાંથી જમવા માટે આવે. રસોઈ પણ બ્રાહ્મણો જ કરે અને જમે પણ ખરા. એ આખા દિવસની ધમાલ જોવા જેવી. અમે તો જાણે એ દિવસે અસ્પૃશ્ય! બ્રાહ્મણ-મહારાજ હુકમો કરે, અમારે દોટાદોટ કરી એ માગે એ વસ્તુઓ જ લાવી આપવાની, નીચે મેલવાની. દાળ હોય કે ચોખા, ઘી હોય કે તેલ... એ વજન સાથે મંગાવે. અમે અમારા ઘરના ઓરડામાંથી એ બધું કાઢી લાવીએ ને બ્રાહ્મણોના હુકમ પ્રમાણે આપીએ. પાણી પણ ચોખ્ખું અને જુદું જ... બ્રાહ્મણો અમારા સાહેબો!

વહેલી સવારે ચૂલ ખોદવાની - બે મોઢે ચૂલ હોય, એક તરફ શાક થાય, બીજી તરફ દાળ. એ ચૂલ ખોદી રહ્યા પછી એની પણ પૂજા થાય. એની ભીતર સોપારી-પૈસો મુકાય. ચૂલની કોરમોર નવી નકોર ઈંટો ગોઠવાય. ગામમાંથી મોટાં વાસણો મંગાવ્યાં હોય, દાળ માટે રંગાડાં હોય, પાણી માટે પીપ હોય, ભાત ઓસાવવા મોટાં ઓસામણિયાં, લાડવાનાં મૂઠિયાં ભાંગવા માટે મોટો ત્રાંસ હોય, શાક માટે તપેલાં-કઢાયાં, દાળ પીરસવા માટે કમંડળો, પાણી આપવાના જગ, પતરાળાં, પાટલા અને પાથરણાં પોતપોતાની જગ્યા લઈ લે ત્યારે એ વિપ્રવરોનાં ચિત્રો જોવા જેવાં! યુદ્ધભૂમિએ જતા ક્ષત્રિઓ જેવી ચમક ભોજનથાળ તરફ જતા બ્રહ્મપુરુષની

આંખોમાં દેખાય! ચહેરોય દમામભર્યો; જાણે કશીક ધાડ મારવા નીકળી પડ્યા ન હોય! લાડુ ખાવાની જે સ્પર્ધાઓ થાય, એક... બે... ત્રણ... પાંચ... દસ... બાર... સુધી લાડુ ખાનારા બ્રાહ્મણો મેં જોયા છે. બ્રાહ્મણો 'હરહર મહાદેવ' બોલી પછી જે જમવાનું શરૂ કરે...! જાતે રસોઈ બનાવે એટલે ઘીનું તો પૂછવાનું જ નહિ, કોઈ કસર નહિ. એ જમે પછી ઘરમાલિકને જમવાનું. આજુબાજુનાં ગામના બ્રાહ્મણો પણ આખા પરિવાર સાથે પીતામ્બરી-અબોટિયાં પહેરીને પુરુષો આવી ગયા હોય, ઘરે જો કોઈ અશક્ત વૃદ્ધ રહી ગયા હોય તો તેમને માટે ભાત ભરી જાય એ વધુ. એ પ્રસંગો હવે તો ખાસ જોવા મળતા નથી.

સામાન્ય લોકોક્તિ પ્રમાણે ૮૪ પ્રકારના બ્રાહ્મણોને કારણે 'ચોર્યાશી' કરી એવો પ્રયોગ થયો. આજે તો ૮૪ શબ્દ સંખ્યા વિશેષથી વધુ પરિચિત જણાતો નથી. વડનગરના નાગરો ગુજરાતમાં ખૂબ જાણીતા હતા. એ નાગરો પાછળથી જે તે સ્થળે વસ્યા એને કારણે નામો બદલાયાં. વીસનગરમાં વસ્યા એટલે વીસનગરા, સાઠોદમાં વસ્યા એટલે સાઠોદરા, ચિત્રોડમાં વસ્યા એટલે ચિત્રોડા, વડનગરના વડનગરા અને પ્રશ્નોરા એમ કુલ છ પ્રકારના નાગરો હતા. મુસલમાનોના આક્રમણ પછી વડનગર તૂટ્યું અને એ વડનગરા નાગરો જૂનાગઢ અને પાવાગઢ તરફ જઈને વસ્યા. મહેતા, કથારિયા, ત્રિવેદી, પંડ્યા, દ્વિવેદી, ભટ્ટ, પંડિત, બ્રહ્મચારી, ચતુર્વેદી જેવી અટકો ઉચ્ચાવચતાના ક્રમો પણ ધરાવે છે - એ તમામ બ્રાહ્મણોને સમાજમાં જમાડવાનો જે ચાલ હતો, એમાંથી પુણ્યકર્મ રળવાની જે શ્રદ્ધા હતી એને 'ચોર્યાશી' કહેતા. 'આંગણે બ્રાહ્મણોની એંઠ જેટલી વધારે પડે એટલું પેઢીનું પુણ્ય વધારે' એમ મારા દાદા કહેતા.

દાદાના શબ્દોનો લાક્ષણિક અર્થ હવે સમજાય છે કે શાસ્ત્રાર્થ કરવાવાળાનું યોગક્ષેમ આદરપૂર્વક જાળવવાથી સમાજની ઉન્નતિ થાય છે - સમાજ એનાથી સમૃદ્ધ અને રૂડો બને છે. જમણવારની પ્રવૃત્તિના મૂળમાં આવો મહિમા હશે એ 'પુણ્ય' શબ્દ સાથે જોડાઈ ગયો હશે. પાછળથી એ સામાજિક પ્રતિષ્ઠાનું રૂપ પામ્યો હશે, પરંતુ દ્વેષ-ઈર્ષા નાબૂદ કરી સમાજમાં સંપની સામૂહિક ભાવના કેળવવામાં એ પ્રવૃત્તિનો ઘણો મોટો હિસ્સો છે. લાડુ, દાળ, ભાત, શાકનો મહિમા હવે રહ્યો નથી. હવે તો ઘેબર ને ખાજાં, પકવાન, બાસુદી-પૂરી, શિખંડ-પૂરી, બરફી-પૂરી, બિરંજ-દૂધ અનેક પ્રકારનાં ફરસાણો કે જેને કારણે પત્રાળીય નાની પડે! પત્રાળીય ક્યાં રહી છે? જે જાતે પાઈનું શાક ન ખાય, ભૂખે મરતા સ્વજનને કે ભાઈને એક કણેય ન આપે, જે પોતાના દીકરા માટે રૂપિયોય ન ખરચે તે માણસ આમ જનમભરની કમાણી એક દિવસમાં ઉડાવી દે, દેવું કરીનેય ઉડાવે તો તેને કંજૂસ કહેવો, ઉદાર કહેવો કે ઉડાઉ કહેવો? રૂઢિવશ એનામાં સામાજિક પ્રતિષ્ઠાની ભૂખ ભલે એમાં હોય, પણ સ્વેચ્છાએ કરેલા સામૂહિક જમણ-વારો જો વિવેકપૂર્વકના હોય તો સમાજને ફાયદાકારક છે.

અલબત્ત, કીડી, મંકોડાય એકલાં રહી શકતાં નથી, કૂકડા સાથે મોર નહિ કૂકડા જ ભળે છે. સમાનભાષા અને સમાન શરીરરચનાને કારણે માનવીને માનવીનું સાહચર્ય ગમે છે એટલે સામૂહિક રીતે જીવનપદ્ધતિ પણ વિકસે - વહેંચીને ખાવાનો મહિમા થાય એ સ્વાભાવિકતા હવે રહી નથી, ત્યારે પ્રશ્ન એટલો જ થાય છે કે આવા સામૂહિક આનંદનું આવતી કાલે થશે શું? ❑

'કુમાર'નું પ્રકાશન 'કુમાર ટ્રસ્ટ' દ્વારા

હવેથી 'કુમાર' માસિકનું પ્રકાશન 'કુમાર ટ્રસ્ટ' દ્વારા થશે. આથી સહુ ગ્રાહકોને નોંધ લેવા વિનંતી કે તેમણે 'કુમાર'ના લવાજમનો ચેક/ડ્રાફ્ટ **'કુમાર ટ્રસ્ટ'**ના નામનો જ લખવો અને તે રાબેતા મુજબના નીચેના સરનામે જ મોકલવો.

'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા
બઉવાની પોળ સામે, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

મનિઑર્ડર પણ ઉપરના સરનામે જ કરવો. એજન્ટોએ પણ આની નોંધ લેવી. સ્થાનસમર્પિત જાહેરખબર માટે પણ 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ રકમ મોકલવી.

આ અંકના પૂંઠા વિશે

કેનેડાના પશ્ચિમ કિનારે જોવા મળતા ટોટેમપોલ્સ એટલે કે કોતરણી-વાળા લાકડાના રંગબેરંગી ઊભા થાંભલા. આ ટોટેમપોલ્સ કુદરતી સંજ્ઞાઓ દ્વારા જાણે કથા કહેવાતી હોય એમ લાગે છે. રીંછ, બીવર, માછલી, છોડ, માનવીય પ્રતિકૃતિ કે પછી કોઈ દંતકથાનું પાત્ર - આમ દરેક સંજ્ઞાનો કોઈ ચોક્કસ અર્થ હોય છે.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ફરના વેપારીઓ પાસેથી ફર અને ચામડાના બદલામાં ઓજારો મેળવીને સ્થાનિક નેતાઓએ ઉત્કૃષ્ટ કળાના નમૂનારૂપ આ ટોટેમપોલ્સ બનાવડાવ્યા હતા. બ્રિટિશ કોલંબિયામાં રહેતી હાઈડા જાતિ આ કળામાં પારંગત ગણાય છે. કેટલાય ઉત્સવોની ઉજવણી વખતે ટોટેમપોલ્સને કેન્દ્રસ્થાને સ્થાપી એની આજુબાજુ મહોરાં પહેરીને નૃત્ય કરવામાં આવે છે.

મૂળ સ્થાનિક પ્રજાના દરેક કુટુંબ પાસે પોતાને એક ટોટેમપોલ્સ હોય છે, જેને જે તે કુટુંબનો પૂર્વજ ગણવામાં આવે છે. દરેક કુટુંબના ટોટેમ પોલ પર જે પ્રાણી હોય તે પ્રકારના પ્રાણીનો શિકાર કરીને ખાવાનો નિષેધ કરવામાં આવે છે. બીજા ગામમાંથી આવતા મુસાફરને પોતાના પ્રકારના ટોટેમપોલ ધરાવતા ઘરમાં આતિથ્ય માણવાનો અધિકાર મળે છે.

રેવન નામનું પક્ષી જે દંતકથા પ્રમાણે પૃથ્વીની શરૂઆત કરનારું ગણાય છે એને ટોટેમપોલના ઉચ્ચતમ સ્થાને કોતરવામાં આવે છે. એવી જ રીતે વરસાદ લાવનાર થંડરબર્ડને પણ મહત્ત્વનું સ્થાન અપાય છે. થાંભલામાંનો ચંદ્ર ઉચ્ચ હોદ્દાનું પ્રતીક ગણાય છે, જ્યારે રીંછ આક્રમક શક્તિનું ચિહ્ન ગણાય છે.

આ થાંભલા પંદર મીટર સુધીના ઊંચા જોવા મળે છે. બ્રિટિશ કોલંબિયાનો 'Hole in the sky' ટોટેમપોલ વિશ્વનો સૌથી જૂનો ગણાય છે. કેનેડાના પાટનગર ઓટાવાના મ્યૂઝીઅમ ઑફ સિવિલાઈઝેશનમાં ટોટેમ-પોલ્સના ઉત્કૃષ્ટ નમૂના સાચવવામાં આવ્યા છે. - *નીતા દવે ('ગુર્જરી ડાયજેસ્ટ'માંથી)*

એક દિવસનું મૌન

અમૃતલાલ જી. કાંજીઆ

ઈશ્વરે મનુષ્યને જીભ અને મોં બોલવા માટે જ આપ્યાં છે. આ અંગે મને થોડી આશંકા હતી તે લોકશાહીમાંના વાણીસ્વાતંત્ર્યના હકના સ્વીકારથી જતી રહી છે. માણસને બોલવાનું ન હોત તો પછી ખાસ કંઈ કામ રહેત જ નહિ એમ લાગ્યા વગર રહેતું નથી. ટીવી જોતી વખતે એમાં માત્ર અમુક સેકન્ડ જ અવાજ ગાયબ થઈ જાય છે ત્યારે જણાતી માનવીની વિહ્વળતા વાણી પ્રત્યેના પ્રેમનું પરિવ્યાપક છે.

જગતની જીવસૃષ્ટિમાં જિરાફ સિવાય ભસવું, ભાંભરવું અને બોલવું પ્રાણીઓની કુદરતી પ્રક્રિયા છે. આ એક જ પ્રક્રિયાને માણસે અલગ અલગ રીતે વિભાજિત કરી છે - બોલવું, ગાવું, ગાંગરવું, ગોકીરો, રીડિયા, રાડારાડી અને રડવું વગેરે. આમ, વિવિધ સ્વરૂપે સંવેદનાની અભિવ્યક્તિ કરનારું, સમજું અને શાણું મનાતું માણસ નામનું સામાજિક પ્રાણી ક્વચિત્ મૌનનો આશરો લે છે. એક બાજુ તે કુદરત તરફ પાછા ફરવાની વાત કરે છે. બીજી તરફ તે સહજ કુદરતી જીવનનો ઈન્કાર કરવામાંયે અચકાતું નથી! દાઢી-મૂછ, વાળ અને નખ વધવા એ કુદરતી પ્રક્રિયા છે. છતાં માણસ એ માન્ય રાખતો નથી અને તેનું અનાવશ્યક છેદન કરીને નૈસર્ગિક જીવનનો તિરસ્કાર કરે છે.

મારે મૌન સાથે પ્રથમ પ્રસંગ પડ્યો. બીજાને હસાવવા માટે પ્રવૃત્ત હાસ્યલેખકોને ખાસ કરીને દંતપીડા વધારે થતી હોય છે. મારા મુખવિવરમાં બિરાજતા દાંત આ જાણી ગયા હશે એથી હારબંધ શિસ્તમાં ખોડાઈ રહેવા કરતાં સળવળાટ કરવા લાગ્યા. દાંતને પાછળ રાખી દઈ એક માદા દાંતે ઉત્પાત મચાવ્યો. આખરે દંતચિકિત્સક પાસે પહોંચવું પડ્યું. તેણે સરળ ઉપચાર આદર્યો ને અવળચંડાઈ કરનારી દાઢની હકાલપટ્ટી કરી નાખવાનું મુનાસિબ માન્યું. આમાંથી તેની પડોશણ જરૂર કાંઈક શીખી ગઈ હશે એમ ધારી મારી અનાવશ્યક સંમતિ લઈ તેને પણ પોતાની જગ્યાએથી હડધૂત કરી દીધી. આ પ્રસંગને બે'ક વર્ષ થવા આવ્યાં બાદ તેમનાં ખાલી પડેલાં સ્થાનમાં ઊંડે ઊંડે કંઈક સળવળાટ પુનઃ શરૂ થયો. ફરી ડૉક્ટરની સલાહ આવશ્યક બની. આ વખતે તેણે પોતે કંઈ ન કરતાં મોટા ડૉક્ટર પાસે પહોંચાડી દીધો. આ ભલા માણસે... ના, ડૉક્ટરે, ખેંચાઈ ગયેલી દાઢની જગ્યા ખોતરી ઝીણા અવશેષો કાઢ્યા. પછી ટાંકા લઈ યથાવત્ કરી ઝીણા કપડાનો વીંટો ભીડાવી સાંજ સુધી મૌન રહેવાનો આદેશ આપી મુક્ત કર્યો. એક બાજુના ગલોફામાં નાળિયેર ફસાવ્યું હોય એવો અનુભવ થવાથી તક મળતાં એક શૂઝ હાઉસના કાચમાં મોં જોઈ લીધું. બહારથી તો ખાસ ફેર ન જણાયો. આજે એક દિવસનું મૌન મારે ફરજિયાત પાળવાનું હતું.

ડૉક્ટરનું કામ પહેલું પતાવી થોડીક વસ્તુઓની ખરીદી માટે બજારમાં ગયો. ઈલેક્ટ્રિક સામાનની દુકાને જઈ એક ચબરખી હથેળીમાં રાખી - વ્હાઈટ બલ્બ ૧૦૦ વૉટ, એમ લખી દુકાનદારને આપી. કાગળ હાથમાં રાખી લખાયું હોવાથી અક્ષર બરાબર નહોતા થયા, ઉપરથી તેણે ચબરખી ઊંધી પકડી માત્ર બે કારણોની સંયુક્ત અસરથી દુકાનદારને કંઈ ગતાગમ ન પડી. તેણે તે ટુકડો કાઉન્ટર ઉપર જ છોડી દીધો. મને તેનું મનોમંથન સમજતાં વાર ન લાગી. મેં અક્ષરો લખેલી તે કાપલી સવળી રાખી તેને પકડાવી. તે મરક મરક હસ્યો અને બલ્બ આપતાં બોલ્યો... 'શું મૂગા છો?'

મેં નકારમાં માથું ધુણાવ્યું.

'મૌન રાખો છો?'

મેં પુનઃ નકારમાં માથું ધુણાવ્યું ને જડબા તરફ અંગુલિનિર્દેશ કર્યો. આ જોઈ તેણે આગળ પૂછ્યું :

'મોંમાં પાન છે એમને? પહેલી જ વખત ખાતા હશો કાં...?'

એનું અર્થઘટન સાંભળી મેં પાછી જડબા તરફ આંગળી ચીંધી બીજા હાથની આંગળી પર કાપવાનો ઈશારો કર્યો ત્યારે એ ભાઈને સમજણ પડી કે દાંતનું કંઈક દર્દ આ ગ્રાહકને ગાંડાઈ કરવા પ્રેરી રહ્યું છે!

તેને પૈસા ચૂકવી હું આગળ વધ્યો. છાપાં અને પુસ્તકોની દુકાન આવી. વળી ખિસ્સામાંની ડાયરીમાંથી કાપલી કાપી 'શબ્દસૃષ્ટિ આપો' એમ લખી તે દુકાનદાર સામે ધરી. તેણે એક નજર કાપલી પર ફેંકીને બીજો દૃષ્ટિપાત મારા મોં સામે કર્યો. તેણે અંગૂઠો આડો હલાવ્યો ને આજ બજાર તરફ આગળ વધવાનો સંકેત કર્યો. આગળ આવી દુકાન છે ત્યાં મળી જશે એવું હું એમના અભિનયથી સમજી શક્યો. આ માણસ પુસ્તકોની દુકાનમાં જીવતો હોવાથી ક્યારેક વાંચ્યું હશે કે મૂગા માણસો બહેરા પણ હોય છે!

રસ્તા પાર કરવા માટે ટ્રાફિક થોડો મંદ પડવાની પ્રતીક્ષામાં એક કિનારે ઊભો હતો. એક રિક્ષાવાળાએ બરાબર મારી આગળ જ રિક્ષા થોભાવતાં પૂછ્યું,

'ક્યાં જવું છે?...'

મેં મોં બગાડી નકારમાં માથું ધુણાવતાં સામે તરફનો સંકેત કર્યો તો તે બોલ્યો, 'સામે તો ચાલીનેય જવાશે.'

મનમાં થયું, કોડા, રોડ શાંત થયો અને પસાર કરી લેવાની માંડ મળેલી તક તેં રિક્ષા આડી ઊભી રાખીને છીનવી લીધી! તેને જવાનો ઈશારો કરી હું પોતાની જગ્યાએ હજુ ઊભા રહેવાનો પ્રયાસ કરતો રહ્યો. રિક્ષાવાળો જતાં જતાં પોતાની પાછળની સીટ

પર બેઠેલા પેસેન્જરને કહેતો સંભળાયો... 'કેવો ફૂટડો યુવાન છે! બિચારાને જીભ નથી. ઈશ્વરેય કમાલ છે...!'

રોડ ક્રૉસ કરી સામે પાર જઈ થોડુંક કામ બાકી હતું એ દુકાન શોધતો હું આગળ વધી રહ્યો હતો એ વખતે સામેથી આવતી બે લેટેસ્ટ યુવતીઓ પાસે આવી ઊભી રહી. એમાંની એકે પૂછ્યું : 'ભાઈ! આટલામાં 'લલના મહેંદી ક્લાસ' ક્યાં આવ્યો?...

મેં સાંભળ્યું અને આજુબાજુ મોં ફેરવતો જોવા લાગ્યો. કદાચ આ ક્લાસ મળી આવે તો બતાવી દઉં!

ઘણા તત્ત્વચિંતકોએ કહ્યું છે કે આપણી અંદર રહેલો પુરુષ વધારે સાચો અને શક્તિશાળી હોય છે. સારાં-હીણાં કર્મો વખતે તે જરૂર સંમતિ કે અસંમતિ દર્શાવતો હોય છે. અંદર રહેલો આ પુરુષ મને મૌન તોડી નાખવા માટે ગોદાવવા લાગ્યો. તેનો અવાજ સ્પષ્ટ સંભળાયો, 'તેં ભલે આ ક્લાસ નથી જોયો છતાંય તેમની સાથે જઈ શોધવામાં મદદ કર! મનુષ્યો માટે તું આટલી સેવા કરવા તો સમર્થ છે જ... જા, જનસેવામાં લાગી જા...' આટલી ઘડી પેલી બંને માંડ પ્રતીક્ષા કરી શકી ને ચાલતી થઈ. એક મૂઢને ગુરુ બનાવવા નીકળી પડવા બદલ થઈ રહેલા પસ્તાવાની રેખા તેઓના વદન પર ઊપસતી મેં નિહાળી.

બધાં કામ પતાવી આજના વિવિધ પ્રસંગોની સમાલોચના કરતો હું આગળ વધી રહ્યો હતો. ત્યાં થોડાં ડગલાં આગળ જતાં એક સાહેબલોક જેવા માણસના હાથમાં રાખેલા કાગળ અને ફાઈલમાંથી એક કાગળ નીચે પડતો મેં દીઠો. હું ઉતાવળો ચાલ્યો. થયું કે એ ભાઈને જણાવું કે તમારો કંઈક કાગળ પડી ગયો. થોડાં ડગલાં ઉતાવળાં ભરી તેની સાથે થઈ ગયો. તેમનું બાવડું પકડી પાછું જોવા વિનવ્યું. અમે પાછળ ફરીને જોયું તો એ કાગળ એક બકરી ચાવી રહી હતી. તેનો બે આંગળ જેટલો છેલ્લો પુરાવો હજુ ગળાઈ રહ્યો હતો. પેલા ભાઈને આંગળી ચીંધી એ દૃશ્ય દેખાડ્યું. તે બકરી જોઈ મારા પર ગુસ્સે થતાં બોલ્યો, '... એ મારી નથી...' મેં પુનઃ ઈશારાથી હકીકત સમજાવવાની કોશિશ કરતાં, મેં તેમના હાથમાંની ફાઈલને સ્પર્શતાં એમાંનો કાગળ પડી જવાનો સંકેત કર્યો. તે કદાચ હું ફાઈલ તફડાવી લેવા માગું છું એવું સમજીને ઊછળકૂદ કરવા લાગ્યો. લાલ આંખ કરી મારી સામે તાડૂક્યો, 'હવે તું જાય છે કે પોલીસને બોલાવું?... એને એટલા માટે જ ભગવાને જીભ નથી આપી...!' અમારા જાહેર ફૂટપાથ પરના આ પ્રસંગથી આઠ-દશ માણસો એકઠાં થઈ ગયાં! ભારતમાં માણસોનું એકાએક એકત્ર થવું એ રોમાંચક નહિ, કુદરતી ઘટના છે. મેં પેલા સાહેબને બે હાથ જોડી ચાલતી પકડી.

આગળ વધું છું તો એક ગામઠી વયોવૃદ્ધ મળે છે. તે મને ઊભા રહેવાનો ઈશારો કરી પૂછે છે, 'રાંઢવાવાળાની દુકાનો કઈ તરફ છે...?'

હું ખરેખર અજાણ હતો. એથી હાથના આશ્ચર્યસૂચક અભિનય સાથે ડોકને મરડતો ચાલી નીકળ્યો.

'સુધરેલાઓને જવાબ દેવાનોયે વખત નથી...' એમ બબડતા પોતાની નિરાશા વ્યક્ત કરતા તે ચાલતા થયા.

જરૂરી કામ પતાવી ગામડે પાછા ફરવા માટે મેં છકડો રિક્ષાનો આશ્રય લીધો. છકડામાં ત્રણ જણાં બેઠેલાં તે વીસ ન થાય ત્યાં સુધી તે ન જ ઊપડ્યો. ઊપડ્યો ત્યારે એન્જિનના અવાજ કરતાં અન્ય ભાગોમાંથી આવતો કિચૂડ કિચૂડ અવાજ વધારે સંભળાતો હતો. પાછળ ધુમાડાના ગોટેગોટા દિવસના પ્રખર તાપને રાત્રિના ઘોર અંધકારમાં બદલવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા હતા. ઉબડખાબડ રસ્તે અડધી યાત્રા દરમિયાન આ લોકરથમાંથી બટાટાનું બાચકું નીચે સરી જતું મેં જોયું. મૌનને કારણે બકરીવાળી બિના યાદ હોવાથી મેં ડાહ્યા થવાનું માંડી વાળ્યું. એક સ્ટેશન આવતાં એક-બે ઉતારુઓ ઊતર્યા. એક ભાઈએ બટાટાના બાચકાની શોધાશોધ કરી મૂકી... બીજાએ યાદ કરાવ્યું, 'તું દુકાને જ ભૂલી ગયો હઈશ...'

ત્યાં તો અંદર બેઠેલા એક-બે જણાએ કહ્યું, 'છકડામાં ચડતી વખતે નીચે જ રહી ગયું હશે...' આમ અનેક મત વ્યક્ત થયા એટલે મારાથી ન રહેવાયું. મેં પેલાને સંકેતમાં જણાવ્યું કે અહીંથી તે ચાલુ છકડે સરી ગયું છે. પેલા ભાઈ અને બીજા એક-બે જણ એમ સમજ્યા કે આ ભાઈએ પાડી દીધું છે. બાચકાનો માલિક તો મારા પર રાતો-પીળો થઈ ગયો... 'એણે જ પાડ્યું છે એટલે તે બોલતો નથી...!' આમ કહી વિશેષરૂપે શાબ્દિક સત્કાર કર્યો.

એક જ દિવસના મૌનથી મને જણાયું કે મૌન પાળવું હોય તો ગુફામાં જવું કાં ખૂણામાં પડ્યા રહેવું. બાકી જગતમાં રહી ઈશ્વરે બક્ષેલી વાચાળતાનો કદીયે ઈન્કાર ન કરવો. એમાં જ મનુષ્યમાત્રનું શ્રેય નિહિત છે. (સૌજન્ય : આકાશવાણી, રાજકોટ) □

ભારતનાં રાજ્યો -૨૦

ત્રિપુરા

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની પૂર્વે ત્રિપુરાનું નાનું રાજ્ય આવેલું છે. તેની ઉત્તર-પૂર્વે એટલે કે ઈશાન ખૂણે મિઝોરમ તથા આસામનાં રાજ્યો આવેલાં છે. તે સિવાયની બધી બાજુએ તે બાંગ્લાદેશથી ઘેરાયેલું છે. તે એક પહાડી રાજ્ય છે. તેમાં ગાઢ જંગલો આવેલાં છે. સમુદ્રની સપાટીથી તેની ભૂમિ આશરે ૧૭ મીટરથી ૧૦૨૯ મીટરની ઊંચાઈ પર છે. તેની મોટા ભાગની વસ્તી મેદાનોમાં વસે છે.

ત્રિપુરા રાજ્યનું ક્ષેત્રફળ ૧૦,૪૯૧ ચોરસ કિ.મી. છે અને તેના ૬૨૯૨ ચોરસ કિ.મી. વિસ્તારમાં જંગલો આવેલાં છે. આ રાજ્યની મુખ્ય ભાષાઓ બંગાળી અને કાકબરાક છે. ઈ.સ. ૧૯૯૧ની ગણતરી મુજબ રાજ્યની વસતી ૨૭,૫૭,૨૦૫ છે. તેમાંથી ૧૬ ટકા લોકો રાજ્યનાં શહેરોમાં અને બાકીનાં બધાં ગામોમાં વસે છે. તેમાંથી ૧૭ ટકા લોકો શિડ્યૂલ કાસ્ટ અને ૩૧ ટકા લોકો શિડ્યૂલ ટ્રાઈબનાં છે. રાજ્યમાં એક ચોરસ કિ.મી. વસ્તીની ઘનતા ૨૬૩ માણસોની છે. તેમાં ૬૧ ટકા લોકો શિક્ષિત છે.

ત્રિપુરા રાજ્યમાં ૮૭ ટકા લોકો હિન્દુ, ૭ ટકા ઈસ્લામ, ૨ ટકા ખ્રિસ્તી અને ૪ ટકા બૌદ્ધ ધર્મ પાળે છે. રાજ્યનાં ૬૯ ટકા લોકો બંગાળી તથા ૨૩ ટકા લોકો ત્રિપુરી ભાષા બોલે છે. ખેતીકામમાં રોકાયેલા મજૂરો માટે લઘુતમ દૈનિક વેતન રાજ્ય તરફથી રૂા. ૩૫ ઠરાવવામાં આવ્યું છે. આ રાજ્યનાં ૮ ટકા લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. રાજ્યનાં લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂા. ૧૭૧૩ છે.

સરકાર : વહીવટની સુવિધા વાસ્તે રાજ્યને ચાર જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. નૉર્થ ત્રિપુરા, સાઉથ ત્રિપુરા, ધલાઈ અને વેસ્ટ ત્રિપુરા - આ ચાર જિલ્લાનાં મુખ્ય મથકો કૈલાશહર, ઉદયપુર, અગરતલા અને અમ્બાસા છે. રાજ્યમાં એકગૃહી ધારાસભા છે. તે વિધાનસભાની સભ્યસંખ્યા ૬૦ની છે. આ રાજ્યમાંથી લોકસભામાં બે તથા રાજ્યસભામાં એક સભ્ય ચૂંટીને મોકલવામાં આવે છે.

રાજ્યનું પાટનગર અગરતલા એક સુંદર શહેર છે અને ત્યાં હવાઈમથક પણ છે.

ઈતિહાસ : ત્રિપુરાને લાંબો ઐતિહાસિક ભૂતકાળ છે. ત્યાંની આદિવાસી સંસ્કૃતિ અદ્વિતીય છે તથા તેની પારંપરિક માન્યતાઓ મંત્રમુગ્ધ કરે એવી છે. મહાભારત તથા કેટલાંક પુરાણોમાં પણ ત્રિપુરાના ઉલ્લેખો જોવા મળે છે. ત્રિપુરાનો



ઈતિહાસ ત્યાંના રાજાની તવારીખ 'રાજમાલા'માંથી તથા કેટલાક મુસ્લિમ તવારીખકારોનાં લખાણો-માંથી પ્રાપ્ત થાય છે. 'રાજમાલા' નામના ગ્રંથમાં જણાવ્યા અનુસાર ત્યાંના રાજાઓ 'ફા' (એટલે પિતા) અટકથી પ્રસિદ્ધ હતા. ત્યાં પ્રાચીન સમયથી વૈષ્ણવ સંપ્રદાયના રાજાઓનું રાજ્ય હતું અને 'ટિપરા' નામથી તે જાણીતું હતું. ત્રિપુરાના રાજાઓને ૧૪મી સદીમાં બંગાળના શાસકોએ વિવિધ પ્રકારે સહાય કર્યાના ઉલ્લેખો મળે છે. ત્રિપુરાના રાજાઓએ મુઘલોના હુમલાનો વખતોવખત સામનો કરવો પડ્યો હતો. કેટલીક લડાઈઓમાં તેમણે બંગાળના સુલતાનોને હરાવ્યા હતા. ત્રિપુરાના મહારાજા વીરચન્દ્રકિશોર માણિક્ય બહાદુરે ઓગણીસમા સૈકામાં બ્રિટિશ હિંદના નમૂના મુજબ વહીવટી માળખું ગોઠવ્યું હતું અને ત્યાર બાદ પોતાના રાજ્યમાં અનેક આધુનિક સુધારા કર્યા હતા. તેના વારસદારોએ પોતાનું રાજ્ય ટકાવી રાખ્યું અને ભારત સ્વતંત્ર થયા બાદ, દેશનું વિભાજન થવાથી તે ભારતથી અલગ પડી ગયું. બાંગ્લાદેશ (પૂર્વબંગાળ) માંથી મોટી સંખ્યામાં હિજરત કરીને આવેલા નિરાશ્રિતોની સંભાળ રાખવાના અઘરા કાર્યનો ત્રિપુરાએ સામનો કરવો પડ્યો. ત્રિપુરાના સગીર મહારાજા વતી રાજમાતાએ વિલીનીકરણના કરાર ઉપર સહી કરી અને ૧૫ ઑક્ટોબર, ૧૯૪૯ના રોજ ભારતની સરકારે ત્રિપુરાનો વહીવટ સંભાળી લીધો. શરૂમાં તે 'સી' વર્ગનું રાજ્ય હતું. ૧૯૫૬માં ભાષાવાર રાજ્યપુનઃરચના કરવામાં આવી ત્યારે તેને કેન્દ્રશાસિત પ્રદેશ રાખવામાં આવ્યો. ત્યાર બાદ ૨૧મી જાન્યુઆરી, ૧૯૭૨માં તેને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો.

લોકો : ત્રિપુરામાં બંગાળીઓની ઘણી વસ્તી છે. તેમ છતાં રાજ્યની વસ્તીનો ઘણો મોટો ભાગ રીઅંગ, ચકમા, હલામ અને ઉસાઈ જાતિનાં આદિવાસી લોકોનો છે. ત્યાં શિડ્યૂલ ટ્રાઈબના લોકોની દસેક જાતિઓ વસે છે. તેમાંનાં મોટા ભાગનાં લોકો વાંસમાંથી બનાવેલાં ટોંગ નામનાં ઘરોમાં રહે છે.

મુખ્ય પાક : રાજ્યમાં ડાંગર, ઘઉં, શણ, બટાટા, તેલીબિયાં તથા શેરડીનો પાક મુખ્ય છે. ત્યાંનાં જંગલોની મહત્ત્વની પેદાશોમાં રબર તથા ઈમારતી લાકડાનો સમાવેશ થાય છે. વર્લ્ડ બૅન્કની ઘણી મોટી રકમની આર્થિક સહાય વડે આ રાજ્યમાં ૫૦૦૦ હૅક્ટર જમીનમાં મોટી સંખ્યામાં રબરનાં વૃક્ષ ઉગાડવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. ત્રિપુરાની સરકારના સંપૂર્ણ સહકારથી રબર બોર્ડ રબરને લગતી વિવિધ

યોજનાઓનો અમલ કરીને, ખેડૂતોને રબરના ઉત્પાદન તરફ આકર્ષે છે.

ઉદ્યોગો : ચાના બગીચા, શણની બનાવટો, ફળો ઉપરની પ્રક્રિયા, ઍલ્યુમિનિયમનાં વાસણો, દવાઓ, પી.વી.સી. પાઈપ, પ્લાઈવુડ, હાથવણાટ, રેશમ, નેતર અને વાંસની વસ્તુઓ બનાવવાના ઉદ્યોગો ત્રિપુરા રાજ્યમાં વિકસ્યા છે.

ખનીજ : ત્રિપુરા રાજ્યમાં કુદરતી વાયુના વિપુલ ભંડારો મળી આવ્યા છે અને તે અનામત રાખવામાં આવ્યા છે.

પ્રાણીજીવન : ત્રિપુરા પર્વતાળ (પહાડી) રાજ્ય છે. તેમાં છ હજાર બસો ચોરસ કિ.મી.થી વધુ વિસ્તારમાં પથરાયેલાં ગાઢ જંગલોમાં વિવિધ પ્રકારનાં જંગલી પ્રાણીઓ વસે છે. તે પ્રાણીઓ સુરક્ષિત રહી શકે તે માટે જંગલનાં પ્રાણીઓનાં ચાર અભયારણ્યો રાજ્યમાં છે જેમાં સેપાહીજલ પ્રાણી અભયારણ્ય તથા તૃષ્ણાપ્રાણી અભયારણ્ય મહત્ત્વનાં છે.

નૃત્ય : આદિવાસી તથા હિન્દુ બંને દેવોને પૂજનારા આદિવાસીઓ વિવિધ પ્રકારનાં નૃત્યો આનંદ અને ઉત્સાહપૂર્વક કરે છે. ગારિયા પૂજાના તહેવારો દરમિયાન લોકો સમૃદ્ધિ મેળવવાના ઈરાદાથી ગારિયા નૃત્યો કરે છે. બંગાળ વર્ષ પૂરું થાય ત્યારે તેની ઉજવણી માટે ચકમા આદિવાસીઓ બીજુ નૃત્યો કરે છે. હલામ જાતિના ત્યાંના આદિવાસી લોકો હઈહાક નૃત્ય તથા લુશાઈ જાતિની મહિલાઓ ચેરાવ નૃત્ય કરીને આનંદ મેળવે છે. ત્રિપુરામાં વસતા મણિપુરી હિન્દુ લોકો વસંતરાસ કરે છે.

મુખ્ય તહેવારો : ત્રિપુરા રાજ્યમાં વસતાં વિવિધ જાતિનાં લોકો કેટલાક અદ્વિતીય તહેવારો પારંપરિક ઉત્સાહ સહિત ઊજવે છે. જૂના અગરતલાની પાસે આવેલા એક પ્રાચીન મંદિરમાં ખરચી પૂજાના લોકપ્રિય તહેવારના પ્રસંગે જુદા જુદા ૧૪ દેવોની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે ત્યારે ત્યાં લોકો મોટી સંખ્યામાં ભેગાં થાય છે. કોઈ પણ રોગચાળામાંથી મુક્તિ મેળવવા માટે આસપાસનાં કેટલાંક ગામોમાં આદિવાસી લોકો ભેગાં થઈને ગંગાપૂજાનો તહેવાર આનંદ તથા ઉત્સાહપૂર્વક ઊજવે છે. તે સમયે એકઠાં થયેલાં લોકો ભગવાનની પ્રાર્થના કરે છે. તેઓના મહત્ત્વના અન્ય તહેવારોમાં તીર્થમુખ તથા ઉનાકોટીમાં મકરસંક્રાંતિનો તહેવાર, હોળીનો ઉત્સવ, મોહનપુરમાં બ્રહ્મકુંડનો તહેવાર, ઉનાકોટીમાં અશોકાષ્ટમી, શરદોત્સવ, દિવાળી, બુદ્ધપૂર્ણિમા, દોલજાત્રા, રાસલીલા, ઝૂલણજાત્રા તથા રથયાત્રાના તહેવારો ઊજવવામાં આવે છે. પોષ સંક્રાન્તિ અને અશોકાષ્ટમી - આ બે પ્રસંગે રાજ્યમાં મહત્ત્વના મેળા ભરવામાં આવે છે.

પ્રવાસન : ત્રિપુરા પ્રાકૃતિક સૌન્દર્યથી ભરપૂર રાજ્ય છે. તેમાં ચા ઉગાડવાના ૫૮૬ બગીચા આવેલા છે, જે સૌન્દર્યમાં વધારો કરે છે. ત્યાંનાં કેટલાંક જોવાલાયક આકર્ષક સ્થળોમાં



અલંકારોથી શણગારેલી ત્રિપુરાની મૉંગોલિયન કુળની સ્ત્રી

કૃત્રિમ સરોવર અને પ્રાણી-સંગ્રહાલય છે. રુદ્રસાગર લેકમાં આવેલ વૉટર પેલેસ અને જોમપુઈ હિલ્સ તથા સરોવરોમાં મંદિરો મહત્ત્વનાં સ્થળો છે, જે પ્રવાસીઓને આકર્ષે છે. અગરતલામાં ઉજ્જયંત મહેલ, જગન્નાથ મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, ઉમા-મહેશ્વરી મંદિર, વેણુવન વિહાર, રવીન્દ્રકાનન, રાજ્યનો સંગ્રહાલય તથા જૂના અગરતલામાં ૧૪ દેવીઓનું મંદિર મહત્ત્વનાં જોવાલાયક સ્થળો છે. ત્રિપુરા રાજ્યમાં આવતા પ્રવાસીઓને ખરીદવા માટે હસ્તકારીગરીની વસ્તુઓ, રેશમ, હાથવણાટ વગેરે આકર્ષે છે. આ ઉપરાંત રાચરચીલું, બાસ્કેટ, રમકડાં, હાથીદાંતની વસ્તુઓ વગેરે ખરીદી માટે લોકોને આકર્ષે છે.

માર્ગો : ત્રિપુરામાં કુલ ૧૨,૫૪૭ કિ.મી. લંબાઈના માર્ગોમાંથી ૪૫૪ કિ.મી જિલ્લાના મોટા માર્ગો (મૅજર ડિસ્ટ્રિક્ટ રોડ્ઝ) તથા ૧૪૬૩ કિ.મી. જિલ્લાના અન્ય માર્ગો છે.

રેલવે : રાજ્યમાં કુલ માત્ર ૪૪ કિ.મી.ની રેલવે લાઈન છે. તેને નૉર્થ ત્રિપુરા જિલ્લામાં કુમારઘાટ સુધી લંબાવવામાં આવી છે.

સિંચાઈ : રાજ્યમાં ૬૪,૬૫૫ હૅક્ટર જમીનમાં સિંચાઈ થાય છે. વધારાની ૧૩,૦૦૦ હૅક્ટર જમીન મધ્યમ સિંચાઈ યોજનાઓ, ૬૬,૦૦૦ હૅક્ટર જમીન નાની સિંચાઈ યોજનાઓ અને ૩૮,૦૦૦ હૅક્ટર જમીન ગ્રાઉન્ડ વૉટરનો ઉપયોગ કરીને સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવશે.

ઊર્જા : રાજ્યમાં ૮૧૫ ગામો તથા ૩૭૭૫ નાનાં ગામોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે. 'કુટિરજ્યોતિ' નામના કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકારે ગરીબીરેખા નીચે જીવતા ૧૮,૩૮૫ પરિવારોને પણ વીજળી પૂરી પાડી છે. એ રીતે ગામડાંઓના વીજળીકરણને નોંધપાત્ર સફળતા મળી છે. મેલાઘરમાં થર્મલ પાવર પ્રોજેક્ટમાં ૫૦૦ મેગાવૉટ વીજળી ઉત્પન્ન થતાં રાજ્યની આવશ્યકતા સંતોષાશે. ❒

ગ્રાહકોને સૂચના

મનિઑર્ડરથી લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનિઑર્ડર ફૉર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, નામ, એડ્રેસ, રકમ વગેરે અચૂક લખવી.

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

આજે સવારે હું ઉપર ગઈ હતી, કારણ કે મેં શ્રીમતી વૅનડાનને મારી ડાયરીમાંથી કેટલાક ભાગ વાંચી સંભળાવવાનું વચન આપ્યું હતું. શરૂઆત મેં 'એવાના સ્વપ્ન'થી કરી. જે એમને ખૂબ ગમી. પછી 'ગુપ્ત નિવાસ'વાળા કેટલાક ફકરાઓ વાંચી સંભળાવ્યા. સાંભળતાં સાંભળતાં હસી હસીને લોથ થઈ ગયાં. થોડોક વખત પીટર પણ સાંભળતો હતો. (છેલ્લો ભાગ) એણે પૂછ્યું કે ક્યારેક એના રૂમમાં પણ હું વાંચી સંભળાવીશ? મેં તત્ક્ષણ એ તક લઈ લીધી અને મારી નોંધપોથીમાંથી એક ભાગ એને વાંચવા આપ્યો. એમાં કેડી અને હૅન્સની ભગવાન વિશેની ચર્ચા હતી. એને કેવો લાગ્યો એ કહેવું મુશ્કેલ છે. કાંક બોલ્યો હતો તો ખરો પણ શું એ મને યાદ નથી. હા, એ સારું હતું કે ખરાબ એ વિષય પર નહોતો બોલ્યો પણ એની પાછળના હેતુવિષયક બોલ્યો હતો. મારો તો હેતુ એટલો જ હતો કે એ પણ જાણે કે હું ફક્ત વિનોદી વાતો જ લખતી નથી. હકારમાં એણે માથું ધુણાવ્યું અને હું એના રૂમની બહાર ગઈ. આગળ જતાં શું પ્રતિસાદ આવે છે એ આપણે જોઈશું જ.

લિ. ઍન ફ્રેન્ક.

શુક્રવાર, ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

હું ઉપર જાઉં ત્યારે મારો હેતુ 'એને' મળવાનો હોય છે. હવે તો નવી અપેક્ષા અને આશા જાગવાને કારણે મારું અહીંનું જીવન જ પલટાઈ ગયું છે.

એની સાથે મૈત્રી કરવી એ મુખ્ય હેતુ બની ગયો છે અને માર્ગટ સિવાય પ્રતિસ્પર્ધીનો ડર પણ નથી. તું એમ ન ધારી બેસતી કે હું પીટરના પ્રેમમાં પડી છું, કારણ કે હું પ્રેમમાં પડી નથી. પરંતુ દિલમાં નવી ભાવનાઓ જરૂર જાગી ઊઠી છે. અને લાગે છે કે પીટર અને મારી વચ્ચે કાંઈક સુંદર આકાર લઈ રહ્યું છે, એક સુંદર મૈત્રી, એક સુંદર વિશ્વસનીયતા. મને તક મળે કે તરત હું એને મળું છું અને હવે તો પહેલાંની જેમ રહ્યું નથી કે મને જોઈને મારી સાથે શું કરવું એની એને ખબર જ ન પડતી હોય. ઊલટાનું એના રૂમમાંથી હું બહાર નીકળું ત્યાં સુધી એની વાગ્ધારા ચાલુ જ હોય છે. મારું આમ ઉપર જવું મમ્મીને પસંદ નથી. મને કહ્યાં કરે છે કે ત્યાં જઈ હું પીટરને કામમાં ખલેલ પહોંચાડું છું. મારે એને એકલા કામ કરવા દેવો જોઈએ. સાચું કહું તો, મારી સમજણશક્તિ પર થોડો વિશ્વાસ તો મમ્મીએ રાખવો જોઈએ કે નહિ? હું પીટરના રૂમ તરફ જાઉં એટલે મમ્મી મને વિચિત્ર રીતે જુએ છે અને પાછી ફરું એટલે પૂછે જ કે ક્યાં ગઈ હતી? મને આ જરાય પસંદ નથી. મને મમ્મી પર ગુસ્સો આવવા માંડ્યો છે.

લિ. ઍન મે. ફ્રેન્ક

શનિવાર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૪૪
પ્રિયતમ કિટી,

વળી પાછો આજે શનિવાર છે અને એટલામાં જ તું સમજી ગઈ હોઈશ. સવારે બધું જ શાંત હતું. ઉપર 'મીટબૉલ' બનાવવામાં કલાકેક કાઢ્યો. પણ 'એની' સાથે નહિવત્ જ વાતો થઈ.

જ્યારે બપોરના અઢી વાગ્યે બધાં ઉપર વાંચવા કે સૂવા ગયાં ત્યારે બ્લૅંકેટ ને ઈતર સામાન સાથે હું નીચે વાંચવા લખવા ઊતરી. થોડીક વારમાં જ હું કંટાળી ગઈ અને હાથમાં મોં છુપાવી હું એકદમ રડી પડી. ગાલ પરથી આંસુ વહેવા માંડ્યાં. હું ખૂબ દુઃખી થઈ ગઈ હતી. મને સાંત્વન આપવા 'એ' આવ્યો હોત તો કેટલું સારું થાત.

છેક ચાર વાગ્યા પછી હું પાછી ઉપર ગઈ. પાંચ વાગે બટાકા લાવવા ઉપર જવા નીકળી, 'એને' મળવાની અપેક્ષા સાથે. પણ એ પહેલાં જ હું બાથરૂમમાં માથું સરખું કરતી હતી એટલામાં એ બોશને રમાડવા નીચે ઊતરી ગયો.

શ્રીમતી વૅનડાનને મારે મદદ કરવી હતી એટલે ચોપડી વગેરે લઈને ઉપર જવા નીકળી એટલામાં જ ફરી આંસુ ઉભરાઈ આવ્યાં. હું દોડીને સંડાસમાં સંતાઈ ગઈ. ત્યાં એમ ને એમ બેસી રહી. આંસુ રોકાઈ ગયાં પછી પણ ક્યાંય સુધી બેસી રહી. મારા લાલ ઍપ્રન ઉપર આંસુના કાળા કાળા ડાઘા દેખાતા હતા. મને ખૂબ એકલું લાગતું હતું.

ખરેખર તો મને જે વાતનું લાગી આવે છે એ તો આવી છે : 'અરે, આ રીતે પીટરને હું ક્યારેય મેળવી શકીશ નહિ. કોને ખબર કદાચ પીટરને હું પસંદ જ નહિ હોઉં કે પછી એને એના મનની વાત કોઈને કહેવાનું મન જ નહિ થતું હોય. કદાચ

એને મન હું કોઈ એક સર્વસામાન્ય મિત્ર જ હોઈશ. ફરી એક વાર એકલતા મને ઘેરી વળશે. ત્યાં નહિ હોય કોઈ મારી મનની વાતો સાંભળનાર, નહિ હોય પીટર, નહિ હોય કોઈ આશા કે અપેક્ષા, નહિ હોય કોઈ સુખ કે સંતોષની અપેક્ષા. અરે, એના ખભા પર માથું ઢાળી શકતી હોત અને આટલી નિરાશા અને એકલતાએ હું ઘેરાઈ ગઈ ન હોત! તો કોણ જાણે, કદાચ એને મારી પરવા જ નહિ હોય અને એમ બધા તરફ એ એટલી જ આત્મીયતા દાખવતો હશે. અરે, પીટર, તું મારા અંતરને જોઈ શકતો કે પારખી શકતો હો તો... પણ કદાચ એ સત્ય જો નિરાશાજનક હશે તો હું જીરવી નહિ શકું.

થોડીક વાર પછી ફરી આશા જાગી ઊઠી, ફરી અપેક્ષાઓથી મારું મન ઊભરાઈ ગયું - તોય આંસુ તો વહેતાં જ હતાં - અંતરમાં.

લિ. ઍન. મે. ફ્રેન્ક

રવિવાર ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૪૪

અન્ય લોકો જે કામ રવિવાર સિવાય કરે તે કામ અમે રવિવારે કરીએ છીએ. જ્યારે એ બધાં સારાં સારાં કપડાં પહેરી બહાર ફરવા જાય ત્યારે અમે ન્હાવા-ધોવાનું કામ કરીએ છીએ.

સવારના આઠ : અમારી બધાની ઈચ્છા ભલેને થોડુંક પથારીમાં પડી રહેવાની હોય પણ ડસેલભાઈ તો આઠ વાગ્યામાં ઊઠી જ જાય. પહેલાં બાથરૂમ જાય, પછી જાય નીચે. ફરી ઉપર આવે અને વળી પાછા બાથરૂમમાં ઘૂસે. ત્યાં કલાકેક સુધી ન્હાય.

સાડા નવ : ચૂલા પેટવાય અને અંધારપટનો પડદો પડે. શ્રી વૅનડાન પછી બાથરૂમમાં ઊપડે. રવિવાર સવારનું મારું કપરું કામ છે પથારીમાં પડ્યા પડ્યા ડસેલભાઈને પ્રાર્થના કરતા જોવાનું. મને ખબર છે કે આ જરા વિચિત્ર લાગે છે પણ પ્રાર્થના કરતા ડસેલની પીઠ જોવી એ ખરે જ ઘણું કષ્ટદાયક કામ છે. એવું નથી કે એ રડે છે કે બહુ ભાવના-વિવશ થઈ જાય છે એવું તો જરાય નથી. પણ ખાસ્સા પા કલાક સુધી - એટલે કે પૂરી પંદર મિનિટ સુધી - એ પગના પંજા ઉપર આગળ-પાછળ આગળ-પાછળ એમ ડોલ્યા કરે અને ડોલ્યા જ કરે. જો હું આંખો જોરથી બંધ ન કરું તો મને એ જોઈને જ ચક્કર આવવા માંડે.

સાડા દસ : વૅનડાનની સિસોટી વાગી. બાથરૂમ ફ્રી છે. ધીરે ધીરે ફ્રેન્ક કુટુંબ પથારીની બહાર આવવા માંડે છે અને બધી ક્રિયાઓ ફટાફટ પાર પડવા માંડે. માર્ગટ અને હું વારાફરતી મોં ધોઈ સવારનો અન્ય ક્રમ પતાવીએ. નીચે ઠંડું ખૂબ છે. એટલે પેન્ટ ને સ્કાર્ફથી અમે સજ્જ થઈ જઈએ. એટલામાં પપ્પા બાથરૂમ પ્રવૃત્તિમાં વ્યસ્ત થઈ જાય. માર્ગટ કે મારો બાથરૂમમાં જવાનો વારો અગિયાર વાગે આવે અને પછી અમે બધાં નાહી-ધોઈને તૈયાર.

સાડા અગિયાર : બ્રેકફાસ્ટનો સમય. આમાં હું ઝાઝું કાંઈ જ કહેવા માગતી નથી, કારણ કે ખાવા-પીવા વિશે ઘણી વાતો કરી છે અને અત્યારે કાંઈ નહિ કહું તો પણ એનો આગળ ઉપર ઉલ્લેખ આવ્યા જ કરશે.

સવા બાર : અમે બધાં જ પોતપોતાના રસ્તે પડીએ. પપ્પા સફાઈ માટેનાં ખાસ કપડાં ચડાવીને ઘૂંટણિએ પડી બ્રશથી ગાલીચો ઘસીને સાફ કરવા લાગી જાય. એવું જોરદાર ઘસવા માંડે કે આખો ઓરડો ધૂળના ગોટેગોટાથી ભરાઈ જાય. શ્રી ડસેલ પથારીઓ સરખી કરવાનું કામ કરવા માંડે. (અલબત્ત, તદ્દન અયોગ્ય રીતે). કાયમ સિસોટી પર બિટોવનની એની એ ધૂન વગાડતા વગાડતા કામ કરતા જાય. માળિયેથી કપડાં સૂકવતી મમ્મીનો પદરવ સંભળાતો જાય. શ્રી વૅનડાન માથે ટોપી ચડાવી નીચેની તરફ ગાયબ થઈ જાય અને સામાન્ય રીતે એની પાછળ પાછળ પીટર અને માઉશી પણ ગુમ થઈ જાય. શ્રીમતી વૅનડાન એક લાંબું ઍપ્રન અને ઉપર કાળું જૅકેટ પહેરી, માથે લાલ રંગનો ઊનનો સ્કાર્ફ બાંધીને ધોવાનાં કપડાંની ગાંસડી ઉપાડી ધોબણની ખાસ્સી પ્રૅક્ટિસ કરેલી અદાનું લટકું કરીને નીચે ઊપડે. હું અને માર્ગટ વાસણ ઘસીને ઘરસફાઈ કરવા લાગી જઈએ.

લિ. ઍન.

બુધવાર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૪૪

મારી પ્રિયતમ કિટી,

ગઈ કાલથી વાતાવરણ ખૂબ સરસ થઈ ગયું છે. મારા ઉત્સાહમાં પણ થોડો વધારો થયો છે. અહીંયાંની મારી પ્રિય લેખન-પ્રવૃત્તિ ઘણી સરસ ચાલી રહી છે. રોજ સવારે હું ઉપર માળિયે જાઉં છું. મારાં ફેફસાંને વાસી હવાથી મુક્ત કરવાં. આજે સવારે હું ઉપર ગઈ ત્યારે પીટર સાફસફાઈ કરતો હતો. કામ પૂરું કરી હું જ્યાં બેઠી હતી, નીચે મારા પ્રિય સ્થાન ઉપર, ત્યાં આવી એ ઊભો. અમે બહાર દેખાતા સ્વચ્છ ભૂરા આકાશને નિહાળતાં રહ્યાં. પાનખર પછી ઠૂંઠા જેવા લાગતા ચેસ્ટનટનાં ઝાકળબિંદુથી ચમકતા ઝાડને, સીગલ અને અન્ય ઊડતાં પક્ષીઓની ચમકતી પાંખોને અમે જોતાં રહ્યાં. એમાં જ અમે એવાં મશગૂલ થઈ ગયાં કે વાતો કરવાનું પણ ભૂલી ગયાં. હું બેઠી હતી અને એ ઊભો હતો. લાકડાના થાંભલાને માથું ટેકવીને. શ્વાસમાં તાજી તાજી હવા ભરતાં, બહાર જોતાં અમને કોઈને આ તંદ્રાવસ્થામાં ભાંગવાનું મન જ ન થયું. ઘણા વખત સુધી અમે એમ જ જોતાં રહ્યાં. છેવટે બળતણનાં લાકડાં કાપવાનો વખત થઈ ગયો. મને ખબર છે કે એ એક જવાબદાર છોકરો છે. એ સીડી પરથી ઉપર જવા માંડ્યો. હું પણ એની પાછળ ઉપર ચડી. પણ અમારામાંથી કોઈ કાંઈ જ બોલતું નહોતું. હું ઊભી ઊભી એને લાકડાં વ્હેરતો જોઈ રહી. દેખીતી રીતે એ મને બતાવવા માટે ધ્યાનથી વ્યવસ્થિત લાકડાં કાપતો હતો. હું ત્યારે બારી બહાર દેખાતા ઍમસ્ટરડામને પણ માણી રહી હતી. ઘરનાં છાપરાં-અગાસીની પેલી પાર ક્ષિતિજ

(અનુસંધાન પૃ. ૧૧૫ પર)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

જહૉન સ્ટુઅર્ટ મિલ, ન્યુમૅન

કાર્લાઈલના પ્રભાવનો વિચાર કરતાં જહૉન સ્ટુઅર્ટ મિલ (ઈ. ૧૮૦૬-૭૩)ને સંભારવો પડે. વિક્ટોરિયન યુગમાં બે આત્યંતિક વિચારો પ્રવર્તતા હતા તેનું પ્રતિનિધાન કાર્લાઈલ અને મિલ દ્વારા થયું છે. અલબત્ત, મિલ જાણે કે ૧૮મી સદીના વિચારોનો વારસદાર છે અને કાર્લાઈલમાં રોમૅન્ટિસીઝમનો વારસો છે તેમ છતાં બંને વચ્ચે બધી જ બાબતમાં મતભેદ નહોતો. મિલ પર કાર્લાઈલનો પ્રભાવ પણ હતો, જેમ વર્ડ્ઝવર્થ અને કોલરિજનો ય હતો અને મિલે પણ અમુક રીતે - અમુક બાબતોમાં કાર્લાઈલની જેમ જ તત્કાલીન સભ્યતા સામે વિરોધ પોકાર્યો હતો. મિલને મોટે ભાગે એના પિતા જેમ્સ મિલ જેવો તર્કચુસ્ત માની લેવામાં આવ્યો છે. એમાં તથ્ય હોય તો પણ મિલની પ્રકૃતિનું બીજું પાસું પણ ધ્યાનપાત્ર હતું. એનામાં કલ્પનાશક્તિ અને સંવેદનશીલતા પણ હતી. જેનો એના પિતામાં અભાવ હતો. એના પિતાએ એને ચુસ્તપણે તાર્કિકતાના ઢાંચામાં ઢાળવાનો પ્રયત્ન કર્યો હતો. એનું શિક્ષણ એ રીતે જ થાય એવી તેની યોજના હતી. મિલનું સ્વભાવ-ઘડતર એવી રીતે થાય એ સ્વાભાવિક હતું. પણ એના સદ્‌ભાગ્યે રોમૅન્ટિક કવિઓની કવિતાએ એને નવી હવાની તાજગી આપી. એને કોલરિજના બે ઉત્સાહી વિદ્યાર્થીઓ - પ્રશંસકોના સંપર્કમાં આવવાનું બન્યું. એમાં એક તે એફ. ડી. મૉરિસ અને બીજો જહૉન સ્ટર્લિંગ જેને કાર્લાઈલે મન-ભર બિરદાવ્યો હતો. આ બંનેના સંપર્કને કારણે એ ચુસ્ત તર્કવાદમાંથી ઊગરી ગયો. રાજકીય-સામાજિક આદિ વિચારોને કંઈક સમભાવપૂર્વક સમજવાનું વલણ તેનામાં આવ્યું.

મિલ મુખ્યત્વે તો રાજકીય વિચારક છે, સમાજચિંતક છે. એને પ્રતિષ્ઠા આપનાર રાજકીય વિષયને લગતું લઘુ પુસ્તક 'ઑન લિબર્ટી' (૧૮૫૯) છે અને બીજું એક પુસ્તક 'રિપ્રેઝન્ટેટિવ ગવર્નમેન્ટ' (૧૮૬૧) છે. પણ સાહિત્યના અભ્યાસીઓ માટે તો તેનું પુસ્તક 'ઑટોબાયોગ્રાફી' જ ધ્યાનપાત્ર ગણાય. મિલે એના જમાનાનાં બધાં જ પ્રગતિશીલ આંદોલનોમાં રસ લીધો હતો. એનું ચિત્ત બૌદ્ધિક ઉપયુક્તતાવાદ સાથે સંકળાયેલું હતું. તે સાથે સમભાવપૂર્વક સમજવાની વૃત્તિ પણ ખીલી હતી. એ રીતે જોતાં એની દ્વિમુખી પ્રતિભા હતી. તર્કવાદની સાથે રોમૅન્ટિસીઝમની અસર પણ હતી. એણે દરેક બાબતમાં તર્કની સહાયથી સત્ય શોધવામાં ક્યારેય બેવફાઈ આચરી નથી.

મિલનાં લખાણોમાં ભલે સાહિત્યિક ગુણોનો અભાવ હશે, પણ એનું ચિત્ત સરળ, સ્વચ્છ અને ઉદાર છે. વિક્ટોરિયન યુગમાં વિકસી રહેલી વિચારધારાને તેણે પૃથક્કરણની રીતે સમભાવ-પૂર્વક, વાજબી રીતે સ્પષ્ટ કરી આપી, મિલનાં રાજકીય અને ચિંતનાત્મક લખાણોનાં બીજાં પુસ્તકોમાં 'થૉટ્સ ઑન પાર્લમેન્ટરી રિફોર્મ' (૧૮૫૯), યુટિલિટરિયા નીઝમ' (૧૮૬૩), 'ધ સબ્જેક્શન ઑવ્ વીમેન' (૧૮૬૯), 'થ્રી એસેઝ ઑન રિલિજયન' (૧૮૭૪)નો સમાવેશ થાય છે. મિલનાં આ બધાં પુસ્તકોમાં માનવ અનુભવમાં રહેલી વિવિધતા, સંકુલતા અને માનવીય સુખની બાબતમાં પણ કેટલા બધા વિચારભેદ છે તેની સમજ તેણે દેખાડી છે. એ પોતે વ્યક્તિવાદી અને વાણી-સ્વાતંત્ર્યનો પ્રખર હિમાયતી હોવા છતાં વ્યક્તિસ્વાતંત્ર્યના સિદ્ધાંતની મર્યાદા સમજે છે - સ્વીકારે છે. એનું ચિત્ત ખુલ્લું, બિનસાંપ્રદાયિક છે અને કોઈ પણ ધર્મનો પ્રતિકાર ન કરતો તે અજ્ઞેયવાદી છે. ધર્મનાં ઐતિહાસિક અને માનસશાસ્ત્રીય પાસાંમાં તેનો રસ છે. આરંભનાં વર્ષોમાં કાર્લાઈલના વિચારોથી તે પ્રભાવિત છતાં છેવટે તો એ એના તર્કબદ્ધ સ્વભાવથી કાર્લાઈલના વિચારોનો કેટલેક અંશે પ્રતિકાર કરે છે. કાર્લાઈલે તો એને 'a logic chopping machine' તરીકે જ ઓળખાવ્યો છે.

ગમે તેમ પણ મિલે ઓગણીસમા સૈકામાં જે Secular Wisdomનું સ્વરૂપ હતું તેનું સુંદર પ્રતિનિધાન કર્યું છે.

કાર્લાઈલ અને મિલ બંને પોતપોતાની દૃષ્ટિએ-રીતિએ તત્કાલીન સભ્યતા સામે વિરોધ પોકારી રહ્યા હતા. તેવે સમયે એ વિરોધમાં એક ત્રીજું પરિબળ પણ એક જુદા જ ખૂણેથી ઉદ્‌ભવ પામ્યું. મિલ પોતે જોકે મૂળમાં અજ્ઞેયવાદી છતાં ધર્મની નીતિસ્થાપન માટેની સત્તા સ્વીકારતો હતો અને ખ્રિસ્તીધર્મનો દાવો કે ઈસુ ખ્રિસ્ત (દેવ તરીકે નહિ, માણસ તરીકે)ને ઈશ્વર તરફથી મનુષ્યજાતને સત્ય અને સદ્‌ગુણને પંથે ચડાવવાની પ્રેરણા મળી હતી. કાર્લાઈલને ખ્રિસ્તીધર્મની આ માન્યતા અસ્વીકાર્ય હતી, પણ ખ્રિસ્તીધર્મની ત્યાગભાવનાની બાબત, અનુશાસન અને અધ્યાત્મનો દૃષ્ટિકોણ તેને માન્ય હતો.

એ જ વખતે ખ્રિસ્તીધર્મના ક્રિયાવિધિ અને સૈદ્ધાંતિક પાસામાં પુનઃસુધારણા માટે પ્રયત્ન શરૂ થયો. વ્યક્તિ-સ્વાતંત્ર્ય માટે ઉદારમતવાદી વલણ સામે, નકરા માનવતાવાદ સામે તેમ જ ધર્મના ઇતિહાસલક્ષી તેમજ માનસશાસ્ત્રલક્ષી અર્થઘટનો સામે ચોથા દાયકામાં દેવળના પાદરીઓના એક મંડળે વિરોધ રૂપે આંદોલન અથવા અભિમાન આરંભ્યું. એમણે ઈ. ૧૮૩૨ થી ૧૮૪૧ સુધીના સમયગાળામાં 'ટ્રેક્ટ્સ ફૉર ધ ટાઈમ્સ'ની શ્રેણી પ્રકાશિત કરવા માંડી અને એમાં ઈંગ્લન્ડના ચર્ચના ખયાલના

પુનઃસ્થાપનની ઘોષણા કરી એમાંના છેલ્લા ભાગમાં ન્યુમૅનનો ૯૦મો નિબંધ ખાસ ધ્યાનપાત્ર હતો. કેટલાકે એને પ્રતિષ્ઠિત કહ્યો, બીજા કેટલાકને તે નામચીન લાગ્યો. એ નિબંધમાં તેણે ઇંગ્લન્ડના ચર્ચના ૩૯ જેટલા નિયમોનાં નવેસરથી અર્થઘટનો કર્યાં.

ઇંગ્લન્ડની ધર્મસત્તા અઢારમી સદીમાં અને ઓગણીસમી સદીના આરંભનાં વર્ષોમાં એદી અને ભૌતિકતામાં રાચનારી સત્તા બની ગઈ હતી.

જ્હોન હેન્રી ન્યુમૅન (૧૮૦૧-૧૮૯૦)એ ચર્ચના ધર્મ-ગુરુઓના અભિયાનકાર્યમાં અગ્રણી હતો. એ આખું ય અભિયાન 'ઑક્સફર્ડ મુવમેન્ટ' તરીકે નામાંકિત બન્યું હતું. એ અભિયાનમાં ન્યુમૅનની સાથે મિલમેન, જ્હોન કેબલ, જ્હોન મૅસન નીલ અને રૉબર્ટ સ્ટીફન હોકર મુખ્ય હતા. આ મંડળે ઇંગ્લન્ડની ધર્મસત્તાની જાગૃતિમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આ બધા પાદરીઓ કવિજીવ હતા.

ચર્ચની સત્તા અને તેના પુનરુદ્ધાર માટેના પ્રયત્નમાં પક્ષાપક્ષી થઈ અને એની પ્રબળ અસર સમાજ પર અને સર્જાતા સાહિત્યમાં પણ પડી.

ન્યુમૅને વિવિધ બાબતો પર ઘણું લખ્યું છે, પણ એનાં બે પુસ્તકો એમાંના સાહિત્યગુણને કારણે ધ્યાનપાત્ર બન્યાં છે. એમાંનું એક 'અપૉલોજિયા પ્રો વિટા સુઆ' (૧૮૬૪) અને બીજું 'આઈડિયા ઑવ્ યુનિવર્સિટી' (૧૮૫૨). ઉપર્યુક્ત બીજા પુસ્તકમાં તેણે ધર્મ અને નૈતિક સભ્યતાથી નિરપેક્ષ એવી બૌદ્ધિક સભ્યતાની ચર્ચા કરી છે. એ શા માટે અને કેવી રીતે તે અંગેની વિચારણા રસપ્રદ બને તેવી છે.

ન્યુમૅને યુનિવર્સિટીમાં ધર્મનિરપેક્ષ શિક્ષણનો આદર્શ રજૂ કર્યો. અલબત્ત, ધાર્મિક શિક્ષણ અંગત ભક્તિનું સ્થાન લઈ શકે તે માટે નહિ, પણ એવું ધાર્મિક શિક્ષણ કે જે કોઈ પણ ખ્રિસ્તીને વધુ નીતિ અને આનંદદાયક બનાવે.

ન્યુમૅનની તર્કબદ્ધ દલીલો, એની સન્નિષ્ઠા અને પોતાના વિચારોની અભિવ્યક્તિ માટેનું સુંદર ગદ્ય એને વિક્ટોરિયન જમાનાના સંદેશાવાહકો અને વિવેચકોની સાથેના સ્થાનનો અધિકારી બનાવે છે. એના 'અપૉલોજિયા પ્રો વિટા સુઆ' પુસ્તકમાં ચાર્લ્સ કિંગ્સ્લીએ એના રોમન કૅથલિક પ્રચારને અપ્રામાણિક અને અનૈતિક હોવાનો આક્ષેપ કરેલો તેનો જવાબ છે અને આશ્ચર્યની વાત તો એ છે કે ચાર્લ્સનો આક્ષેપ પણ સમય વીતતાં ખતમ થઈ ગયો છે, જ્યારે તે ન્યુમૅનનો ઉપર્યુક્ત પુસ્તકમાં આવેલો જવાબ એના તર્કબદ્ધ અને સુંદર ગદ્યમાં રજૂ થયેલા વિચારોને કારણે હજી પ્રસ્તુત રહ્યો છે.

આમ, ૧૯મી સદીના વિક્ટોરિયન યુગના વિચારો પર જેમ મૅકૉલે તેમ કાર્લાઈલ, ન્યુમૅન અને એવા બીજા અનેક વિચારકોની પ્રબળ અસર દેખાય છે.

એ જ અરસામાં ઈ. ૧૮૩૨માં પાર્લમેન્ટમાં રિફૉર્મ બિલ પસાર થાય છે અને એની પ્રબળ વ્યાપક અસર સમસ્ત અંગ્રેજ પ્રજા પર અને શાસકો પર પણ પડે છે અને એક સુદૃઢ રાજકીય લોકશાહી નિર્માણ થવા માંડે છે. (ક્રમશઃ)

અનુસંધાન] ઍન ફ્રેન્કની રોજનીશી [પૃ. ૧૧૩ થી

જોઈ રહી હતી. પણ વાતાવરણમાં એટલી ઝાંખપ હતી કે ક્ષિતિજ લગભગ દેખાતી જ નહોતી.

મને વિચાર આવ્યો : 'જ્યાં સુધી આ સૂર્ય છે અને આ નિરભ્ર આકાશ છે ને જ્યાં સુધી હું એને માણી શકું છું ત્યાં સુધી હું દુઃખી હોઈ જ કઈ રીતે શકું?

ઉદાસ, એકલી અને ભયગ્રસ્ત વ્યક્તિ માટે શ્રેષ્ઠ ઉપાય છે એવી જગ્યાએ જવું જ્યાં આકાશ, નિસર્ગ અને પ્રભુ સિવાય બીજું કોઈ જ ન હોય, કારણ કે ત્યારે અને ફક્ત ત્યારે જ તમને જાણ થશે કે જે છે તે જ યોગ્ય છે અને પ્રભુની જ ઇચ્છા છે કે માનવી નિસર્ગનાં સૌંદર્ય અને સાદગી વચ્ચે સુખી રહે.

આ જ્યાં સુધી છે, અને એ તો શાશ્વત છે ત્યાં સુધી ગમે તેવા દુઃખમાં કે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં એ મનને શાતા આપશે. મારું તો માનવું છે કે ગમે તેવા દુઃખને ઓછું કરવાની અને શાંતિ અર્પવાની શક્તિ નિસર્ગમાં સમાયેલી છે.

અરે, કોને ખબર, થોડા દિવસમાં મને પણ એવું કોઈ મળી જશે જે મારી આ આનંદની ભાવના સમજી શકે. લિ. ઍન.

તા.ક. પીટર માટે વિચારો :

આપણે કેટલું બધું ગુમાવી રહ્યાં છીએ અને તે પણ કેટલા લાંબા વખતથી! હું અને તું બંને સરખાં જ વંચિત રહ્યાં છીએ. હું બાહ્ય વસ્તુઓની વાત કરતી નથી એ માટે આપણને પૂરતું મળી રહે છે. પણ હું વાત કરું છું અંતરમનની. તારી જેમ હું પણ મુક્તિને ઝંખું છું અને ઝંખું છું ખુલ્લી હવાને. પણ મને તો લાગે છે કે અંતરમનની એ ખોટ પણ આપણી થોડીઘણી તો ભરપાઈ થઈ ગઈ છે.

આજે સવારે હું જ્યારે બારીમાંથી બહાર જોતી હતી, ઊંડી નજરથી પ્રભુ અને નિસર્ગને નિહાળતાં હું ખૂબ ખુશ હતી, સાચો આનંદ અનુભવી રહી હતી. પીટર, જ્યાં સુધી લોકો પોતાના અંતરમાં એ આનંદને પામી શકશે, નૈસર્ગિક આનંદ અને સ્ફૂર્તિ અનુભવી શકશે ત્યારે બધાં જ ખરા અર્થમાં સુખ પામી શકશે.

ધન અને ખ્યાતિ એ બધું જ ભંગુર છે. પણ તમારા અંતરનો આનંદ બહુ બહુ તો મંદ થઈ શકશે પણ જ્યાં સુધી જીવનદીપ પ્રજ્વલિત છે ત્યાં સુધી તમને આનંદિત કરવા એ પુનઃજાગૃત થઈ ઊઠશે.

તું જ્યારે એકલતા અનુભવે કે દુઃખ તને ઘેરી વળે ત્યારે એક સુંદર દિવસે ઉપર ચડી બારીની બહાર દૃષ્ટિ કરજે. પેલાં ઘર ને એની અગાસીઓ તરફ નહિ પણ પેલા આકાશ તરફ. જ્યાં સુધી તું એ આકાશ તરફ કોઈ ભય વિના મીટ માંડી શકીશ તો તું જાણજે કે તારું અંતર શુદ્ધ છે અને ફરી એક વાર તું આનંદિત થઈ ઊઠીશ. (ક્રમશઃ)

હું અને ઘોઘો

પ્રફુલ્લ રાવલ

કિશોરાવસ્થાનું જે રમતિયાળ સ્મરણ આજે અધર પર આછું સ્મિત પાથરી દે છે તે ઘોઘાનું. 'ઘોઘો' એટલે સાપની ફણા આકારનું માટીનું રમકડું. જેનાથી રમાય નહીં પણ એને લઈને મંગાય, તે ય મદામ. તૈયાર ઘોઘો લેવાની પ્રથા તો ત્યારે ય હતી પણ પાસે કાણિયો પૈસો નહોતો. એટલે મુનસર તળાવથી માટી ખોદીને લાવતો કે ક્યારેક કુંભારને ત્યાંથી લઈ આવતો. અને બહેન કે ફૈબા ઘોઘો બનાવી આપતાં. ભીની માટીના એ ઘોઘાને હું મુગ્ધતાથી જોતો રહેતો. પછી એને તડકે મૂકવામાં આવતો. સૂકાયા પછી ક્યારેક ભ્રમર પર કાળો રંગ કરાતો. એ પણ કોલસાનો. કેવો હતો એ ઘોઘો? નીચે પકડવા માટે ગોળાકાર નક્કર પિંડ હોય અને ઉપરના ભાગમાં સાપનું મોં બનાવાતું. ફેણ ફેલાવેલા સાપનું. એને બે આંખ ને લપકારા મારતી જીભ હોય. વચ્ચે ખાડો પડતો. એમાં સોનીને ત્યાંથી લાવેલી માટીની વાટકી મૂકાય. એ વાટકીમાં તેલ પૂરીને દીવો કરાય. બસ, ઘોઘો તૈયાર. આ ઘોઘો લઈને નવરાત્રિના નવ દિવસ અમારા મહોલ્લાઓમાં અને અન્ય મહોલ્લામાં જવાનું. ઘરે ઘરે ફરવાનું. બોલવાનું આમ,—

'ઘોઘા ઘોઘા ઘોષલામ,
નાથીબાઈને વીસ સલામ
તાવડીમાં ટેટો
જીવે તમારો બેટો.
દીકરી દીકરી દિવાળી,
ટકાની ઘાઘરી સિવાણી.
ટકો મૂક્યો ટોડલે,
જમાઈ આવ્યો ઓટલે.
લે લે જમઈડા લેતો જા,
ઢીંકાપાટુ ખાતો જા.
તેલ દે, ધૂપ દે,
બાવાને બદામ દે.
તેરા બચ્ચા જીવતા રે.'

તેલ માગવાનું, ધૂપ માગવાનો, મદામ માગવાની અને પુત્ર જીવતો રહે તેવી ભાવના ગાવાની. ક્યારેક તેલ મળતું, ધૂપ મળતો, પણ ક્યારેય મદામ મળતી નહીં. આ લયાત્મક પદ્ય ન તો કોઈએ શીખવાડ્યું'તું કે ન તો ક્યાંય વાંચ્યું'તું. બસ કંઠોપકંઠ બોલાતું. સાંભળી સાંભળીને આવડી ગયું. ત્યારે આનો અર્થ આવડતો ન્હોતો. અત્યારે લખું છું ત્યારે પણ એનો પૂર્ણ અર્થ - એની વ્યંજના બરાબર સ્પષ્ટ છે એવું ય નથી. પરંતુ કશુંક માગવાનું છે અને જેને ત્યાં જઈએ તેને ત્યાં દયાથી નહીં, હકથી માગવાનું છે. આપનાર આપે તે પૂરા ભાવથી. આપવું એ જાણે એનો કર ન હોય! ક્યારેક બારણું બંધ હોય તો ખખડાવીને ઘોઘા કરીએ. દરેકના ઘરે જવાનું. મળે તો માત્ર ગોળી કે બિસ્કીટ કે ચૉકલેટ. જે મળે તે ખિસ્સામાં મૂકી દઈએ. એક ઘરેથી બીજા ઘરે ફરવાનું. ક્યારેક ટોળી બનાવીને દૂર નીકળી જઈએ. સાથમાં મહોલ્લાની છોકરીઓ પણ હોય. માથે ગરબો લઈને આવતી. મારા મહોલ્લા પાસેનો મહોલ્લો ખાસ્સો મોટો હતો. રહેનાર સહુ ખાસ્સા સમૃદ્ધ. સારું ખાવાનું આપે. આપવાનો આનંદ અપાર. એક મોટા શેઠનું ઘર હતું. રતિલાલ ઊજમશી. એમને પોતાની ઘોડાગાડી હતી. શેઠાણી દરિયાવ દિલ. એમની દીકરી ભામિની મારી સાથે ભણતી એ ઓળખાણ. વળી, હું બ્રાહ્મણનો દીકરો એટલે પૂરા ભાવથી બોલાવે. મારો તો વટ પડી ગયો. એમને ત્યાંથી સાતેય દિવસ નવું નવું ખાવાનું મળતું. નારંગીની પીપરમીંટ કે રાવળગાંવ આપે. ક્યારેક પડવાળું બિસ્કીટ આપે. અને છેલ્લા દિવસે ખાંડનું રમકડું આપે. બ્રાહ્મણના છોકરાને બે રમકડાં. સાથે તાંબાનો આખો પૈસો મળતો. સખીને નહોતો મળતો. હું એને ઠિંગો બતાવતો. એ નિરાશ થઈ જતી. હું ખીજવતો રહેતો. પણ એક પલ્લવી હતી. અમારી ટોળીની સાથી. સમજુ. કહેતી — 'આવતે ભવે બ્રાહ્મણને ત્યાં જન્મીશ.' મને થતું કોઈક ચમત્કાર થાય અને પલ્લવી બ્રાહ્મણ બની જાય તો એને આખો પૈસો મળે! પણ ચમત્કાર ન બન્યો. ક્યારેય ન બન્યો. આજે પલ્લવીને બ્રાહ્મણ બનાવવાનો કીમિયો હાથવગો છે ત્યારે...

છોકરાઓ ઘોઘા કરતા અને છોકરીઓ ગરબડિયાં ગાતી. એમાં લય હતો. 'હું કેમ આવું રાણા, રાત અંધારી રે! રાત અંધારી ત્યારે શેરીકાંટા વાગે જો ને' એમ ગાતી બાપાની મનોભાવનાનું સરસ ગાન હતું. બન્નેમાં હતી કશીક વ્યંજના. ત્યારે નહોતી સમજાતી. આજે સમજવા જેટલી સમજ છે, પરંતુ વય જિજ્ઞાસાનું રમકડું રમી શકે તેટલું નાનેરું રહ્યું નથી.

ઘોઘા કરવા જવામાં મને મળે એટલું જ પર્યાપ્ત નહોતું. સાથીને પણ મળવું જોઈએ. ન મળે તો અફસોસ થતો. ઘણી વાર ભીડ થઈ જતી. આપનારને ખયાલ પણ ન રહે કે કોને આપ્યું કે કોને ન આપ્યું? કોઈ અલ્લડ ડબલ લઈ જાય. એ છોકરો અમારી ટોળીનો હોય તો માફ. બાકી સત્ય સાથમાં જ રહેવું. તરત કહી દેતો - 'આને બે વાર લીધું છે.' પેલો ભોંઠો પડતો. ક્યારેક એ સત્ય લડાઈનું કારણ બનતું. સહુ સાથીદારો વ્હારે ધાતા. કેટલાક છોકરાઓ ઘોઘા વગર આવતા. હથેળીનો ઘોઘો બનાવે. હું બોલતો — 'આની પાસે ઘોઘો નથી.' ક્યારેક એને ખાવાનું ન મળતું. પેલો નિરાશ થઈ જતો. મને દયા આવતી હું મારા ભાગનું એને આપી દેતો. પછી તો ભાગનું આપી દેવાનું ઘણી વાર બન્યું છે. જરા ય

રંજ વગર આપ્યું છે.જિકર કરવાનું પણ ગમ્યું નથી.

ઘોઘા કરવા જવાનું કોણે શોધ્યું હશે એવી જિજ્ઞાસા ક્યારેય થઈ નહોતી. માત્ર જવું ગમતું. એમાં હતી ફરવાની સ્વતંત્રતા. મહોલ્લા બહારનું ભ્રમણ. કોઈક તો કહેતું - 'થઈ રહ્યું'. વળી કોઈક કહેતું - 'છેલ્લા દિવસે.' એ ઘર યાદ રહેતું. છેલ્લા દિવસે જતા તો મળતું. ક્યાંક ખાવાને બદલે રોકડો પૈસો મળતો. આખો કે કાણિયો. છેલ્લા દિવસે એમ ચાર-પાંચ આના થઈ જતા. હું બાને આપી દેતો. બા શું કરતી એ પૈસાનું? સ્મરણ પણ કંપવા માંડે છે. કેવા દિવસો હતા એ! તે ય પસાર થઈ ગયા. ભવભૂતિ સાંભળી આવે છે - તે હિ નો દિવસા ગતાઃ। સમય ક્યાં રોકાઈ રહે છે?! એને ક્યાં કોઈની પ્રતીક્ષા છે?

'છેલ્લા દિવસે' કહેતી એક ડોશીનું સ્મરણ વેદનાની વાર્તા છે. પહેલા દિવસથી જતાં અને છેલ્લા દિવસે જ્યારે ડોશીએ બારણું બંધ કરી દીધું ત્યારે ઘોઘાનું છેલ્લું વાક્ય બદલાઈ ગયું હતું.– 'તેરા બેટા મર જાય.' બારણું ખખડાવ્યું તો ય ડોશીએ ન ખોલ્યું. અમે સહુ બીજાં ઘરે ગયાં. પલ્લવી પાછળ રહી હતી. એ રહસ્ય જાણી લાવી. ડોશી રડતી રડતી બોલતી'તી – 'ક્યાંથી આપી શકું આ છોકરાને? મારું જ બે ટંકનું માંડ પૂરું થાય છે.'

કોઈક તો માત્ર ઘોઘાની વાટકીમાં તેલ પૂરી આપે. કોઈક તો કેવળ હસી નાખે. ક્યારેક મશ્કરી જેવું થતું. જો કોઈએ નવું બંગાળી કે મરાઠી કુટુંબ રહેવા આવ્યું હોય તો એનો ભાવ વળી સાવ જુદો જ રહેતો. પણ મોટા ભાગે સહુ આપતાં. એક પરંપરા હતી. આજે ય ક્યાંક તો જળવાઈ રહી જ છે.

અજાણ્યા મહોલ્લામાં જવાનું થતું ત્યારે બીક રહેતી તે કૂતરાની. તો ય જતો. પછી દોડવું પડતું. એક વાર કૂતરું પાછળ પડ્યું તે એવો દોડ્યો કે પડ્યો લાંબો થઈને. ઘોઘાનો દીવો રામ, વાટકીના કટકે કટકા, મળેલું ખાવાનું વેરણ છેરણ અને કોણીએ છોલાયું તે વધારાનું. ક્યારેક જુદા જુદા મહોલ્લામાં ફરાતું. નવાં ઘર જોવા મળતાં. મહોલ્લાની ગલીકૂંચીઓ જોવાનો આનંદ આવતો. એમ ગામની ભૂગોળનું જ્ઞાન થતું. બાધાવાડાને એક ઘરેથી માત્ર મને જ ખાવાનું મળતું. કારણ? ક્યાં શોધું? હશે કશુંક. પરભવનું લેણું. મોડું થતું ત્યારે ઘોઘાનું તેલ ખૂટી જતું. સખીના ગરબાનો દીવો ઝઘતો રહેતો. એની વાટકી મોટી હતી. મારી નાની. એ આખી વાટકી તેલ ભરતી અને મારી નાની વાટકીમાં બા થોડું તેલ પૂરતી.

મહોલ્લામાં રમતી વખતે ગોઠિયા સાથે બાઝવાનું થતું. ક્યારેક અબોલા થતા. પણ ઘોઘા કરવા ટાણે સુલેહ થઈ જતી. પાછલું બધું ભુલાઈ જતું. સુખી ઘરના છોકરા પણ ઘોઘામાં જોડાતા. નિર્દોષ આનંદ હતો. એવું તે શું હતું આ ઘોઘામાં કે કશી ય દીવાલ રહેતી નહીં! અત્યારે એ દિવસોને યાદ કરું છું ત્યારે હું જ મારી મીઠી ઈર્ષા કરું છું. અડધી બાંયનું ખમીશ અને ટૂંકી ચડ્ડી તે ય ફાટેલી કે થીંગડાં દીધેલી પહેરેલો હું હાથમાં ઘોઘો લઈને જતો મને જોઉં છું. મુગ્ધતાથી જોઉં છું. કદાચ ઘોઘો થઈને જોઉં છું. પણ જોઉં છું મને નિરપેક્ષ ભાવે. કુતૂહલથી. અને બની રહું છું મુગ્ધ... માત્ર મુગ્ધ. પણ કિશોરકાળની પેલી નિર્દોષ આંખનો ભાવ ક્યાંથી આજે લાવું? ❒

જાણીતા માણસની અજાણી વાતો

નગીન દવે

આશરે ત્રીસેક વર્ષ પહેલાં ભારતીય જનસંઘના ચૂંટણી પ્રચારાર્થે શ્રી અટલબિહારી વાજપેયી જસદણ આવેલા. ત્યારે દેશના નેતાઓને અત્યારના જેવા સુરક્ષા કવચની જરૂરિયાત નહોતી. સ્થાનિક પોલીસનો બંદોબસ્ત રહેતો અને એલ.આઈ.બી.ના જમાદાર ભાષણની નકલ ઉતારીને તેનો અહેવાલ મોકલી આપતા. સાડાનવેક વાગે આ સભા પૂરી થયા બાદ એક કાર્યકરે શ્રી વાજપેયીજીનું ધ્યાન દોર્યું કે આ ગામમાં ઘણાં વર્ષોથી એક વાજપેયી કુટુંબ રહે છે. શ્રી વાજપેયીજી આનંદમાં આવી ગયા કે ચાલો તેમને મળીએ. સૌ ચાલતા ચાલતા છત્રીબજારમાં આવેલા લચ્છુભાઈ વાજપેયીના ઘેર ગયા. લચ્છુભાઈની તબિયત નરમ-ગરમ રહેતી હતી. આવડા મોટા ગજાના નેતા તેમના ઘેર વગર આમંત્રણે આવતાં તેઓ તો ભાવવિભોર બની ગયા. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા માંડ્યાં. અટલબિહારી વાજપેયી તેમના ખાટલે બેઠા, પરિવારના ખબરઅંતર પૂછ્યા. લચ્છુભાઈ જસદણની નગરપાલિકામાં એકાઉન્ટન્ટ હતા. સ્થિતિ સાવ સામાન્ય, પરિવાર મોટો.

તેમના ઘરનું વાતાવરણ જોઈને શ્રી અટલબિહારી બોલ્યા : 'આપ તો સચમુચ ગુજરાતી બન ગયે હો, મૈં રાજકોટ તો બાર બાર આયા કરતા હૂઁ. કાઠિયાવાડી મહમાન નવાજિકા કોઈ જવાબ નહીં. મૈંને કાઠિયાવાડકી ખીચડી-કઢી બહોત ખાયી હૈ, લેકિન આપકે યહાઁ આજ તો ગરમાગરમ ચહા હી પિઉંગા!'

સૌ ખડખડાટ હસી પડ્યા. અડધો કલાક હસીખુશીની વાતો કરી. વિદાય થયા ત્યારે એક નાનકડી બેબીને તેડી લીધી અને સોની નોટ તેના હાથમાં મૂકી. જતાં જતાં કહેતા ગયા કે, લચ્છુભાઈ આપ તો હમારે પરિવાર કે હૈં, હમારે લાયક કામકાજ જરૂર કહના.

લચ્છુભાઈનાં વૃદ્ધ માતા તરફ નજર પડતાં નીચા નમી તેમણે ચરણસ્પર્શ કર્યાં ત્યારે લચ્છુભાઈનું ખોરડું આખું ઝળહળ થઈ ગયેલું લાગતું હતું. ❒

અડકો દડકો

કાગડાભાઈની ટોપી

એક હતો કાગડો.

કાગડા પાસે ટોપી હતી.

ટોપી કોની હતી? ક્યાંથી એને મળી હતી? કેવી હતી એ ટોપી?... આવી કશી જ ગતાગમ કાગડાને નહીં. કાગડો તો માથે ટોપી પહેરીને અહીંથી તહીં ઊડ્યા કરે. કા..કા.. કા..કા.. આ.. આ... કરે, એને એમ કે મારી કાગારોળ કોઈ સાંભળે. મારી સામે જુએ ને મને પૂછે: કેમ કાગડાભાઈ, મજામાં? વાહ આવી મજાની ટોપી તમને ક્યાંથી મળી?

કાગડો બધે જ ચક્કર લગાવે. ઘડીકમાં આકાશમાં ઊડે તો ઘડીકમાં લીમડા, આમલી ને આસોપાલવ પર જઈ બેસે. ત્યાંથી વળી ઊડે તો કોઈ ઘરના ધાબા પર કે મોભ પર જઈ બેસે. કા.. આ.. કા..આ.. કરી સૌનું ધ્યાન ખેંચે પણ કોઈ કહેતાં કોઈ એની ટોપી સામે જુએ સુધ્ધાં નહીં. કાગડો તો કંટાળ્યો. એ એક ઘરની બારીએ જઈ બેઠો. એને એમ કે ઘરમાંથી કોઈ આવશે ને એને જોશે. એની મજાની ટોપીને જોશે ને પછી 'કાગડાની ટોપી, કાગડાની ટોપી' એમ કહી બૂમ મારશે, ને ઘર આખાને ભેગું કરશે. પણ બન્યું એવું કે બારીએ એક ડોસી આવ્યાં. એમણે તો રોટલીનો ટુકડો એની તરફ ફેંક્યો, પણ એ આંખે ઓછું ભાળતાં હોય કે ગમે તે હોય એમણે પણ ટોપી સામે તો જોયું જ નહીં!...

કાગડો તો રોટલીનો કટકો લઈને ઊડ્યો. ઊડતો.. ઊડતો... એ એક વાડીમાં પહોંચી ગયો.

વાડીમાં પટેલ, પટલાણી ને બે-ચાર છોકરાં કામ કરે. કાગડાએ કા.. આ.. કા..આ..આ.. કરી રાગોડવા માંડ્યું. પટેલ કામ કરીને થાક્યા હશે તે છોકરાંને કીધું, 'લ્યાં છોરાં, પેલા હાડિયાને ઊડાડો ને... માથું પકવી મૂક્યું હારાએ...' છોકરાં તો માટીનાં ઢેફાં ને કાંકરા લઈને કાગડા તરફ ફેંકવા મંડી પડ્યાં. એમાંનાં કોઈએ પણ કાગડાની ટોપી અંગે એક હરફય કહ્યો નહીં, એટલે કાગડો તો મનમાં દુઃખી થતો ઊડી ગયો વાડીમાંથી. એને ભારે ગુસ્સો ય આવ્યો. એ કહે, 'લોક હારું આંધળું થયું લાગે છે... આવડી મોટી ટોપી ય નહીં દેખાતી હોય એમને!! કાગડાભાઈ તો ઊડતા ઊડતા વગડે આવી પહોંચ્યા. વગડામાં એમને મોર સામે મળ્યો.

કળા કરેલા મોરને જોઈ એ કહે : 'અરે! વાહ મોરભાઈ, શું તમારાં પીંછાં! શું તમારી કલગી! બધાં જ પંખીઓ તમારી આગળ પાણી ભરે હોં!...'

કાગડાના મનમાં થયું : હું મોરભાઈનાં વખાણ કરી એમને ફુલાવું તો એ પણ મારી ટોપીનાં વખાણ કરે!

પણ મોર તો ભારે મીંઢો, એક શબ્દ ય બોલે નહીં ને ટેહૂક કરતો ઊડ્યો, ને ઊડ્યો એવો એક ઝાડની ઘટામાં સંતાઈ ગયો.

કાગડાએ પણ સામે કા..આ.. આ.. કા..આ..આ.. કરી પોતાનો ગુસ્સો બતાવ્યો ને પછી ઊડ્યો. એ જઈ બેઠો આંબાની ડાળે. એને ગાવાનું મન થઈ ગયું, એ ગાવા લાગ્યો :

આંબા ડાળે ટોપી રે,
સરવર પર ટોપી રે,
હીરે ભરેલી ટોપી રે,
મોતી મઢેલી ટોપી રે!

કાગડાનું માથું દુઃખાડે એવું ગીત સાંભળી કોયલ કંટાળી ગઈ. આંબાની ઘટાદાર ડાળીઓ વચ્ચે એ સંતાઈને બેઠી હતી. એણે બહાર આવી કાગડા સામે જોયું. કાગડાને થયું : હમણાં કાં તો કોયલબહેન એની ટોપીનું ગીત સાંભળીને વખાણ કરશે, એ કહેશે : વાહ! શું તમારું ગીત! શું તમારી ટોપી!!

કાગડાભાઈએ કાન સરવા કર્યા, એ કોયલ સામે આતુરતાથી જોઈ રહ્યા. પણ કોયલ ય મોર જેવી મીંઢી નીકળી. ટોપી માટે એક શબ્દ ય કહ્યો નહીં ને ઊલટાની કૂહુ... કૂહુ.. કરતી ઊડી ગઈ!...

કાગડાભાઈ તો બરાબરના કંટાળી ગયા. માથેથી ટોપી ઉતારી નાખી, એને સરોવરના પાણીમાં ફેંકી દેવા તૈયાર થઈ ગયા. ને પછી કોણ જાણે કેમ વિચાર બદલી નાખ્યો. ટોપી ફરી પહેરી લીધી. થોડીક વારમાં જ પતંગિયું ઊડતું ઊડતું આવ્યું. પતંગિયાને જોઈ કાગડાભાઈ બોલ્યા : પતંગિયાભાઈ, પતંગિયાભાઈ! તમને મારી ટોપી કેવી લાગે છે? પતંગિયું અચરજથી ટોપી સામે જોઈ રહ્યું. એ કશું જ બોલ્યું નહીં. ચૂપચાપ ટોપી સામે જોઈ રહ્યું. એ ઊડ્યું, ઊડીને ટોપી પર બેસી ગયું. પતંગિયાને પોતાની ટોપી પર બેઠેલું જોઈ કાગડાભાઈ તો રંગમાં આવી ગયા. એ કહે : વાહ ભૈ વાહ મારી ટોપી પર પતંગિયું! અરે! કેવાં ગલગલિયાં થાય છે મને!

થોડી વારમાં પતંગિયું તો પાછું ઊડી ગયું.

કાગડાભાઈ મોજમાં આવી ગયા. એ કહે : 'ભલેને થોડી વાર તો થોડી વાર પણ પતંગિયું મારી ટોપી પર તો બેઠું ને!... ભલેને એ કશું જ બોલ્યું નહીં પણ એને મારી ટોપી તો ગમીને!!

કાગડાભાઈ હોંશભેર ગાવા લાગ્યા :

આંબાડાળે ટોપી રે,
સરવર પાળે ટોપી રે!
હીરે ભરેલી ટોપી રે,
મોતી ભરેલી ટોપી રે!

- રમેશ ત્રિવેદી

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૩
સાલ્વાડોર ડાલી



સ્પેનના કૅટેલાન નગરમાં ૧૯૦૪ના મેની અગિયારમી તારીખે ડાલીનો જન્મ થયેલો. એણે પોતે એના ભાઈ, સાલ્વાડોરનું નામ અપનાવી લીધેલું. માનાં વધુ પડતાં લાડકોડને કારણે ડાલી નાનપણથી વંઠી ગયેલો. છ વર્ષની વયે એણે એનું પહેલું ચિત્ર સર્જેલું. એના વિચિત્ર વર્તનને કારણે શાળામાં એના સહાધ્યાયીઓ એને ગાંડો કહેતા. એને ગાંડામાં ખપવાનું ગમતુંય ખરું. નાનપણમાં એ સારો રસોઈયો બનવાનાં સ્વપ્નાં સેવતો.

સત્તર વર્ષની વયે ડાલી મૅડ્રિનની આર્ટ સ્કૂલમાં જોડાયો. આ પહેલાં એણે દોરેલાં ચિત્રોમાંથી બે ચિત્રોને ઇનામ મળેલાં. પ્રેડોમાં સ્કેચિંગ કરવા જતાં એને સ્પેનના કવિ ગાર્સિયા લૉર્કાને મળવાની તક મળેલી. આર્ટ સ્કૂલના અન્ય વિદ્યાર્થીઓ કરતાં એ ચિત્રકામમાં ઘણો આગળ રહેતો. ચિત્રકલાના નવા પ્રવાહોથી એ સુપેરે માહિતગાર રહેતો. મૅડ્રિડમાં અને પિકાસોનાં ક્યૂબિસ્ટ શૈલીનાં ચિત્રો જોયાં. ચિત્રકાર શિરિકોનાં ચિત્રોમાંની કલામાનો, ચોક, મિનારાની અસર ડાલીના સરૂરિયાલિસ્ટ ચિત્રોમાં ઝિલાઈ છે.

ફ્રોઈડનું 'Interpretation of Dreams' પુસ્તક વાંચ્યા પછી ડાલી આકસ્મિક બનતી ઘટનાઓનું અર્થઘટન કરતો થઈ ગયેલો.

આર્ટ સ્કૂલમાં ઉદ્ધતાઈ ભરેલ વર્તન કરવા બદલ એને સ્કૂલમાંથી કાયમને માટે રુખસદ મળી ગયેલી. એ પછી એણે ચિત્રકલાને પૂર્ણપણે સમર્પિત થવાનો સંકલ્પ કરી લીધેલો. નવરાશની પળોમાં એ કલા અને સાહિત્યની ચર્ચા કરતો રહેતો. બાપને પૈસે તાગડધિન્ના કરતા રહેવાની એને ટેવ પડી ગયેલી. પરિણીત મહિલા, ગાલા સાથે પ્રેમસંબંધ જોડવા બદલ ડાલીના પિતાએ એને ઘરની બહાર કાઢી મૂકેલો. ગાલા પછી તો એની પ્રેરણામૂર્તિ બની રહેલી.

ડાલી એનાં ચિત્રોમાં ગતિ નિરૂપવા મથતો. એણે વર્મિયરની શૈલીમાં પણ ચિત્રો સર્જ્યાં છે. ક્યૂબિઝમ પરેય એણે હાથ અજમાવી જોયેલો. પિકાસોના પ્રભાવ હેઠળ એણે ક્યૂબિઝમ શૈલીમાં વિશાળ કદનાં ચિત્રો સર્જ્યાં છે. પણ ડાલીને ક્યૂબિઝમની શિસ્ત અકળાવતી રહેલી. એને તો આત્મલક્ષી વીઝનોને કૅનવાસ પર ઉતારવાં હતાં. એટલે એણે સરૂરિયાલિસ્ટ કલાકારોનો રાહ ગ્રહ્યો. સરૂરિયાલિઝમના જનક બ્રેતોંને એ મળ્યો. આ મુલાકાત પછી એના દિમાગમાં ઊઠતાં વિચિત્ર કલ્પનોને કૅનવાસ પર ઝડપવા માંડ્યો. આ જ અરસામાં એને ગાંડપણનો પહેલો અનુભવ થયો. એની આવી મનોદશામાં એનાં ચિત્રો સ્વાભાવિક અને આયામ વગરનાં સર્જાતાં. આ સ્થિતિમાં ડાલી એના દિમાગમાં ઊઠતાં કલ્પનો, તરંગોને યથાતથ કૅનવાસ પર ઉતારતો.



ડિઝમેલ સ્પોર્ટ : એક સરૂરિયાલિસ્ટ કૃતિ

ડાલીનાં ઘણાં ચિત્રોમાં કૅટેલોનિયાનો ખડકાળ દરિયાકિનારો ચિતરાયો છે. એણે સરૂરિયાલિસ્ટ ચિત્રશૈલીને એનું ગૌરવભર્યું સ્થાન, એનાં ચિત્રો દ્વારા અપાવ્યું છે. એણે આ ચિત્રશૈલીની કેટલીક મર્યાદાઓ તરફ પણ અંગુલિનિર્દેશ કર્યો છે.

ડાલી ચિત્રોનું નિર્માણ કરવા ઉપરાંત કવિતા અને નિબંધોય સારા લખતો. દર બે વર્ષે એનું એકાદ પુસ્તક પ્રકટ થતું રહેતું. પ્રસિદ્ધ ફિલ્મ ડાઈરેક્ટર લૂઈ બર્નેલના સહકારમાં એણે એક ફિલ્મનું નિર્માણ પણ કરેલું.

ડાલી ચિત્રકાર **Millet**ની કૃતિઓનું અર્થઘટન કરતો, એનાં (ડાલીનાં) કેટલાંક ચિત્રો જોઈને બ્રેતોં ભારે નાખુશ થઈ ગયેલો. એણે ડાલીને સંભળાવી દીધેલું કે તારા અંગત તરંગોની અભિવ્યક્તિ માટે કંઈ સરૂરિયાલિસ્ટ શૈલી નિર્માઈ નથી. આમ છતાં સરૂરિયાલિસ્ટ ચિત્રકારોનાં ચિત્ર-પ્રદર્શનો યોજાતાં ત્યારે ડાલીને એની કૃતિઓ



'મેઇ વેસ્ટ'ના ચહેરા જેવો ઓરડો



વર્મીઅરની શૈલીનું એક ચિત્ર : વર્મીઅરના સાથળને ટેબલ તરીકે નિરૂપ્યો છે.

મોકલવાનું આમંત્રણ હંમેશાં મળતું.

સર એડવર્ડ જેમ્સ ડાલીનાં ચિત્રોના ભારે ચાહક હતા. એમણે આ કલાકારનાં ઘણાં ચિત્રો ખરીદેલાં.

૧૯૩૯ના અરસામાં ડાલી સર્‌રિયાલિઝમનો રાહ છોડીને પ્રશિષ્ટ શૈલીને અનુસરે છે. આ અગાઉ એ અમેરિકાની મુલાકાત લે છે. અહીં એ ચિત્રકલા વિશે ઘણાં વ્યાખ્યાનો આપે છે. અમેરિકાવાસીઓ એનાં ચિત્રોને આદરપૂર્વક એમનાં દીવાનખાનામાં ને દુકાનોનાં શોકેસોમાં સ્થાન આપે છે.

ડાલી પોતાની જાતને **Cosmic Dali** તરીકે ઓળખાવતો. પૈસા કમાવાના એના અજબ-ગજબના નુસખાઓ બદલ અન્ય કલાકારો એને ભાંડતા રહેતા. ફ્રોઈડ એને **'a complete example of a Spaniard'** તરીકે ઓળખાવતો. ફ્રોઈડના પ્રભાવ હેઠળ આ કલાકાર કલ્પનોનો મુક્ત વિહાર કરતો થયો.

એક ચિત્રમાં ડાલીએ એક ઓરડાને **Mae West**ના ચહેરા જેવો ચીતર્યો છે. ચિત્રમાંના પાત્રના વાળ પડદાની ગરજ સારે છે. એનું નાક ફાયર પ્લેસ જેવું ને હોઠ સોફા જેવા નિરૂપ્યા છે. આંખોની જગ્યાએ ચિત્રકારે ચિત્રો ગોઠવી દીધાં છે.

ડાલી એનાં ચિત્રો, એના હેતુઓથી સાવ ઊલટાં ચિતરતો. એનામાં રહેલ અદ્‌ભુત કલ્પનાશીલતાએ એને કલા-કૌશલ્ય અને સર્‌રિયાલિસ્ટ ચિત્રશૈલીનો શ્રેષ્ઠ અર્થઘટનકાર અને પ્રવર્તક સિદ્ધ કર્યો. એણે સર્‌રિયાલીઝમને નવી દિશા અર્પી. એનાં ચિત્રો ભ્રાન્તિસભર કલ્પનામાંથી સર્જાતાં રહેતાં. એ સ્વપ્નો દ્વારા પ્રેરિત મુક્ત અભિવ્યક્તિમાં માનતો. એ ફોટો-રિયાલિસ્ટ ટેક્નિક પણ પ્રયોજતો. એ ક્યારેક વાસ્તવિકતાને એનાં ચિત્રોમાં ઊંધી-છતી કરી મૂકતો. એ ઘણી વાર પૅનૅરોઈડ ક્રિટિકલ મેથડ પણ અજમાવતો. આ પદ્ધતિમાં ચિત્રનું અર્થ-ઘટન જ ચિત્ર જોનારની કલ્પનાશીલતા પર છોડી દેવામાં આવે છે.

The Madonna of Port Lligat ચિત્ર ડાલીએ ૧૯૪૫માં થયેલ પ્રથમ અણુબૉમ્બવિસ્ફોટના પ્રભાવ હેઠળ સર્જેલું. ચિત્રમાંના સ્ત્રીપાત્રની મોડેલ ગાલા છે અને હવામાં અધ્ધર તોળાતી દર્શાવાઈ છે. ચિત્રનું માળખું વેરવિખેર છે.

The Metamorphosis of Narcissus ચિત્રમાં અશ્મિ જેવા હાથમાં ડાલીએ ઈંડું પકડાવ્યું છે ને એમાંથી નારસીસસ ફૂલ પ્રગટ થતું દર્શાવ્યું છે. ડાલીનું આ ચિત્ર સર્‌રિયાલિસ્ટ શૈલીનાં ઉત્તમ ચિત્રોમાં સ્થાન ધરાવે છે.

The Ghost of Vermeer of Delft ચિત્રમાં ડાલીનો ખાદ્યપદાર્થો તથા રાચરચીલા માટેનો લગાવ છતો થાય છે. ચિત્રકાર વર્મીઅરના સાથળને ડાલીએ ટેબલ તરીકે નિરૂપ્યો છે. એના પર શરાબનો જામ ગોઠવી દીધો છે. એના યાંત્રિકતા તરફના ધિક્કારને કારણે એ રાચરચીલાને માનવ આકારમાં નિરૂપતો.

૧૯૩૭-૩૯ દરમિયાન ડાલીએ ઈટલીની મુલાકાત લીધેલી. અહીં એને બોટિશેલી, રાફેલ જેવા કલાકારોની કૃતિઓ જોવા-માણવાની તક સાંપડી. એનાં **Pauadio's Corridor of Thalia** તથા **Impressions of Africa** તથા અન્ય થોડાં ચિત્રોમાં આ કલાકારોનો પ્રભાવ વરતાય છે. આ ચિત્રોમાં પૉપ આર્ટ, છાયાવાદ અને વિજ્ઞાનનું કલાત્મક સંમિશ્રણ થયું છે.

વિખ્યાત કલાકૃતિ મોનાલિસાના સર્જક વિંચીએ દોરેલાં ઘોડાનાં ચિત્રો



મેટામોર્ફોસીસ ઓફ નારસિસસ શૈલીનું ચિત્ર (૧૯૩૭) કદ ૨૦''x૩૦'', જે અત્યારે લંડનની ટેટ ગેલરીમાં છે.



એપોથિયોસિસ ઓફ હોમર (૧૯૪૫) આ ચિત્રમાં એણે અંધજનોના વિશ્વને આલેખ્યું છે.

જોવાનું ડાલીને ગમતું. ઉપરાંત વાદળો, જળાશયો, ખંડેરોની દીવાલો જોવાનોય એને ભારે શૉખ હતો. આ બધું જોઈને એની કલ્પના મુક્તપણે વિહાર કરતી થઈ જતી.

૧૯૩૯માં ડાલીએ પૅરિસમાં એનો વન-મેન-શો યોજેલો. આ શો નિહાળવા સૌથી પહેલો આવનાર ને સૌથી છેલ્લો જનાર પિકાસો હતો. એણે ડાલીનાં ચિત્રોની પ્રશંસા કરેલી. પોતાનાં ચિત્રોને ડાલી **Hard Painted dreams** કહેતો. એનાં ચિત્રોમાં અઢળક કલ્પનો નિરૂપતો. એ કલ્પનોમાં અવાસ્તવિકતા ભેળવતો.

Girl Seated seen from the Rear ચિત્ર પિકાસોએ વખાણેલું. ૧૯૨૫માં સર્જાયેલું આ કોયડારૂપ ચિત્ર ચિત્રકલા તરફના ડાલીના ભાવિના વલણનો સંકેત કરે છે. આ ચિત્રની મૉડેલ એની બહેન છે. ચિત્રમાં પીંછીના જાડા લપેડા કૅનવાસ પર માર્યા હોય એવું લાગે.

બીજા વિશ્વયુદ્ધ પછી ડાલી ગંભીર અને ધાર્મિક વિષયો પસંદ કરતો થયો. **Christ of St. John of the Cross** આ તબક્કાનું શ્રેષ્ઠ ચિત્ર છે. વધસ્તંભ પર ખોડાયેલા ઈસુને અસાધારણ કોણથી ચિત્રકારે કૅનવાસ પર નિરૂપ્યો છે. ગ્લાસ્ગોની આર્ટ ગૅલરીએ આ ચિત્ર ત્યારે ૮૨૦૦ પાઉણ્ડમાં ખરીદેલું.

The Persistence of Memory ડાલીનું ખૂબ જાણીતું ચિત્ર છે. આ ચિત્રમાંનાં **(melting watches)** પીગળતાં ઘડિયાળોએ ઘણા ચિત્રકારોને પ્રતિચિત્રો સર્જવા પ્રેરેલા. ડાલીનાં આ ઘડિયાળોનાં ઘણાં અર્થઘટન થતાં રહેલાં. એનાં લંગડાતાં ઘડિયાળો નપુંસકતાનાં પ્રતીક લેખાયાં.

The Temptation of St. Anthony ચિત્રમાં હાથી આક્રમક વૃત્તિનું પ્રતીક છે. હાથી પર આસનસ્થ નારી-વાસનાનું ને ઘોડો દુષ્ટતાનું પ્રતીક છે.

The Apotheosis of Homer ચિત્રથી સરૂરિયાલિસ્ટ ચિત્રકાર તરીકે ડાલીનો અંત આવ્યો. આ ચિત્રમાં એણે અંધજનોના વિશ્વને કૅનવાસ પર ઉતાર્યું હતું. એ જ કારણે એણે ચિત્રને હોમર સાથે જોડ્યું છે.

The Persistence of Memory, The Temptation of St. John અને **The Metamorphosis of Narcissus** ચિત્રો વીસમી સદીનાં શ્રેષ્ઠ ચિત્રોમાં સ્થાન પામ્યાં છે. અહીં ચિત્રાત્મક વિરોધાભાસ નવી ઊંચાઈઓ સર કરે છે.

Animated Still Life ચિત્રમાં એણે સ્ટીલ લાઈફના પ્રવર્તમાન ખયાલોની ઠેકડી ઉડાવી છે.

પણ પછી એનાં ચિત્રોમાં એકરૂપતા આવતી ગઈ. એ કારણે એ બ્રેતોંની ટીકાનો ભોગ બનતો રહેલો. બ્રેતોં તો એનાં ચિત્રોને ઘણી વાર મનોરંજન પૂરાં પાડતાં **Cross-word Puzzles** કહેતો.

સરૂરિયાલિસ્ટ કલાકારોના પ્રતિનિધિરૂપ આ કલાકારે ૧૯૮૯માં ૮૫ વર્ષની વયે પોતાની જીવનલીલા સંકેલી લીધી.

-નટુ પરીખ : હરિત પંડ્યા

———કલાસ્મૃતિ———

ચિત્રકાર બી.પ્રભા

ચિત્રકલાની દુનિયામાં ભારતમાં સ્ત્રી-કલાકારોમાં જાણીતું નામ અમૃતા શેરગીલનું છે. ત્યાર બાદ અંજલી ઈલા મેનન સારાં ખ્યાત છે. સન ૧૯૬૦ના



ગાળામાં બી. પ્રભાનું નામ પણ સારું જાણીતું થયું હતું. સુશોભનાત્મક શૈલી, સુંદર રંગો અને સ્ત્રી-પાત્રોના પ્રમાણ કરતાં થોડાક લાંબા શારીરિક આકાર, એ એમની લાક્ષણિકતા ગણાતી હતી, જેનાથી કલામાં તેમની આગવી ઓળખ ઊભી કરી શક્યાં હતાં.

બી. પ્રભાનો જન્મ મહારાષ્ટ્રના નાગપુર પાસેના બેલા ગામના સાધારણ પરિવારમાં સન ૧૯૩૩માં થયો હતો. શાળાકીય અભ્યાસ બાદ, નાગપુરની કલાશાળામાં અભ્યાસ. પછી મુંબઈની સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટમાં જોડાયાં. સન ૧૯૫૬માં ચિત્રકલાનો ડિપ્લોમા મેળવ્યો. મહાન ચિત્રકારો પોલ ગોગાં, પોલક્લી, પિકાસો અને અમૃતા શેરગીલને આદર્શ ગણીને ચિત્ર-સર્જન કરવા લાગ્યાં. તેઓ શરૂઆતમાં તે સમયે શરૂ થયેલ મૉડર્ન આર્ટ-ઍબસ્ટ્રેક



કલા વગેરેમાં કામ કર્યું. પણ સર્જન-સંતોષ ન થતાં ભારતીય શૈલીમાં સુશોભનાત્મક કલા કહેવાય છે તેમાં જલરંગી સર્જનો કરવા લાગ્યાં. સન ૧૯૫૬માં કૉલેજના સાથી શિલ્પકાર વિઠ્ઠલ બડગેલવાર સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. ત્યારથી પોતાનું નામ બી.પ્રભા લખવાનું શરૂ કર્યું અને બન્નેએ સંયુક્ત પ્રદર્શન યોજ્યું.



ચિત્રકાર બી. પ્રભાનાં બે લાક્ષણિક ચિત્રસર્જનો

સન ૧૯૫૮માં બી.પ્રભાના ચિત્રને જાણીતી બૉમ્બે આર્ટ સોસાયટીનું ચિત્ર-કલાનું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું અને તેમની સફળતાની શરૂઆત થઈ. તેમના સર્જનમાં ભારતીય પાત્રો જેવાં કે દરિયાકિનારાનાં ગ્રામીણ પાત્રો, ખેતરમાં કામ કરતી સ્ત્રીઓ, માછીમાર લોકો, હોડીઓ સાથેનાં પાત્રો, મંદિર કે દેવળમાં જતાં સ્ત્રીપાત્રો જોવા મળે છે. બી.પ્રભાનાં ચિત્રોમાં ભારતીય નારીનાં ત્રણ રૂપ, ઉઘાડાં આકાશ નીચે ગ્રામજીવન, ઘર બાળકની સારસંભાળ, રોજી-રોટીની ચિંતામાં સતત પરિશ્રમ કરતી, છતાં મોહક લાગતી સ્ત્રીઓ દેખાતી હોય છે; જેમાં ઘઉંવર્ણા કે ઘેરાં કાળાં તપેલાં શરીર, ટૂંકાં વસ્ત્રો, માથે ઊંચા બાંધેલા વાળ, હાથમાં ટોપલો કે માથે માટલાં હોય, પાર્શ્વભૂમિમાં દરિયો, આકાશ દેખાતાં હોય. લાલ, પીળા અને લીલા રંગનાં કપડાંમાં તેમનાં નારીપાત્રો અતિ સુંદર લાગતાં. સન ૧૯૬૦-૭૦ તેમનો ચિત્રકલાનો સુવર્ણકાળ ગણાતો. તેમણે લગભગ ૫૦ જેટલાં વૈયક્તિક પ્રદર્શનો યોજેલાં છે, જેમાં મોટા ભાગનાં તાજ આર્ટ ગૅલરી ખાતે હતાં. મુંબઈના તાતા પરિવારે તેમનાં ઘણાં સર્જનો ખરીદેલાં છે. તે સમયે, બી. પ્રભાનાં ચિત્રો પ્રદર્શનો પહેલાં વેચાઈ જતાં. શ્રીમંત પરિવારમાં બી.પ્રભાનું ચિત્ર હોવું તે ફૅશન ગણાતી. દેશ-પરદેશમાં પણ તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજાએલાં તેમજ સંગ્રહસ્થાનોમાં તે જોવા મળે છે. તેમનાં મોટા માપ-તાલનાં કૅનવાસ ચિત્રો, જાહેર સંસ્થાઓને ફંડફાળો ઉઘરાવવામાં કાયમ માટે મદદરૂપ થતાં.

મુંબઈના કફપરેડ વિસ્તારમાં તેમણે પોતાની એક મોટી આર્ટ ગૅલરી શરૂ કરી હતી, જેમાં પોતાનાં ચિત્રો તેમજ પતિ વિઠ્ઠલનાં શિલ્પ અને ચિત્રો લોકો જોઈ શકતાં. અહીં એ નોંધવું જરૂરી છે કે આવાં લાગણીસભર ચિત્રકારનું પાછળના સમયનું દાંપત્યજીવન સુખમય નહોતું. પતિ વિઠ્ઠલના મૃત્યુ બાદ તેમના માનમાં 'શ્રદ્ધાંજલિ' નામનું એક પ્રદર્શન યોજેલું જેને સારો પ્રતિભાવ સાંપડેલો. આજે બી. પ્રભા જેવી શૈલીમાં, ચિત્રકલામાં કામ કરનારો વર્ગ ઓછો થતો જાય છે. એટલે પ્રદર્શન નિલામોમાં પણ તેમની કૃતિઓ ફરીથી વેચાવા આવતી નથી.

સન ૨૦૦૧ના સપ્ટેમ્બર માસમાં, સુંદર ચિત્રોના સર્જક બી. પ્રભાનું મુંબઈમાં અવસાન થયું અને એક કાળનો અસ્ત થયો તેમ કહી શકાય. - *ગજેન્દ્ર શાહ*

સાહિત્યસંપર્ક

જન્મશતાબ્દીએ જ્યૉર્જ ઑરવેલ

એક દેશ અને એક સમય જ્યારે માણસના આંતરવિચાર પર સતત નજર અને સત્તા હોય, જ્યાં ૨૪ કલાક એનું બારીક નિરીક્ષણ થતું હોય, જ્યાં સત્ય અને હકીકતની લેશ માત્ર કિંમત ન હોય, જ્યાં વ્યક્તિસ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, વિચાર-સ્વાતંત્ર્યનું જરાય સ્થાન ન હોય, જ્યાં પ્રતિદિન 'બે મિનિટ ધિક્કાર' ફરજિયાત રીતે પ્રદર્શિત કરવાનો હોય અને કાલ્પનિક દુશ્મન વિરુદ્ધ તિરસ્કાર વ્યક્ત કરવાનો હોય, જ્યાં રાજ્યને પસંદ ન હોય એવી વ્યક્તિ ભેદી રીતે સદાને માટે 'અદૃશ્ય' કરાતી હોય, જ્યાં જીવનમાં જરાયે અંગતતા કે તેને માટે જરાય સન્માન ન હોય, એવા સ્થળ ને કાળના સર્જન દ્વારા, ઑરવેલે વાચકને આગાહી અને ચેતવણી આપી, ભાવિ કેવું હોઈ શકે તેનો ગંભીર વિચાર કરવા પ્રેરે છે. તેમણે યુરોપ અને એશિયાના કેટલાક ભાગોમાં (રશિયા-સ્ટાલિન, સ્પેન-ફ્રેન્કો, ઈટલી-મુસોલિની જર્મની-હિટલર, ચીન-માઓત્સેતુંગ) બીજા વિશ્વયુદ્ધ અને પછીનાં વર્ષોમાં વ્યાપ વધતો જોયો અને જો માણસ તેની અવગણના કરે તો શું ભયંકર પરિણામો શક્ય છે, તે દર્શાવવા કટાક્ષમય, રાજકીય, વિચારપ્રેરક, કાલ્પનિક, અસરકારક નવલકથા '૧૯૮૪' લખી (૧૯૪૯). આ શીર્ષક એટલા માટે પણ આપ્યું હોય કે આ વર્ણવેલી સ્થિતિ કોઈ 'પરિકથા' નથી, પણ નિષ્ક્રિયતા થોડાં વર્ષોમાં જ - આશરે એક પેઢીને અંતરે જ, તેને વાસ્તવિક બનાવી શકે છે - એ સ્પષ્ટ કરવાનો તેમનો હેતુ અને સંદેશ સંભવિત છે.

જ્યૉર્જ ઑરવેલ (જેમનું સાચું નામ ઍરિક બ્લૅક હતું)નો જન્મ બંગાળમાં ૧૯૦૩ (સો વર્ષ પૂર્વે) થયો હતો અને શિક્ષણાર્થે તેઓ ઈંગ્લન્ડ ગયા. ત્યાં એમના જેવા ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યેનું વલણ જોઈ, ત્રાસિત થઈ, બર્મા આવ્યા ને ત્યાં એક પોલીસમૅન તરીકે નોકરી સ્વીકારી પાંચ વર્ષ ગાળ્યાં. પણ સ્વાનુભવ કડવો થવાથી (જે 'બર્મિંગ ડેઝ'માં કેટલાંક અંશે વર્ણવ્યો છે) લંડન-પૅરિસમાં રસોડાઓમાં નિમ્ન કક્ષાનું કામ સ્વીકારી તેમણે જીવનનિર્વાહ કર્યો. આ સંજોગોમાં ઊભરેલી તેમની લાગણીનો 'ચિતાર' ડાઉન ઍન્ડ આઉટ ઇન લંડન ઍન્ડ પૅરિસ'માં મળે છે. પછી તેઓ પત્રકારત્વ તરફ વળ્યા અને સરમુખત્યારશાહીનો વધતો વ્યાપ દેખી લેખો લખ્યા જેની નોંધ પણ ન લેવાઈ. બીજા વિશ્વયુદ્ધમાં એરવૉર્ડન તરીકે સેવા આપી, સ્પેનમાં રાજકીય 'દ્રોહ' અનુભવ્યો અને રશિયા-જર્મનીની અમાનુષતાથી ત્રાસી, એમણે ફરીથી પ્રજાનું ધ્યાન આ ભય-સ્થાન પર કેન્દ્રિત કરવા પહેલાં 'ઍનિમલ ફાર્મ' (૧૯૪૫) અને પછી '૧૯૮૪' લખી. આ વર્ષોમાં તેઓ ક્ષયથી પિડાતા હતા અને તેમનો અન્ત ૨૩મી જાન્યુઆરી, ૧૯૫૦માં આવ્યો. તેમનાં અનેક લખાણો તેમની દીર્ઘદર્શિતા, નૈતિક હિમ્મત, સ્વાતંત્ર્ય પ્રેમ, કટાક્ષવૃત્તિ, અંગ્રેજી ભાષામાં કેટલાય નવા શબ્દો ઉમેરી તેને સમૃદ્ધ કરવાની ઇચ્છા, માનવજીવનમાં સન્માનની આવશ્યકતા, વ્યક્તિ પ્રત્યે અનુકંપા અને સહાનુભૂતિ પ્રકાશમાં લાવે છે.

'૧૯૮૪'માં તેઓ દર્શાવે છે કે જગત ત્રણ વિભાગો - 'ઑસીઆના', 'ઈસ્ટેશિયા' અને 'યુરેઝિયા'માં વહેંચાઈ ગયું છે. આ ત્રણે પોલીસ સ્ટેટ હોવાથી, વ્યક્તિસ્વાતંત્ર્યનો ત્યાં હ્રાસ થયો છે. વિન્સ્ટન સ્મિથ, એક સામાન્ય નાગરિક, ઑસીઆનની પ્રચારક સંસ્થામાં, જૂના અને પ્રતિકૂળ ઈતિહાસનું સત્તાને સ્વીકાર્ય હોય એવું પરિવર્તન કરવામાં રોકાયો છે. આમ કરવું તેને જરાયે પસંદ નથી, પણ નછૂટકે, જીવવા ખાતર, તે આમ કરે છે. તેના ઘરમાં (જેમ અન્ય સર્વેનાં ઘરમાં) દ્વિમાર્ગી ટીવી છે અને તેમાંથી બધો સમય તેનું નિરીક્ષણ થયા કરતું રહે છે. બહાર 'બિગ બ્રધર ઈઝ વૉચિંગ યુ'નાં પૉસ્ટરો સર્વ સ્થળે મૂકાયેલાં છે. 'થૉટ પોલીસ' પ્રત્યેકના વિચાર પર નજર રાખે છે અને જેનામાં વાંધા-ભરેલા વિચારો જણાય તેને ભોંયરામાં પૂરી, મરણતોલ કરવામાં, બ્રેન વૉશિંગ કરી તેમને પૂરો 'દેશપ્રેમી' કરવામાં આવે છે એટલે તેનામાં પ્રેમ અને સૌંદર્ય પ્રત્યે અભિગમ કદાપિ ન થાય. વિન્સ્ટન એક જુલીઆ સાથે પ્રેમમાં પડે છે. આ તો મોટો 'ગુન્હો' કહેવાય! તે અને જુલીઆ, એક ઓરડો, જેમાં એકે ટીવી દેખાતું નથી ત્યાં મળે છે ને તરત જ તેઓને પકડવામાં આવે છે, બન્ને ઉપર ત્રાસ ગુજારવામાં આવે છે, રિબાવવામાં આવે છે ને જ્યારે વિન્સ્ટન શૂન્યમનસ્ક થાય છે, જ્યારે બિગ બ્રધર માટે તેનામાં 'પ્રેમ' ઉદ્ભવે છે, ત્યારે તેને છોડવામાં આવે છે. તેને પોતે કોણ છે, કોણ હતો - કાંઈ હવે યાદ નથી. આ દેશમાં મુદ્રાલેખો દ્વારા 'સત્યો' શિખવવામાં આવે છે. 'યુદ્ધ એ શાંતિ છે', 'મુક્તિ એ ગુલામી છે', 'અજ્ઞાન શક્તિ છે'. અન્ય વિરુદ્ધ વિચાર જ ન આવે, તેને વાણી ન મળે, માટે ભાષામાંથી એવા શબ્દો કાઢી નાખી, નવી 'ભાષા' રચાઈ છે. નવા વિચારો તેમાં પ્રદર્શિત થાય છે - થૉટ, ક્રાઈમ, ડબલ સ્વીક, બેલીરીલ, જોયકૅમ્પ, રેકડેપ, સ્પીક રાઈટ, ન્યૂઝ વીક.

આવું ભયંકર ભાવિ સત્ય ન બને માટે જાણે સતત સજાગ રહો, તેનો હિમ્મતથી સામનો કરવા, માનસશાસ્ત્રીય પ્રચારથી સાવધ રહેવા '૧૯૮૪' વાચકને પ્રેરે છે.

આ પૂર્વે (૧૯૪૫માં) તેમણે 'ધ ઍનિમલ ફાર્મ' દ્વારા રશિયામાં સ્થાપિત

> જાન્યુઆરી '૦૩ અંક ૯૦૧ હવે અપ્રાપ્ય હોઈ નવા ગ્રાહકો ફેબ્રુ. '૦૩થી નોંધવામાં આવે છે તેની સૌ ગ્રાહકો-એજન્ટોએ નોંધ લેવી.

થયેલી સરમુખત્યારી અને સ્તાલીનનું અમાનુષી, સ્વાતંત્ર્યનાશક વર્તન એના પર વેધક કટાક્ષ વેર્યો. આ પ્રાણીકથામાં પ્રાણીઓ ખેડૂત જોન્સના નિર્દય દમન વિરુદ્ધ બળવો કરી, પોતાનું રાજ્ય સ્થાપે છે. એક ડુક્કર, નેપોલીઅન ધીમે ધીમે સત્તા હાંસલ કરી પોતાની નિરંકુશ હકૂમત સ્થાપે છે. પૂર્વે જાહેર થયેલા સિદ્ધાંતો બદલાતા જાય છે. 'બધાં પ્રાણીઓ સરખાં છે' તેને બદલે 'પણ કેટલાંક અન્ય કરતાં વધુ સરખાં છે' એમ હવે વંચાય છે. જોન્સના સમયમાં જે સ્થિતિ હતી તે જ ફરી અસ્તિત્વમાં આવે છે.જેમ સ્તાલીને ત્રોસ્કીને દેશનિકાલ કર્યો, તેમ અહીં નેપોલીઅન સ્નોબોલને કરે છે અને ભલો, ભોળો, મહનેતુ, મૈત્રીભર્યો બૉક્સર તેના અંતિમ દિવસો કતલખાનામાં વિતાવે છે. આ બૉક્સર સામાન્ય નિર્દોષ વ્યક્તિનું પ્રતીક છે. આ 'વાર્તા' દ્વારા ઑરવેલે વિકસતા લોકરાજ્ય વિરુદ્ધ શાસકોને પ્રકાશમાં આણ્યા, પણ તે પૂરતું ન લાગ્યું. કેટલાક દેશોમાં શું બને છે તે જાણવા પણ ન મળ્યું. રશિયાએ 'આયર્ન કર્ટન' અને ચાઈનાએ 'બાવુ કર્ટન' પ્રસાર્યો હતો. તેઓ મુક્ત કરે તે જ અને તેટલા જ સમાચાર જગતને મળતા રહ્યા. બોરીસ પાસ્તરનાકને જે નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું, તેણે પરત કરવું પડ્યું. તેનાં ૧૯૪૫ પછીનાં પુસ્તકો પર સરકારી પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ડૉક્ટર ઝીવાગોને રશિયામાં પ્રસિદ્ધ કરવામાં અવરોધો મૂક્યા. નાઝી જર્મનીમાં અસંખ્ય યહૂદીઓને કૉન્સન્ટ્રેશન કેમ્પમાં આમાનુષી રીતે મારી નાખવામાં આવ્યા અને અમેરિકાએ, હિરોશીમા-નાગાસાકી પર ઍટમ બૉમ્બ વરસાવ્યો. માનવ જીવનની કિંમત ન રહી. તે પોતે યાંત્રિક, નામવિહોણી, ચહેરા વિહોણી વ્યક્તિ બનવા માંડ્યો. આ સર્વ બનતું હતું પણ ઑરવેલના જેવી નૈતિક હિમ્મત ક્યાંય દેખાઈ નહીં.

આ વર્ષે એમના જન્મને ૧૦૦ વર્ષ થાય છે. આ સમયમાં જો એમની 'આગાહી' પૂર્ણપણે સાચી ન પડી હોય તો તે તેમની સમયસરની અસરકારક 'ચેતવણી'ને આભારી છે.

- ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા

પુરુષાર્થની પ્રતિમા ધીરુભાઈ અંબાણી



આ પુસ્તકમાં શ્રી ધીરુભાઈના બાળપણથી શરૂ કરીને તેઓની અંતિમ યાત્રા સુધીની ઘટનાઓને આવરી લેવાઈ છે. ધીરુભાઈના જન્મવર્ષ '૩૨ના સમયના નવાબશાહી રાજ્ય જૂનાગઢના એક નાનકડા ગામ ચોરવાડમાં તેઓનું બાળપણ કઈ રીતે વીત્યું અને ત્યાર બાદ તેઓએ જૂનાગઢમાં હાઈસ્કૂલ-શિક્ષણ પ્રાપ્ત કર્યું તેની રસપ્રદ વિગતો છે. તેમણે જિંદગીની સફર એક તદ્દન અજાણ્યા મૂલક એડનમાં ૧૭ વર્ષની ઉંમરે જઈને શરૂ કરી અને ત્યાં પેટ્રોલ પંપના કર્મચારી તરીકે કામગીરી કરતાં 'પોતાની પણ એક આગવી રિફાઈનરી હોય' તેવાં તેમણે સ્વપ્ર જોયેલાં.

પોતાના કુટુંબ સાથે ૧૯૫૮માં મુંબઈના બંદરે પગ મૂક્યા પછી પોતાની આગવી સૂઝથી પ્રથમ તેમણે મુંબઈમાં એક વેપારી તરીકે આયાત-નિકાસની કામગીરી શરૂ કરી, જે છેવટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની સ્થાપનામાં પરિણમી. રિલાયન્સને એક પરપોટો જે ટૂંકમાં ફૂટી જનાર છે તેવું ગણાવનારા શેઠિયાઓના હાથ હેઠા પડ્યા. તેમણે રિલાયન્સ ટેક્ષ્ટાઈલમાં પ્રગતિ સાધી પાતાળગંગા અને હજીરા ખાતે પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રોમાં પ્રવેશ મેળવ્યો અને પુત્રો મૂકેશ અને અનિલને ભણતર પછી તરત જ આ કાર્યમાં સામેલ કર્યા.

આમ, એક પછી એક નવાં શિખરો સર કરતાં ધીરુભાઈએ નાના-મોટા સંગ્રામો જરૂરથી ખેલ્યા. પરંતુ ત્યાર પછીનો જીવન-મરણનો સંગ્રામ વિગતે આવરી લેવાયો છે. આ સંગ્રામ હતો અખબારી જગતના માંધાતા રામનાથ ગોએન્કા સાથેનો. આ સંગ્રામમાં ધીરુભાઈ સામે કેટલાક ટોચના રાજકારણીઓ પણ જોડાયા હતા. અલબત્ત, ઝનૂનથી આ હરીફોના આક્રમણનો સામનો કરી તેઓને ધીરુભાઈએ પરાસ્ત કર્યા.

આખરે ધીરુભાઈ પોતાનું 'મારી પણ રિફાઈનરી હશે' તે સ્વપ્ન સાકાર કરી શક્યા અને તેને જામનગર નજીક ખડી કરવામાં મૂકેશે જે અવિરત કામગીરી કરી તેની તમામ વિગતો પુસ્તકમાંથી મળી રહે છે. આ સિદ્ધિઓની સાથે તેઓ એક મહાન ઉદ્યોગપતિ તરીકે ઊભરી આવ્યા. તેઓને વિશ્વની શ્રેષ્ઠ મૅનેજમેન્ટ સંસ્થા 'વૉર્ટન સ્કૂલ' તરફથી શ્રેષ્ઠતાનો ઍવૉર્ડ મળ્યો. ધીરુભાઈને 'સદીના શ્રેષ્ઠ સાહસિક ઉદ્યોગપતિ' તરીકેનો તેમજ 'સમૃદ્ધિના સર્જક' તરીકેના ઘણા ઍવૉર્ડ એનાયત થયા અને મુંબઈ કૉર્પોરેશને તેઓને ૨૦૦૦ના અંતમાં નાગરિકસન્માન આપી બહુમાન કર્યું.


ધીરુભાઈની મોટા ભાગની જવાબદારી તેમના પુત્રો મૂકેશ અને અનિલે સંભાળી લીધી છે અને તેઓના નેતૃત્વ હેઠળ નવાં ક્ષેત્રોમાં પણ પ્રગતિ સધાઈ છે. પુરુષાર્થીને પ્રારબ્ધ પણ સહાય કરતું હોય તેમ ધીરુભાઈના અવસાન પહેલાં જ આંધ્રના કાંઠેથી દેશનું સૌથી મોટું કુદરતી ગૅસક્ષેત્ર મળી આવેલું છે તેની વિગતો પણ આ ગ્રંથમાં છે. ધીરુભાઈની છત્રછાયા વિના પણ રિલાયન્સનું ભવિષ્ય સલામત અને ઊર્ધ્વગામી છે તેની પ્રતીતિ આ પુસ્તકમાંથી થાય છે.

'પુરુષાર્થની પ્રતિમા ધીરુભાઈ અંબાણી' (લેખક : દિનકર પંડ્યા, ડબલ ક્રાઉન, પૃષ્ઠ ૨૦૮, કિં. રૂ. ૨૦૦, પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.)

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.
- ઓજસ પાલનપુરી



મને ડૂમો કહે કે ભીનું ડૂસકું કહે–
મને માણસ કહે તો તને મારા સોગંદ!
- હરીશ મિનાશ્રુ

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : *પ્ર-પંચતંત્રી* (નવબોધ કથાસંગ્રહ) લે. પ્રાણજીવન મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૨, રૂ. ૧૫૦. *પ્રા.વચન* (કાવ્યસંગ્રહ) લે. પ્રાણજીવન મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૧૫૦. *પ્રા.કૃત* (કાવ્યસંગ્રહ) લે. પ્રાણજીવન મહેતા, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૧૫૦. *પ્રિય ભાયાણી સાહેબ* (કેટલાક પત્રો ૧૯૭૮-૨૦૦૦) સંકલન : હરિવલ્લભ ભાયાણી, પ્રબોધ પરીખ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૭, રૂ. ૧૫૦. ***Dr. Harivallabh Bhayani -A Man of Letters*** (કેટલાક પત્રો) એડિટેડ બાય મહેશ દવે અને રમેશ ઓઝા, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૨૬, રૂ. ૮૦. *કવિ કાગ કહે* (લોક હૈયે રમતાં કવિ કાગનાં સર્જનોનું સોપાન) સં. સુરેશ ઠાકર 'મેહુલ', ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૭૦. *વાણીને તીર... મૌનની કુટિર* (મારી બારીએથી-૨૧, લેખસંગ્રહ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૮૦. *કૈફી આઝમી-કેટલાંક કાવ્યો* (કાવ્ય-સંગ્રહ) અનુ. રઈશ મનીઆર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૮૦. *લગ્ને લગ્ને કુંવારા* (સ્વાનુભવના લેખો) લે. પ્રજ્ઞા પૈ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. *કાવ્યમૈત્રી* (વિવિધ કવિઓનાં કાવ્યો) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૭૦.

અન્ય પ્રકાશકોનાં

આરાધના (મધ્યકાલીન ભક્તિગીતો - સંપૂર્ણ અર્થ સાથે), સંશોધક-સંપાદક : ડૉ. શિવલાલ જેસલપુરા, પ્રકાશક : પોતે, ૧૩, તેજપાળ સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૦૭, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬૦+રૂ. ૪ પોસ્ટેજ. *સત્યાર્થ પ્રકાશ અને સત્યના પ્રયોગો* (એક તુલનાત્મક અધ્યયન) લે. નાથુભાઈ ડોડિયા, પ્ર. આર્યસમાજ, નવા ડેરા, ભરૂચ-૩૯૨ ૦૦૧, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, કિંમત જણાવી નથી.

અજંતા
(દેશાટન-૪૮)



૧૭મી ગુફાનું ભીંતચિત્ર

ઔરંગાબાદથી ૬૫ માઈલ દૂર આવેલા અજંતામાં ચૈત્યો તથા વિહારોથી યુક્ત ઘણી ગુફાઓ આવેલી છે. ઈ.સ. પૂર્વે ૨૦૦ થી ૬૦૦ દરમિયાન અજંતાની નિર્માણ પામેલી એ ગુફાઓ ઈલોરાની ગુફાઓથી ઘણી પ્રાચીન છે. સહ્યાદ્રિ પર્વતમાળાનાં ગાઢ જંગલોમાં એક ઊંચા અર્ધચંદ્રાકાર પર્વત પરની ખીણોને કાપીને અજંતાની ગુફાઓ બનાવવામાં આવી છે. ગાઢ જંગલ તથા બાઘોરા નદીવાળું આ નિર્જન સ્થળ આધ્યાત્મિક ચિંતનને માટે ઘણું ઉત્તમ સ્થળ છે. એ સમયે અજંતા લગભગ ૨૦૦ ભિક્ષુઓ, કારીગરો તથા અનેક શ્રમ-જીવીઓનું નિવાસસ્થાન હતું. અહીંની મહાન કલાકૃતિઓમાં જાતક કથાઓના માધ્યમ દ્વારા મહાત્મા બુદ્ધનું જીવન-ચરિત્ર દર્શાવાયું છે. આ ઉપરાંત તે સમયની સંસ્કૃતિ, લોકોની જીવનશૈલી, રાજદરબાર, પારિવારિક જીવન, ગ્રામજીવન તથા પશુ-પક્ષીઓનાં ઉત્કૃષ્ટ ચિત્રો જોવા મળે છે. અજંતાનાં ભીંતચિત્રોમાં સંપૂર્ણ માનવીય ભાવોનું ઝીણવટભર્યું અને સંવેદનશીલ ચિત્રણ થયેલું જોવા જેવું છે. અજંતામાં લગભગ ૨૮ ગુફાઓ છે, જે અનેક ચિત્રોથી મંડિત છે. ઔરંગાબાદ શહેરથી રેલવે અને સડક માર્ગેથી સરળતાથી ત્યાં પર્યટને જઈ શકાય છે. ('યોગક્ષેમ'ને આધારે)



અર્ઘ્યકણી

હોઠે ક્યાં કંઈ નામ ચડે છે?
હૈયા ઉપર હાથ ધરું ત્યાં નખની નોખી જાત જડે છે! - હોઠે૦
તમે તમારે દેશ ગયાં અહીં નેસ વલખતો મારો,
કદીક ઊંચું કરી નેજવું દેખે રાહ તમારો;
કંકુના લીપ્યા આંગણમાં કોના પગની છાપ પડે છે? - હોઠે૦
('રહી છે વાત અધૂરી'માંથી) *-હર્ષદ ત્રિવેદી*

પુરાતત્ત્વપ્રેમી અને અભ્યાસુ અધિકારી પુષ્પકાન્ત ધોળકિયા

ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ અને સંગ્રહાલય ખાતાને જે કેટલાક સંસ્કૃતિ અને સંશોધનપ્રેમી સન્નિષ્ઠ અધિકારીઓ મળ્યા છે તે પૈકીના એક ગણી શકાય એવા ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છના એક પ્રૌઢ પુરાતત્ત્વવિદ્ અને મ્યૂઝીઓલૉજિસ્ટ પુષ્પકાન્તભાઈ વિષ્ણુશંકર ધોળકિયાનું ૧૧ ડિસેમ્બર, ૨૦૦૨ના રોજ ૬૨ વર્ષની વયે વડોદરા મુકામે અવસાન થતાં ઈતિહાસરસિકો, સંશોધકો અને પુરાતત્ત્વપ્રેમીઓમાં શોકની છાયા ફરી વળી છે. પ્રભાસપાટણ, ભૂજ, જૂનાગઢ, વડોદરા ખાતે ક્યુરેટર રૂપે સેવાઓ બજાવ્યા બાદ છેલ્લે તેઓ સંગ્રહાલય ખાતાના નિયામક તરીકે બઢતી પામ્યા હતા.

સૌરાષ્ટ્રના ગરવા ગિરનારની ગોદમાં વરેલા ઐતિહાસિક શહેર જૂનાગઢમાં પુષ્પકાંતભાઈનો જન્મ ૨૫મી માર્ચ, ૧૯૪૦ના રોજ થયો હતો. વાચન અને સંગ્રહનો શૉખ શરૂથી કેળવાયેલો. એટલે કુમારાવસ્થાથી જ ભારત બાળ પુસ્તકાલય, કિશોર મિત્રમંડળ, 'રવિકર' વાર્ષિક અને 'બાલઆનંદ' પાક્ષિકના હસ્તલિખિત અંકોનું પ્રકાશન, 'વિરાટ ભારત' સાપ્તાહિક (રાજકોટ)માં બાળવિભાગનું સંપાદન, જૂનાગઢમાં 'કલાસંગમ' અને પ્રભાસપાટણમાં 'શિવમ્' જેવી સાંસ્કૃતિક સંસ્થાઓનું ગઠન વગેરે પ્રકારની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા.

એમણે સંસ્કૃત સાથે બી.એ. અને ભારતીય સંસ્કૃતિ સાથે એમ.એ. કરેલું. નોકરીની શરૂઆત મહેસૂલ ખાતાથી કરી, પરંતુ સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો જીવ હોવાથી ૧૯૬૪માં એમણે સંગ્રહાલય ખાતાની કારકિર્દી અપનાવી અને ૨૪ વર્ષની યુવા વયે પ્રભાસપાટણ સંગ્રહસ્થાનમાં આસિસ્ટન્ટ ક્યુરેટર તરીકે જોડાયા. ત્યાં કેટલાક પુરાવિદો સાથેનો પરિચય અને પ્રોત્સાહનથી સંશોધન-કાર્યમાં પ્રવૃત્ત થયા. કુમાર, સ્વાધ્યાય, પથિક, ગુજરાત, કચ્છમિત્ર વગેરેમાં એમના ઈતિહાસ, પુરાતત્ત્વ, સંસ્કૃતિને લગતા શોધલેખો-નિબંધો પ્રસિદ્ધ થયેલા. આકાશવાણી-દૂરદર્શન પરથી પણ વાર્તાલાપો-મુલાકાતો પ્રસારિત થતાં રહ્યાં.



લેખન ઉપરાંત સોરઠ સંશોધન સભા, પોરબંદર પુરાતન મંડળ, ગુજરાત ઈતિહાસ પરિષદ, સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદ, ભારતીય સાંસ્કૃતિક નિધિ, આંતરરાષ્ટ્રિય સંગ્રહાલય સમિતિ જેવી રાજ્ય અને રાજ્ય બહારની ઈતિહાસ, પુરાતત્ત્વ

અને સંશોધન ક્ષેત્રે પ્રવૃત્ત અનેક સંસ્થાઓ સાથે પણ તેઓ સક્રિય સભ્ય તરીકે સંકળાયેલા રહ્યા હતા. સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદમાં મંત્રી, ઉપપ્રમુખ અને મૅનેજિંગ ટ્રસ્ટી રહ્યા બાદ ૧૯૯૪-૧૯૯૬માં એમના પ્રમુખપદ દરમિયાનમાં સંસ્થાનું ૧૧મું અધિવેશન ૨૬-૨૭ નવેમ્બર, ૧૯૯૪માં ભુજ પાસે શિવપારસ સંકુલ ખાતે યોજાયું હતું. તે પ્રસંગે આ લખનારને હસ્તે સન્માનિત થવાની તક મળેલી.

શ્રી ધોળકિયાએ 'મ્યૂઝીઅમ ક્યુરેટર'ના પદને માત્ર 'શુષ્ક નોકરી' ન સમજતાં ખરા અર્થમાં સેવા માની હતી. સરકારી સેવાના ભાગરૂપે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંનાં સંગ્રહ-સ્થાનને પ્રથમ હરોળની લોકસંસ્થા બનાવવા પ્રયત્નશીલ રહેલાં. પ્રભાસપાટણ મ્યૂઝીઅમના નવા મકાન માટે જમીન સંપાદનમાં એમના પ્રયત્નો સરાહનીય હતા. અહીંના સંગ્રહસ્થાન વિષયક એમના બે નિબંધો 'પ્રભાસના કિલ્લા પર મહારાજા રાયસિંહ રાઠોડનું આધિપત્ય' અને 'પ્રભાસપાટણ મ્યૂઝીઅમે પ્રાપ્ત કરેલ કેટલાક નવા શિલ્પખંડો' ઉલ્લેખનીય છે.

જૂનાગઢ મ્યૂઝીઅમમાં નૂતન પ્રકારે ગોઠવણીનું કાર્ય અને દરબાર હૉલ મ્યુઝીઅમમાં સુધારા-વધારાનું કાર્ય કરાવ્યું. 'જૂનાગઢ મ્યૂઝીઅમની નોંધણી પદ્ધતિનો અભ્યાસ' તથા 'જૂનાગઢ મ્યૂઝીઅમે પ્રાપ્ત કરેલું જલકન્યાનું શિલ્પ' એમના નોંધનીય લેખો છે. 'ઈન્ટેક' (જૂનાગઢ ચૅપ્ટર)ના સહસંયોજક તરીકે જૂનાગઢને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવા અને દૂરદર્શન પર 'સુરભિ' દ્વારા રાષ્ટ્રિય સ્તરે ચમકાવવા તેઓ પણ એક ભાગીદર હતા, જેના પરિણામે જૂનાગઢમાં 'પિરીયડ મ્યૂઝીઅમ' સ્થાપવાની યોજનાને સરકારી મંજૂરી મળી.

ભૂજસ્થિત કચ્છ સંગ્રહાલયમાં એમના કાર્યકાળ દરમ્યાન સુધારા-વધારા, તેના સંગ્રહમાં નવતર ઉમેરા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના આયોજન દ્વારા મ્યૂઝીઅમને લોકાભિમુખ કરેલું. હંગામી પ્રદર્શનો યોજી સ્થાનિક કલાકારોને પ્રોત્સાહિત કરેલા. એમનો પ્રલંબ લેખ 'કચ્છ મ્યૂઝીઅમમાં સંગૃહીત શિલ્પ-સ્થાપત્ય' આજે પણ વાચનીય છે.

એક અચ્છા અભ્યાસુ તરીકે લખાયેલા એમના વિવિધ શોધલેખો 'અતીતની અટારીએથી' પુસ્તક (૧૯૯૨)માં સંપાદિત થયા છે. તેના આમુખમાં કે.કા.શાસ્ત્રી નોંધે છે તેમ 'સંગ્રહાલય અધિકારી તરીકે જ્યાં જ્યાં રહેવાનું બન્યું ત્યાં આસપાસના વિસ્તારોના પ્રત્યક્ષ દર્શન પછીનો નિચોડ આ સંગ્રહમાં મૂર્ત થયો છે. આ લેખો એમની સૂક્ષ્મ દૃષ્ટિના પરિચાયક હોવા સાથે સંગ્રહાલયોની વિકાસયાત્રાના દ્યોતક છે. ઇતિહાસની અટારીએથી ક્ષિતિજ તરફ માત્ર નજર ન કરતાં જાત અભ્યાસથી મેળવેલું આ ભાથું વિદ્યાર્થીઓ અને સહધર્મીઓ માટે જ્ઞાનવર્ધક છે.'

આ પુસ્તકમાં 'વૈષ્ણવધર્મની પ્રાચીનતા તથા વિષ્ણુનું મૂર્તિવિધાન', 'સૌરાષ્ટ્રમાં શાક્તો અને શક્તિ-ઉપાસના', 'સોમનાથનું શિલ્પાંકન', 'ગુજરાતમાં સૂર્યનું મૂર્તિવિધાન' વગેરે લેખોમાં એમની રજૂઆતનું ઊંડાણ વર્તાય છે. એમની જોડે પરોક્ષ રીતે સંકળાયેલો એક બીજો પ્રસંગ ટાંકવા પણ મારું મન અતીતની સ્મૃતિમાં સરી પડે છે. સ્થાનિક અખબારમાં મારા સંશોધન લેખ બદલ પુષ્પકાન્તભાઈ તરફથી ઉક્ત પુસ્તક મને સપ્રેમ ભેટ મોકલાયું હતું!

૨૮ વર્ષ ક્યુરેટર તરીકેની લાંબી સેવા બદલ ૧૯૯૨માં એમને સંગ્રહાલય ખાતાના વડા (નિયામક) તરીકે બઢતી મળી અને ૧૯૯૮માં નિવૃત્તિ લગી આ જવાબદારી વહન કરી. એમનું નિધન થતાં ગુજરાતે પોતાનો એક વિદ્વદ્જન ગુમાવ્યો છે. સૌરાષ્ટ્રના સંશોધક અને અભ્યાસુને ભાવાંજલિ હો!

- ભરત'કુમાર' પ્રા. ઠાકર

વૈષ્ણવીદેવી

ઉત્તર ભારતમાં અને ખાસ કરીને પંજાબ તથા કાશ્મીરમાં તો વૈષ્ણવીદેવીનું નામ સારી પેઠે જાણીતું છે. નવરાત્રીના એ દિવસો દરમિયાન ત્યાં મોટો મેળો ભરાય છે. ત્યારે ભાવિક લોકો એટલા બધા વિશાળ પ્રમાણમાં ઊમટી પડે છે કે એમની વ્યવસ્થા કરવાનું કામ પણ કઠિન



બની જાય છે. નવરાત્રીના દિવસો ખાસ કરીને દેવીદર્શન ને દેવીપૂજનના ગણાતા હોવાથી, લગભગ પ્રત્યેક દેવીના ધામમાં ભાવિક ભક્તો ભેગા થાય છે. તેમ છતાં કેટલાંક સ્થળોએ એમનો ધસારો વધારે રહે છે. વૈષ્ણવીદેવીનું સ્થળ એવું જ વિશેષ મહત્તાવાળું હોઈ, દૂરદૂરના અંતરનાં ભાવિક લોકો એ દેવીની કૃપાની કામના કરે છે, બાધા રાખે છે અને એનાં દર્શનથી ધન્યતાનો અનુભવ કરીને પૂજા કરે છે.

યાત્રાનો માર્ગ: વૈષ્ણવીદેવી જવા માટે દિલ્હીથી પઠાણકોટ

થઈને જમ્મુ જવું પડે છે. જમ્મુથી કટારા સુધીનો લગભગ ૩૧ માઈલનો મોટર-રસ્તો છે. તે પછી લગભગ ૧૫ માઈલ યાત્રા-માર્ગ છે. કટારામાં કુલી એજન્સી દ્વારા યાત્રા માટે મજૂરની વ્યવસ્થા થઈ શકે છે. કટારા મોટું સ્થળ હોવાથી, ત્યાંનું બજાર પણ મોટું છે. યાત્રા દરમિયાન ત્યાં નવી નવી કેટલીય દુકાનો મંડાય છે. પર્વતીય પ્રદેશની આગળની યાત્રા માટે લાકડી, રબરનાં તળિયાંવાળાં બૂટ વગેરે આવશ્યક વસ્તુઓ ત્યાંથી લેવામાં આવે છે.

યાત્રામાં ઉત્સાહી લોકોનાં ટોળેટોળાં ચાલતાં હોય છે, એટલે રસ્તામાં સંગાથનો સવાલ નથી રહેતો. નવી નવી ઓળખાણો થતી જાય છે અને એમની સાથે વાતો કરતાં કરતાં આનંદપૂર્વક આગળ વધાય છે. રસ્તામાં ચરણપાદુકા નામે સ્થાન આવે છે. ત્યાં માતાનાં ચરણનાં ચિહ્ન જોવા મળે છે. તે પછી આદિકુમારી નામે સ્થાન આવે છે ત્યાં પહેલો પડાવ કરવામાં આવે છે. ત્યાં ધર્મશાળા અને એક નાનીસરખી ગુફા છે.

આદિકુમારીથી આગળનો માર્ગ ઘણો કઠિન છે. એ માર્ગે 'હાથીમત્થા'નું સખત ચઢાણ આવે છે. તે દરમિયાન ભાવિક સ્ત્રી-પુરુષોની શ્રદ્ધાભક્તિની પૂરી ને ખરેખરી કસોટી થાય છે. તેમ છતાં કોઈ નિરાશ નથી થતું કે નથી હિંમત પણ હારતું. હાથીમત્થાના ચઢાણ પછી ત્રણેક માઈલનું ઉતરાણ આવે છે. ઉતરાણ વખતે પણ પર્વતીય રસ્તા પરથી સંભાળીને ચાલવું પડે છે. ઉતરાણ પૂરું થતાં દેવીનું સ્થાન આવે છે. એ સ્થાનમાં કોઈ દેવીનું મંદિર નથી જણાતું, પરંતુ ગુફાનું દર્શન થાય છે. દેવીએ પોતાના ત્રિશૂળના પ્રહારથી પથ્થરની અંદર ગુફા નિર્માણ કરેલી એવું કહેવામાં આવે છે. ગુફામાં ક્રમે ક્રમે જવું પડે છે. અંદર મહાલક્ષ્મી, મહાસરસ્વતી ને મહાકાલીની મૂર્તિઓનાં દર્શનનો લાભ મળે છે. ગુફાનું પ્રવેશદ્વાર એટલું બધું સાંકડું છે કે શરૂઆતમાં થોડાક અંતર સુધી ઊંધા પડીને સૂતાં સૂતાં જવું પડે છે. અંદર એકસાથે ચારેક દર્શનાર્થી રહી શકે છે. પૂજારી ત્યાં પૂજા કરાવવા હાજર રહે છે. મૂર્તિઓનાં ચરણમાંથી નિરંતર જળ સ્રવે છે તેને બાણગંગા કહેવામાં આવે છે.

દેવીના એ સ્થળમાં દેવીના ભક્તો મોટે ભાગે કુમારી-ઓને દાન આપે છે. નાનીનાની બાલિકાઓ ત્યાં મોટી સંખ્યામાં એકઠી થાય છે. તેઓ યાત્રીઓ પાસેથી કોઈ ને કોઈ વસ્તુની કામના કરે છે, ને શ્રદ્ધાભક્તિવાળાં યાત્રીઓ એમને દેવીનાં પ્રતીક કે સ્વરૂપ સમજીને તેમની કામના પૂરી કરે છે. - *યોગેશ્વર*

ગૂગળને બચાવો

ગૂગળનો છોડ ૪' થી ૧૨' જેટલો ઊંચો હોય છે અને એના પર લાંબી, ટૂંકી, કાંટા જેવી અણિયાળી શાખાઓ હોય છે. ડાળીઓની છાલ પરથી પાતળી ચામડી જેવી છાલ નીકળતી રહે છે. એની નીચે ડાળીનો રંગ લીલો હોય છે. પાંદડાં નાનાં મોટાં હોય છે અને શિયાળામાં ખરી પડે છે. વર્ષાઋતુમાં ફરીથી પાંદડાં આવી જાય છે. ગૂગળ પર લાલ રંગનાં ફૂલ ઉનાળાની ઋતુમાં આવે છે. ફળ નાનાં નાનાં લીલા રંગનાં હોય છે અને વર્ષા ઋતુની શરૂઆતમાં આવે છે. ગૂગળનાં ફળ ખાવામાં સારાં લાગે છે.



ગૂગળ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. પશ્ચિમ કચ્છ, ગુજરાત ઉપરાંત સિન્ધ અને રાજસ્થાનમાં પણ તે થાય છે.

ગૂગળના વૃક્ષને છેદવાથી ચીકણો રસ નીકળે છે. શિયાળામાં એ રસ જામી ગુંદરની જેમ સુકાઈ જાય છે. ગૂગળના ગુંદરમાં એક ખાસ પ્રકારની સુગંધ તેમાં રહેલા તેલને કારણે છે. ગૂગળના ગુંદરમાં ૪૦ થી ૬૦ ટકા ઉપયોગી સુગંધી તેલ હોય છે.

ગૂગળ-ધૂપ બનાવવા માટે તેનો વધુ પડતો ઉપયોગ, ગુંદર મેળવવા માટે ઍસિડનો પ્રયોગ, રક્ષણ માટે યોગ્ય કાળજીનો અભાવ વગેરે કારણો આ વનસ્પતિના-ગૂગળના વિનાસ માટે ખાસ જવાબદાર છે.

ગૂગળ ઘણી બધી દવાઓની સાથે ઉપયોગમાં લેવામાં આવે છે, કારણ કે ગૂગળની ઉપસ્થિતિથી બીજી દવાઓની અસરકારકતા અનેક ગણી વધી જાય છે. તેના ખૂબ જાણીતા પ્રયોગો આ પ્રમાણે છે : પેટના રોગોમાં શિલાજિત સાથે ગૂગળનું સેવન, ઊરુ સ્તંભમાં ગોમૂત્ર સાથે ગૂગળ, સોજામાં ગોમૂત્ર સાથે ગૂગળ, કાનમાં દુર્ગંધ હોય તો ગૂગળનો ધૂપ કાનમાં આપવો, શ્વાસના રોગમાં ગૂગળ ઘી સાથે આપવું, ઍસિડિટીમાં ગૂગળનો પ્રયોગ, વ્રણમાં ગૂગળ ઘી સાથે લેવું, ભગંદરમાં ત્રિફળા કવાથ સાથે ગૂગળનું સેવન, ગૂગળ લોહીમાં લ્યૂકોસાઈડ્સની સંખ્યા વધારે છે, ગૂગળ ગર્ભાશયની પણ ઉત્તેજના કરે છે અને રજોસ્રાવની વૃદ્ધિ કરે છે, ગૂગળના પ્રયોગની કોઈ આડઅસર નોંધાઈ નથી, ગૂગળ લોહીમાં શ્વેતકણોની સંખ્યા વધારે છે.

યોગરાજ ગૂગળ, કેશોગૂગળ, ત્રિફળા ગુગ્ગુલુ, ગોક્ષુરાદિ ગૂગ્ગુલુ, કાંચનાર ગૂગ્ગુલુ આદિ ગૂગળમાંથી બનતી દવાઓ છે.

('પરીસર'માંથી)- ડી.એમ.નાયક

એકલ પાંખ ઉડાય ના, એકલ નહીં હસાય;
એકલ રવિ નભ સંચરે, એની ભડકે સળગે કાય.

— સ્નેહરશ્મિ

યુસુફ કાર્શ નામના એક પ્રસિદ્ધ ફોટોગ્રાફર હેલન કેલરનો ફોટોગ્રાફ લેવા ગયા. ફોટોગ્રાફ લેવાઈ ગયો એટલે એમણે હેલન કેલર પાસેથી કાંઈ સંદેશ માગ્યો. પ્રજ્ઞાચક્ષુ હેલન કેલરે કહ્યું : 'હું ઇચ્છું છું કે જગતભરના માણસો સૂર્યોદયને તેમની જિંદગીનો મુદ્રાલેખ બનાવે અને સંધ્યાને ભૂલી જાય.' હેલને પોતે અંધ હોવા છતાં સૂર્યોદય માણ્યો છે અને બહેરાં હોવા છતાં જગતનું સંગીત સાંભળ્યું છે.


*

મિસ યુનિવર્સનો ખિતાબ મેળવનારી લારા દત્તે એઇડ્ઝના રોગ સામે લોક-જાગૃતિ કેળવવા માટે વિશ્વભ્રમણ કર્યું છે એટલું જ નહિ, પણ જન્મથી એચ. આઈ. વી.થી પીડિત બાળકો તથા કેફી દ્રવ્યોના બંધાણીઓને ઉગારતી 'હેલ હાઉસ' સંસ્થામાં એણે ગુડવિલ ઍમ્બૅસેડર તરીકે કામ કર્યું છે.

*

રતાંધળાપણામાં કારેલાંના રસમાં મરી ઘસી તેનું સાયંકાળે અંજન કરવાથી થોડા દિવસમાં જ ફાયદો થાય છે.

*



માપનું ચિત્ર, આકારમાં 'માપનું' શબ્દ (મહેબૂબ દેસાઈ)

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपुः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

આળસ માણસના શરીરમાં રહેલો મહાશત્રુ છે. સૂતેલા સિંહના મુખમાં હરણાં આપમેળે પ્રવેશતાં નથી.

પ્રકાશ શૂન્યાવકાશમાં એક સેકન્ડના ૨,૯૭,૬૦૦ કિ.મી.ની ઝડપે ધસમસે છે. હવા, પાણી, કાચ વગેરેની આરપાર નીકળતી વખતે એની ઝડપ ઘટી જાય છે. નક્કર કાચમાં દોડતા પ્રકાશની ઝડપ એક સૅકન્ડના ૧,૯૫,૨૦૦ કિલોમીટર થઈ જાય છે. એટલે ઝડપ લગભગ એક લાખ કિ.મી. ઘટી જાય છે.

*

ગણિતગમ્મત

૩૭ x ૬૦ = ૨૨૨૦;	૩૭ x ૦૬ = ૦૨૨૨
૩૭ x ૬૯ = ૨૫૫૩;	૩૭ x ૯૬ = ૩૫૫૨
૩૭ x ૭૨ = ૨૬૬૪;	૩૭ x ૧૨૬ = ૪૬૬૨
૩૭ x ૭૫ = ૨૭૭૫;	૩૭ x ૧૫૬ = ૫૭૭૨
૩૭ x ૭૮ = ૨૮૮૬;	૩૭ x ૧૮૬ = ૬૮૮૨
૩૭ x ૮૧ = ૨૯૯૭;	૩૭ x ૨૧૬ = ૭૯૯૨

ઉપર પહેલી કૉલમમાં ગુણાકારના આંકડામાં પહેલો અંક ૨ જ રહે છે અને પહેલા અને છેલ્લા અંકોનો સરવાળો વચ્ચેના અંકો બરાબર જ આવે છે તેની નોંધ લો. આ કોઠામાં ૩૭ x ૬૩ તથા ૩૯ x ૬૬ ની રકમો શા માટે બાકાત રાખવામાં આવી છે તેનું કારણ શોધી કાઢો. *-નૌતમભાઈ વખારિયા*

*

જગતનું સૌથી પહેલું વર્તમાનપત્ર ઈ. ૧૬૫૦માં જર્મનીના લાઈપઝિગ શહેરમાં છપાયું હતું.

*

સ્વીડનમાં દર હજાર માણસે ૫૩૪ લોકો છાપાં વાંચે છે. જપાનમાં દર હજારે ૫૧૧ અને આઈસલૅન્ડમાં ૪૪૮ લોકો છાપાં વાંચે છે.

*



સ્વાર્થનું ગણિત (રેખાંકન : ઇન્દ્રદેવ આચાર્ય)

'મારે મારી પત્ની જોડે જીભાજોડી થતી જ નથી....'

'સરસ! બહુ સરળ સ્વભાવની હશે?'

'ના, તે અંગ્રેજી માધ્યમમાં ભણેલી છે.'

*

મૂળ દિલ્હીની ફૅશન ડિઝાઈનર લોરેન ચોપડાએ કરેલાં વસ્ત્રોમાં આધ્યાત્મિકપ્રતીકો મૂકવાનો પ્રયોગ કર્યો છે અને તેથી એણે તાજેતરમાં તૈયાર કરેલા પોશાકો ઉપર શિવલિંગ, ઊર્જાચક્ર, દેવીદેવતા, નાગ અને ચક્ર જેવાં પ્રતીક ધરાવતા ચાલીસ પોશાક તૈયાર કર્યા છે, જેની કિંમત રૂ. ૮૫૦ થી માંડીને રૂ. ૮,૫૦૦ સુધીની છે.

*

અમેરિકાના ટૅક્સાસ પ્રાંતમાં આવેલા હ્યુસ્ટન શહેરમાં કોઈ થીએટરમાં ઊંઘવું એ ગેરકાયદેસર કૃત્ય ગણાય છે.

*

રૂમાનિયામાં કોઈ છોકરી પરણવા યોગ્ય ઉંમરની થઈ ગઈ હોય ત્યારે તેના ઘરની ભીંતે ફૂલ ચિતરવામાં આવે છે.

*



કૅલિગ્રાફિક્સ : મુઘલકાલીન ૧૭મી સદીની પાંડુલિપિમાં જોવા મળતો એક છોડ